CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૩ નવેમ્બર ૨૦૨૩, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૭૯, આસો વદ છઠ
વર્ષ : ૧૫
અંક : ૯૯
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### યુકેમાં યોજાયેલી એઆઈ સેફ્ટી સમિટમાં ભારત સહિત ૨૮ દેશ હાજર રહ્યા

## એઆઈના જોખમોના આકલન માટે એક થઈને કામ કરવા પર ૨૮ દેશ સહમત

। લંડન, તા.૨ ।

વિશ્વભરમાં જોરશોરથી ચાલી રહેલી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ની ચર્ચાઓ વચ્ચે આજે ૨૭ દેશોએ એક થઈને એઆઈમામલે વાંધો ઉઠાવ્યો છે. આજે યુનાઈટેડ કિંગ્ડમમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી થતા જોખમો મામલો મહત્વની બેઠક યોજાઈ હતી, જેમાં ભારત સહિત ૨૭ અન્ય દેશો અને યૂરોપીય સંઘે એઆઈથી થતા જોખમોનું આંકલન કરવા એક થઈને કામ કરવાની સમજુતી પર હસ્તાક્ષર કર્યા છે.

યુકેમાં યોજાયેલી એઆઈ સેફ્ટી સમિટમાં ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચિલી, ફ્રાન્સ, જર્મની, ભારત, ઈન્ડોનેશિયા, આયરલેન્ડ, ઈઝરાયેલ, ઈટાલી, જાપાન, કેન્યા, સાઉદી અરબ, નેધરલેન્ડ, નાઈજીરીયા, ફિલિપાઈન્સ, કોરિયા ગણરાજ્ય, રવાંડા, સિંગાપુર, સ્પેન, સ્વિટ્ઝરલેન્ડ, તુર્કેઈ, યુક્રેન, સંયુક્ત આરબ અમીરાત, ગ્રેટ બ્રિટન અને ઉત્તર આયર્લેન્ડનું યુનાઈટેડ કિંગડમ, સંયુક્ત રાજ્ય અમેરિકા અને યુરોપીય સંઘ સામેલ હતા. અમેરિકા વતી વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસ આ એઆઈ સમિટમાં ઉપસ્થિત રહ્યા હતા. હેરિસે સમિટમાં એલાન કર્યું છે કે, અમેરિકા યુનાઈટેડ સ્ટેટ્સ એઆઈ સેફ્ટી ઈન્સિટયુટ બનાવશે કે જે અમેરિકામાં એઆઈના વિકાસ માટેની ગાઈડલાઈન તૈયાર કરશે. આ ઈન્સિટયુટ એઆઈમાં ટેસ્ટ માટેના માપદંડ નક્કી કરશે અને ભવિષ્યમાં કઈ એઆઈ સિસ્ટમ્સ ખતરનાક સાબિત થઈ શકે છે તેનું મૂલ્યાંકન કરીને એઆઈના ખતરાને ઓછો કરવા માટે પ્રયત્ન કરશે. આ ઈન્સ્ટિટયુટની કામગીરીનો વ્યાપ બહુ મોટો છે અને આ તો સાદી સમજ છે. બાકી એઆઈને લગતી કાયદાકીય બાબતો તથા બીજા મુદ્દા અંગે પણ સરકારી એજન્સીઓને સલાહ અને માર્ગદર્શન આપવાથી માંડીને ખતરનાક લાગે એવી એઆઈ સિસ્ટમ્સને નાથવા સહિતની તમામ જવાબદારી આ સંસ્થાના માથે રહેશે. યુકે સરકાર દ્વારા નિવેદન જાહેર કરાયું છે, જેમાં ધ બૈલેચલે ડિક્લેરેશન શીર્ષકના ઉલ્લેખ સાથે કહેવાયું છે કે, યુરોપીય સંઘ સહિત ૨૮ દેશોના પ્રતિનિધિઓએ હસ્તાક્ષર કર્યા છે. ઉપરાંત એઆઈથી ઉભા થનારા ખતરાઓ અંગે પણ ગંભીર ચેતવણી જારી કરી છે.

### આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ દુનિયામાં ૩૦ કરોડ નોકરીઓનો ભોગ લઈ લેશ




આ રીપોર્ટમાં આગાહી કરેલી કે, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ દુનિયામાં ૩૦ કરોડ નોકરીઓનો ભોગ લઈ લેશે, મતલબ કે ૩૦ કરોડ લોકો બેકાર થઈ જશે. વિશ્વમાં અત્યારે કુલ વર્કફોર્સ ૩૩૮ કરોડ લોકોની છે. મતલબ કે, દુનિયામાં ૩૩૮ કરોડ લોકો જુદાં જુદાં કામો સાથે સંકળાયેલાં છે. આ વર્કફોર્સમાંથી ૩૦ કરોડ એટલે કે લગભગ ૮ ટકા લોકો એઆઈના કારણે બેકાર થઈ જશે એવો દાવો રીપોર્ટમાં કરાયેલો. હાલની નોકરીઓમાથી લગભગ બે તૃતિયાંશ નોકરીઓ ઓછાવત્તા અંશે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત હશે જ્યારે ૨૫ ટકા નોકરીઓ માટે માણસો જ નહીં જોઈએ.



### શમીની ૫ વિકેટ

## ભારતે શ્રીલંકાને ૩૦૨ રને હરાવ્યું

। મુંબઈ, તા.૨ ।

શાનદાર ફોર્મમાં ચાલી રહેલી ટીમ ઈન્ડિયાએ વર્લ્ડ કપમાં શ્રીલંકાને ૩૦૨ રને હરાવ્યું. વર્લ્ડ કપના ઈતિહાસમાં ભારતની આ અત્યાર સુધીની સૌથી મોટી જીત છે. ભારતે ૧૬ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો છે. ભારતની આ વર્લ્ડ કપમાં સતત સાતમી મેચ જીતી છે અને સેમિફાઈનલમાં પોતાનું પ્રથમ સ્થાન મેળવ્યું છે. ભારતના ૭ મેચમાં ૧૪ પોઈન્ટ્સ છે અને ટીમ ટુર્નામેન્ટમાં અજેય છે. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં પ્રથમ બેટિંગ કરતા ભારતે ૮ વિકેટે ૩૫૭ રન બનાવ્યા હતા. બીજી ઈનિંગમાં ભારતીય બોલરોએ શ્રીલંકાને ૧૯.૪ ઓવરમાં ૫૫ રનમાં ઓલઆઉટ કરી દીધું હતું. ટોસ હારીને બેટિંગ કરવા આવ્યા બાદ ટીમ ઈન્ડિયાએ આ વર્લ્ડ કપમાં પ્રથમ વખત ૩૫૦ રન બનાવ્યા હતા. ભારત તરફથી શુભમન ગિલે ૯૨ બોલમાં ૯૨ રન, વિરાટ કોહલીએ ૯૪ બોલમાં ૮૮ રન અને શ્રેયસ અય્યરે ૫૬ બોલમાં ૮૨ રન બનાવ્યા હતા.

### ચૂંટણી પહેલા સરકાર માટે ચિંતાના સમાચાર!

## ઓક્ટોબરમાં બેરોજગારી બે વર્ષની સર્વોચ્ચ સપાટીએ પહોંચી

। નવી દિલ્હી, તા.૨ ।

આ મહિને યોજાનારી ૫ રાજ્યોની વિધાનસભાની ચૂંટણી પહેલા કેન્દ્ર સરકાર માટે એક ખરાબ સમાચાર આવ્યા છે. પ્રાઈવેટ રિસર્ચ ફર્મ CMIE એ દાવો કર્યો છે કે ભારતમાં બેરોજગારી ઓક્ટોબર ૨૦૨૩માં ૨ વર્ષમાં સૌથી વધુ સ્તરે પહોંચી ગઈ છે. દેશના ગ્રામીણ વિસ્તારોમાં બેરોજગારી વધુ વધી છે. જેની અસર એકંદર બેરોજગારી દર પર દેખાઈ રહી છે. બિઝનેસ સ્ટાન્ડર્ડમાં પ્રકાશિત રિપોર્ટ અનુસાર સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી લિમિટેડે તેના ડેટા દ્વારા માહિતી આપી છે કે ઓક્ટોબરમાં બેરોજગારીનો દર ૧૦.૦૫ ટકા પર પહોંચી ગયો છે. જ્યારે સપ્ટેમ્બર, ૨૦૨૩માં બેરોજગારીનો દર ૭.૦૯ ટકાની આસપાસ હતો. નોંધનીય છે કે ઓક્ટોબરમાં બેરોજગારીનો દર મે ૨૦૨૧ પછી સૌથી વધુ થઈ ગયો છે. તેના ગ્રામીણ વિસ્તારોમાં બેરોજગારીનો દર ૬.૨૦ ટકાથી વધીને ૧૦.૮૨ ટકા થયો છે. તે જ સમયે, શહેરોમાં નવી નોકરીઓ આવવાના કારણે, આ દર ઘટીને ૮.૪૪ ટકા થઈ ગયો છે.

### ભારત સરકારે દેશમાં આ વસ્તુઓની કિંમતોને નિયંત્રિત કરવા માટે ઘણા નિયંત્રણો લાધા છે



આ વર્ષે ચોમાસાની બગડતી પ્રકૃતિને કારણે ખાંડ, ચોખા અને ઘઉં જેવી અનેક ચીજવસ્તુઓના પાકને પ્રતિકૂળ અસર થઈ છે. આ કારણે, ભારત સરકારે દેશમાં આ વસ્તુઓની કિંમતોને નિયંત્રિત કરવા માટે ઘણા નિયંત્રણો લાધા છે. ઓછા ઉત્પાદનને કારણે ગ્રામીણ વિસ્તારોમાં ખેતીની પ્રવૃત્તિઓને અસર થઈ છે. તે જ સમયે, શહેરી વિસ્તારોમાં મેન્યુફેક્ચરિંગમાં તેજી જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં શહેરોમાં નવી નોકરીઓની તકો વધી રહી છે. નોંધનીય છે કે ભારત સરકાર દર વર્ષે બેરોજગારીનો વાર્ષિક ડેટા જાહેર કરે છે. સરકાર દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં દેશમાં બેરોજગારીનો દર ૩.૨ ટકા રહ્યો છે. આ મહિને પાંચ રાજ્યો છત્તીસગઢ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, તેલંગાણા અને મિઝોરમમાં વિધાનસભાની ચૂંટણી છે. આવી સ્થિતિમાં ચૂંટણી પહેલા બેરોજગારીના આ આંકડા સરકારની ચિંતા વધારી શકે છે. નોંધનીય બાબત એ છે કે નિષ્ણાતોના મતે ભારતનો જીડીપી ૬ ટકાના દરે વધવાની સંભાવના છે, પરંતુ તેમ છતાં તે ગતિએ યુવાનો માટે નવી નોકરીઓનું સર્જન થઈ રહ્યું નથી. આવી સ્થિતિમાં આગામી ચૂંટણીમાં આ એક મોટો મુદ્દો બની શકે છે. અગાઉ, દેશમાં મોટા પાયે યુવાનોને રોજગાર પ્રદાન કરતી ઇન્ફોસિસ અને વેપ્રો જેવી કંપનીઓએ આ વર્ષે નવી ભરતીની પ્રક્રિયા બંધ કરવાનું કહ્યું હતું. આવી સ્થિતિમાં કોલેજમાંથી પાસ આઉટ થયેલા હજારો નવા એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓ માટે નોકરીનું સંકટ ઊભું થયું છે.

### દિલ્હી એક્સાઈઝ કૌભાંડ મામલે ઈડીની કાર્યવાહી

## દિલ્હીના મંત્રી રાજકુમાર આનંદના ઘરે ઈડીના દરોડા

। નવી દિલ્હી, તા.૨ ।



દિલ્હી એક્સાઈઝ કૌભાંડ મામલે આમ આદમી પાર્ટીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની આજે ઈડી પૂછપરછ કરવાની છે ત્યારે દિલ્હીમાં જ કેજરીવાલ સરકારમાં મંત્રીના ઘરે ઈડીની ટીમ દરોડા પાડવા પહોંચી ગઈ છે જેના લીધે કેજરીવાલ સરકારની મુશ્કેલીમાં વધારો થયો છે. અહેવાલ અનુસાર દિલ્હી સરકારમાં મંત્રી રાજકુમાર આનંદના સિવિલ લાયન્સ વિસ્તારમાં આવેલા નિવાસે ઈડી દરોડાની કાર્યવાહી કરી રહી છે. તેમની સાથે સંકળાયેલા ડઝનથી વધુ ઠેકાણે દરોડા પડાયા હતા. ઈડીની ટીમ સવારથી તપાસ અભિયાન ચલાવી રહી છે. કુલ એક ડઝનથી વધુ ઠેકાણે દરોડાની કાર્યવાહી થઈ રહી હોવાની માહિતી મળી રહી છે. જોકે કયા કેસમાં આ દરોડાની કાર્યવાહી કરવામાં આવી રહી છે તેની કોઈ માહિતી આપવામાં આવી નથી.

### મરાઠા અનામત આંદોલનને લઇને પોલીસ એક્શનમાં

## હિંસા ભડકાવવાના આરોપમાં ૨૭૦થી વધુ લોકોની ધરપકડ

### મહારાષ્ટ્રના રાજકારણમાં મરાઠાઓનું જોરદાર વર્ચસ્વ છે

। મુંબઈ, તા.૨ ।

મહારાષ્ટ્રમાં મરાઠા અનામતની માંગને લઈને આંદોલન ચાલી રહ્યું છે. મહારાષ્ટ્ર પોલીસે રાજ્યમાં ચાલી રહેલા આંદોલનને ઉશ્કેરવા બદલ મોટી સંખ્યામાં આંદોલનકારીઓ વિરુદ્ધ કેસ નોંધ્યો છે અને તેમની ધરપકડ કરી છે. મરાઠા આંદોલનકારીઓ સામે કેસ નોંધવા અંગે બુધવારે પ્રેસ કોન્ફરન્સમાં મીડિયાને માહિતી આપતી વખતે, મહારાષ્ટ્રના ડીજીપી રજનીશ સેઠે કહ્યું કે "મરાઠા અનામતને લઈને સમગ્ર રાજ્યમાં પ્રદર્શનો થયા હતા. પ્રદર્શન દરમિયાન કેટલાક દેખાવો હિંસક પણ બન્યા હતા. જેના કારણે રાજ્યની સરકારી મિલકતોને નુકસાન થયું છે. આ મામલામાં મહારાષ્ટ્રના ડીજીપી શેઠે કહ્યું કે ૨૯-૩૧ ઓક્ટોબરની વચ્ચે સંભાજી નગરમાં ૫૪ કેસ નોંધાયા હતા અને ૧૦૬ની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે બીડમાં આઈપીસીની કલમ ૩૦૭ હેઠળ ૭ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. આ જિલ્લાઓમાં પ્રતિબંધિત આદેશો લાદવામાં આવ્યા છે અને ઈન્ટરનેટ સેવા અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી છે.




સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743




આણંદ જિલ્લાના તમામ તાલુકાઓમાં માનદ પત્રકાર નિમવાના છે સંપર્ક કરો



મનિષ પ્રજાપતિ
મો.88493 69594



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN
CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

LIVE
cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

CMYK

# સૌરાષ્ટ્રમાં રાશનની દુકાનમાં નહી મળે સસ્તુ અનાજ

## અમરેલીમાં દિવાળીના તહેવારો પર જ સસ્તા અનાજની દુકાનો બંધ થઇ ગઇ છે, અમરેલી જિલ્લાના ૫૭૨ જેટલા દુકાનદારો પણ હડતાળમાં જોડાયા હતા

। અમદાવાદ, તા.૨ ।

આજથી રાજ્યમાં સસ્તા અનાજના ૧૭ હજાર દુકાનદારોની હડતાળ પર ઉતર્યા હતા. મળતી જાણકારી અનુસાર, રાજ્યના ગરીબોની દિવાળી બગડી શકે છે. ભૂપેન્દ્ર પટેલ સરકારે વચન ન પાળતા આખરે સસ્તા અનાજના દુકાનદારો હડતાળ પર ઉતર્યા છે. દુકાનદારોની અચોક્કસ મુદતની હડતાળના કારણે દિવાળી સમયે ગરીબ અને મધ્યમવર્ગના લોકોને રાશનથી વંચિત રહેવું પડે તેવી સ્થિતિ સર્જાઇ છે.

સસ્તા અનાજના દુકાનદારોનો દાવો છે કે આ પહેલા અસરકાર આંદોલન કરવામાં આવ્યું હતુ ત્યારે સરકારે વચન આપ્યું હતું કે ત્રણસોથી ઓછા રાશન કાર્ડ હશે તે દુકાનદારને મહિને વીસ હજાર રુપિયા આપવામાં આવશે. જો કે હજુ સુધી સરકારે આ વચન પૂર્ણ કર્યું નથી. આ જ પ્રમાણે અનાજની ઘટ સમસ્યા મુદ્દે પણ અનેક વાર રજૂઆત કરવામાં આવી હતી. એક



બોરીએ ત્રણથી ચાર કિલો અનાજની ઘટ પડી રહી છે જેના પરિણામે દુકાનદારોને આર્થિક ખોટનો સામનો કરવો પડી રહ્યો છે. દુકાનદારોને કમિશનની આવક થઇ રહી નથી અને પોતાના ખિસ્સામાંથી દુકાનદારોએ રૂપિયા આપવા પડે છે. નિયમિત રીતે અનાજનો જથ્થો પણ મળતો નથી. એટલું જ નહીં ડિજિટલાઈઝેશનના કારણે અનેક જગ્યાએ સર્વરના પણ ઠેકાણા હોતા નથી. દરરોજ સર્વર ખોટકાય જવાની ઘટના બનતી રહે છે ત્યારે રાશન કાર્ડ ધારકો અને દુકાનદારો વચ્ચે ઝઘડા પણ થાય છે. ત્યા આ તમામ સમસ્યાનો સરકાર ઉકેલ લાવે તેવી માંગ સાથે સરકાર સામે દુકાનદારોએ બાંયો ચઢાવી હતી. અમરેલીમાં દિવાળીના તહેવારો પર જ સસ્તા અનાજની દુકાનો બંધ થઈ ગઈ છે.

અમરેલી જિલ્લાના ૫૭૨ જેટલા દુકાનદારો પણ હડતાળમાં જોડાયા હતા. દુકાનદારો ની પડતર માંગણીઓ નહી સંતોષાતાં આખરે હડતાળ પર ઉતર્યા હતા. જિલ્લાના દુકાનદારો હડતાલ પર ઉતરતા આંગણવાડી અને મધ્યાહન ભોજન કેન્દ્રો પર અસર પડી શકે છે. સુરેન્દ્રનગર જિલ્લામાં પણ સસ્તા અનાજના દુકાનદારો હડતાળ પર ઉતર્યા હતા. અનાજનો જથ્થો સમયસર અને પૂરતો આપવો, રૂપિયા ૨૦૦૦૦ કમિશન ખાતામાં સમયસર જમા કરવું. ફિંગરપ્રિન્ટ નહિ આવતા રેશનકાર્ડ ધારકો સાથે ઘર્ષણ ન થાય તે માટે સર્વરની ખામી દૂર થાય સહિતની માંગો પુરી ન થતા આજથી હડતાળમાં જોડાયા હતા. સુરેન્દ્રનગર શહેરી વિસ્તારની અંદાજે ૧૫૦ થી વધુ અને જિલ્લાની ૫૦૦ થી વધુ સસ્તા અનાજની દુકાનદારો હડતાળમાં જોડાયા હતા.

સસ્તા અનાજની ૫૩૬ દુકાનો આજથી બંધ રહેશે. સસ્તા અનાજની દુકાનદારોની હડતાળને પગલે રેશનકાર્ડ ધારકોને દિવાળી ટાણે જ અનાજ નહિ મળતાં રોષ ફેલાયો હતો. રાજકોટ જિલ્લાની જેતપુર તાલુકા ની તમામ સસ્તા અનાજની દુકાનના માલિકો હડતાલમા જોડાયા હતા. જેતપુરની ૭૫ જેટલી સસ્તા અનાજની દુકાનોના માલિક પડતર માંગણીને લઈ હડતાલ ઉપર ઉતર્યા છે. ૨૦ હજાર પગારની માંગણી સાથે જેતપુરના ૭૫ સસ્તા અનાજની દુકાનોના માલિકો હડતાલ ઉપર ઉતર્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### કાંકરિયા વિસ્તારમાં ગુજરાતી શાળા નંબર ૪માં આગ લાગી

। અમદાવાદ, તા.૨ ।

કાંકરિયા વિસ્તારમાં આગ લાગવાની ઘટનામાં કારણે સ્કૂલનો મોટાભાગનો સામાન બળીને ખાખ થઈ ગયો છે. આગ લાગવાને લઈ સ્કૂલ પ્રશાસન દ્વારા કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં અરજી કરાઈ છે. સ્કૂલમાં અસામાજિક તત્વો દ્વારા આગ લગાવવામાં આવ્યાની ભીતિ છે, તેમજ કમ્પાઉન્ડમાં બાળકો ફટાકડા ફોડતા આગ લાગ્યાનું પણ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. અમદાવાદના કાંકરિયા વિસ્તારમાં બુધવારે AMCની સ્કૂલમાં આગ લાગવાની ઘટના બની હતી. પારસી અગીયારી પાસે આવેલી ગુજરાતી શાળા નંબર ૪માં ગઈકાલે સાંજે આગ લાગી હતી. બનાવની જાણ થતાં જ ત્યાં પહોંચેલી ફાયર બ્રિગેડે આગ પર કાબૂ મેળવ્યો હતો. જો કે શાળા બંધ હોવાને લઈને કોઈ જાનહાની થઈ નહોતી. કાંકરિયા વિસ્તારમાં આગ લાગવાની ઘટનામાં કારણે સ્કૂલનો મોટાભાગનો સામાન બળીને ખાખ થઈ ગયો છે. આગ લાગવાને લઈ સ્કૂલ પ્રશાસન દ્વારા કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં અરજી કરાઈ છે.

### વલસાડ જિલ્લામાં કોરોના વાયરસનો કેસ નોંધાયો

। અમદાવાદ, તા.૨ ।

વલસાડમાં ફરી એકવાર કોરોનાની એન્ટ્રી થઈ છે. મળતી જાણકારી અનુસાર, વલસાડ સિવિલ હોસ્પિટલમાં કોરોના પોઝિટિવ દર્દીને સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. નવસારીના રૂમલાના એક દર્દીનો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. દર્દીને સારવાર માટે પ્રથમ વલસાડની કસ્તુરબા હોસ્પિટલ અને ત્યાર બાદ વલસાડ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામા આવ્યો હતો. વલસાડ સિવિલ હોસ્પિટલમાં પાંચ મહિના બાદ કોરોના પોઝિટિવ દર્દી દાખલ થતા સિવિલ હોસ્પિટલ અને વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગ દોડતું થયું હતું. બીજી તરફ રાજકોટમાં રોગચાળાએ માઝા મૂકી છે, ફરી એકવાર શહેરમાં ઠેર ઠેર ડેન્ગ્યૂથી લઈને ચિકનગુનિયા અને વાયરલ ફિવરના દર્દીઓ જોવા મળી રહ્યાં છે. ગયા છેલ્લા એક અઠવાડિયાથી રોગચાળાની સ્થિતિમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે, જેના તંત્રની ઊંઘ ઉડી ગઇ છે. રાજકોટ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી રોગચાળાનું પ્રમાણ સતત વધી રહ્યું છે. એક અઠવાડિયામાં શહેરની સરકારી હૉસ્પિટલોમાં નોંધાયેલા રોગચાળાના આંકડાએ તંત્રને દોડતુ કરી દીધુ છે.

### નવેમ્બર મહિનાની શરૂઆત થઇ ચૂકી છે

## હિમવર્ષાની આગાહીને પગલે ગુજરાતનું હવામાન પલટાશે?

। અમદાવાદ, તા.૨ ।



નવેમ્બર મહિનાની શરૂઆત થઈ ચૂકી છે. રાજ્યમાં બેવડી ઋતુ અનુભવાઈ રહી છે. રાત્રે ઠંડી અને દિવસે ગરમીનો અનુભવ થાય છે. મિશ્ર ઋતુના લીધે રોગચાળાએ પણ માથું ઊચક્યું છે. હવે ઠંડી ક્યારે પડશે? તે અંગે ચર્ચા થઈ રહી છે, ત્યારે હવામાન વિભાગ અને હવામાન નિષ્ણાત શું અનુમાન લગાવી રહ્યા છે તે જાણવું પણ મહત્વનું બની જાય છે. હળવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે પહાડોમાં હવામાનનો ટ્રેન્ડ બદલાવા જઈ રહ્યો છે. જેના કારણે ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરના ઊંચાઈવાળા વિસ્તારોમાં હળવો વરસાદ અથવા હિમવર્ષા થવાની સંભાવના છે. તેની અસર મેદાની વિસ્તારોમાં સ્પષ્ટપણે જોવા મળશે. ખાસ કરીને દિલ્હી-NCRના વિસ્તારોમાં ઠંડી ઝડપ થી વધશે. હવામાન વિભાગે કહ્યું કે આ અઠવાડિયે દિલ્હી-NCRમાં લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. ઉત્તર પર્વતીય વિસ્તારોમાં હિમવર્ષાની સંભાવના છે, ત્યારે ગુજરાતનું હવામાન કેવું રહેશે અને ક્યારે ઠંડી પડશે?

## દેશમાં સૌથી વધુ અબજોપતિ મુંબઈમાં, અમદાવાદ ચોથા ક્રમે

### ફોર્બ્સ ઈન્ડિયા રિચ લિસ્ટ પ્રમાણે કોઈમ્બતુર અને હરિદ્વાર જેવા નાના શહેરોમાંથી પણ કેટલાંય અબજોપતિઓ ઉભરી આવ્યા

। અમદાવાદ, તા.૨ ।

ફોર્બ્સે દેશના ૧૦૦ સૌથી વધુ ધનિક લોકોની લિસ્ટ અને તેમના નિવાસ સ્થાન વિશે જાણકારી શેર કરી છે. તે મુજબ ભારતની આર્થિક રાજધાની મુંબઈ અબજોપતિઓની સંખ્યાના મામલે ટોપ પર છે.

ભારતના અબજોપતિની વાત કરીએ તો મુંબઈ અને દિલ્હી ઉદ્યોગપતિઓ માટે ટોચના શહેર છે. ત્યારે બીજી તરફ કોઈમ્બતુર અને હરિદ્વાર જેવા નાના શહેરોમાંથી પણ કેટલાંય અબજોપતિઓ ઉભરી આવ્યા છે.

ભારતની આર્થિક રાજધાની મુંબઈમાં ભારતીય અબજોપતિઓની સંખ્યા સૌથી વધુ છે. ફોર્બ્સ ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૩ પ્રમાણે ટોપના ૧૦૦ ધનિકોમાંથી ૩૩ અબજોપતિઓ મુંબઈમાં રહે છે. મુંબઈમાં મુકેશ અંબાણી, કુમાર મંગલમ બિડલા, રાધાકિશન દમાની, દિલીપ સાંઘવી અને બજાજ ફેમિલી જેવા બિઝનેસ ટાયકૂનના ઘર છે. મુંબઈ બાદ બીજા નંબર પર રાજધાની દિલ્હીનું નામ આવે છે. રાજધાની દિલ્હીએ લાંબા સમયથી દેશના ધનિક લોકોને આકર્ષિત કર્યા છે. દિલ્હીમાં અબજોપતિઓની સંખ્યા ૨૦ છે. દિલ્હીમાં સાવિત્રી ઝિંદલ, સુનીલ મિત્તલ, શિવ નાદર, કેપી સિંહ જેવા દિગ્ગજો રહે છે.

સિલિકોન વેલી એટલે કે, બેંગલુરુ ૧૦ અબજોપતિઓની સાથે ત્રીજા નંબર પર છે. બેંગલુરુમાં અઝીમ પ્રેમજી, એનઆર નારાયણ મૂર્તિ, નંદન નીલેકણિ જેવા આઈટી ઉદ્યોગના દિગ્ગજ અબજોપતિઓ રહે છે. સાત અબજોપતિઓની સાથે અમદાવાદ ચોથા નંબર પર છે. અમદાવાદ ભારતના સૌથી મોટા ઉત્પાદન કેન્દ્રોમાંનું એક છે. અમદાવાદના મોટાભાગના અબજોપતિઓના મૂળ મેન્યુફેક્ચરિંગ બિઝનેસમાં છે.

### જૂનાગઢમાં દબાણ હટાવ કામગીરીને લઈ નાના વેપારીઓમાં રોષ

। જૂનાગઢ, તા.૨ ।

જૂનાગઢમાં રસ્તા પર દબાણ દૂર કરવાની કામગીરી શરુ કરવામાં આવી છે. દિવાળીના તહેવારો પહેલા જ જૂનાગઢ કોર્પોરેશન દ્વારા બુલડોઝર ફેરવવાની કાર્યવાહી શરુ કરવામાં આવી છે. શહેરના તમામ મુખ્ય માર્ગો પરથી દબાણ દૂર કરવા માટેની કાર્યવાહી કરવામાં આવી છે. આમ તહેવારોના સમયે જ આ રીતે દબાણ દૂર કરવાની કાર્યવાહી શરુ કરવામાં આવતા નાના વેપારીઓએ પાલિકાની સામે રોષ ઠાલવ્યો છે. શહેરમાંથી નાના વેપારીઓના દબાણ સહિત લારી અને ગલ્લાઓ પણ દૂર કરવામાં આવ્યા છે. જેને લઈ નાના ધંધાર્થીઓને સામી દિવાળીએ રોજગારીની સમસ્યા સર્જાઈ ગઈ છે.

### જૂનાગઢથી કંઈક અલગ જ કિસ્સો સામે આવ્યો

## જૂનાગઢ જેલમાં બંધ રહેલા કેદીની પાસેથી છેતરપિંડી આચર્યાનુ સામે આવ્યુ

। જૂનાગઢ, તા.૨ ।

જૂનાગઢ જેલમાં બંધ રહેલા કેદીની પાસેથી છેતરપિંડી આચર્યાનુ સામે આવ્યુ છે. કેદીને મળવાથી લઈને જેલમાં બંધ રહેલા આરોપીને સારી સુવિધા કેદમાં રહેવાને લઈ માંગણી કરવામાં આવી હતી. જેલમાં કેદીને સુવિધાઓ કરી આપવાના અને મળવાને લઈ જેલ અધિક્ષકના નામે આ રુપિયા પડાવવામાં આવ્યા હતા. જેને લઈ મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. પોલીસે સાયબર ફ્રોડનો ગુનો નોંધીને તપાસ શરુ કરી છે. જૂનાગઢથી કંઈક અલગ જ કિસ્સો સામે આવ્યો છે. એક ઠગે જબરો કિમીયો અપનાવ્યો હોવાને લઈ મામલો ચર્ચામાં છવાયો છે. એક આરોપી હાલમાં જૂનાગઢની જેલમાં બંધ હોવા દરમિયાન તેમના પરિવારજનો પર એક ફોન કોલ આવ્યો હતો. તેણે તેમના પરિવારજન જેલમાં હોવાની વાત કરી હતી. તેણે જેલમાં તેમના પરિવારજનને સારી સુવિધા અપાવવી હોય તો આ માટે પૈસાની માંગ કરી હતી. ગઠીયાએ કેદીના પરિવારને અજાણ્યા નંબરથી ફોન કરીને જૂનાગઢ જેલના અધિક્ષકના નામે પૈસા માંગ્યા હતા. જેલમાં મળવાને બાબત સહિત સારી સુવિધાઓને લઈ ૨૪ હજાર રુપિયાની માંગણી કરી હતી. જે રકમ ઓનલાઈન માંગવામાં આવી હતી. જેને લઈ તેમના પરિવારજનોએ આ રકમ અજાણ્યા નંબરથી આવેલા સંપર્ક આધારે તે રકમને ટ્રાન્સફર કરી હતી.

### ગોધરાના ૨૬ વર્ષીય યુવકનું હાર્ટઅટેકથી મોત થયું હતું

## છેલ્લા પંદર દિવસમાં હાર્ટ અટેકના કારણે ૨૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યો

। ગાંધીનગર, તા.૨ ।

રાજ્યમાં છેલ્લા થોડા દિવસોથી યુવાનોમાં હાર્ટએટેકથી મોતના કિસ્સા વધી રહ્યા છે. છેલ્લા ૧૫ દિવસમાં રાજ્યમાં હાર્ટ અટેકના કારણે ૨૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યો હતો. સુરત, રાજકોટ અને અમદાવાદ જેવા શહેરોમાં પણ યુવાઓનું હાર્ટ અટેકના કારણે મોત થયાની ઘટનાઓ વધી છે. ગઈકાલે પંચમહાલના ગોધરાના ૨૬ વર્ષીય યુવકનું હાર્ટએટેકથી મોત થયું હતું. તોફિક સાદિક મિયા મલેક તિજોરીવાલા નામના યુવકને છાતીમાં દુખાવો ઉપડતાં ખાનગી હોસ્પિટલ સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો જ્યાં તબીબે મૃત જાહેર કર્યો હતો. સુરત શહેરમાં પાંડેસરા વિસ્તારમા ૩૫ વર્ષીય યુવાનનું ફોન પર વાતો કરતાં કરતાં હાર્ટ એટેકથી મોત થયુ હતું. મૃતક યુવાન સિક્યૂરિટી ગાર્ડ તરીકે નોકરી કરીને પોતાના ઘરનું ગુજરાન ચલાવતો હતો. ૩૫ વર્ષીય મૃતકનુ નામ પવન ગંગાવિષ્ણું ઠાકુર હતુ અને તે મૂળ બિહારનો વતની હતો, સુરતમાં હાલ તે પાંડેસરા વિસ્તારમાં આવેલા ગણેશનગરમાં પોતાના પરિવાર સાથે રહેતો હતો. પવન ફોન પર વાત કરતાં હતો તે સમયે અચાનક તે બેભાન થઈ ગયો હતો. જેથી કંપનીના માણસોએ પવનને કારમાં સારવાર માટે નવી સિવિલ હૉસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે પવનને મૃત જાહેર કર્યો હતો.

## વિશેષ

### કેન્સર સામેના જંગમાં પાટીદાર તથા જૈન સમાજની અનુકરણીય પહેલ

# મહિલાઓને જી.જી. હોસ્પિટલ સુધી લાવવાથી લઈ મેમોગ્રાફી સહિતનો તમામ ખર્ચ ઉપાડે છે જૈન યુવક સેવા સંસ્થા

### જામનગર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોની ૧૫૦૦થી વધુ મહિલાઓની મેમોગ્રાફી તપાસ શ્રીખોડલધામ મહિલા સમિતીના માધ્યમથી શક્ય બની

મહિલાઓ સ્તન કેન્સર વિશે જાગૃત બને તેમજ સ્ક્રીનીંગ મેમોગ્રાફી કરાવી કેન્સર સામે રક્ષણ મેળવે તે હેતુથી વૈશ્વિક સ્તરે ઓક્ટોબર માસને ‘‘સ્તન કેન્સર જાગૃતિ માસ’’ તરીકે ઉજવવામાં આવે છે. સ્ત્રીઓમાં ચિંતાજનક રીતે સ્તન કેન્સરનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે જરૂરી બન્યું છે કે મહિલાઓ શરમ અને સંકોચ છોડી સ્ક્રીનીંગ મેમોગ્રાફી કરાવે અને કેન્સરની હાડમારીથી રક્ષણ મેળવે.કેન્સર જાગૃતિ માસની ઉજવણીમાં જામનગરની જૈન તથા પાટીદાર સમાજની સામાજિક સંસ્થાઓએ પ્રેરણાદાય પહેલ આરંભી છે.આ સંસ્થાઓ પોતાના સમાજની બહેનોનું ગૃપ બનાવી તેઓને જામનગરની જી.જી.હોસ્પિટલ સુધી લઈ આવે છે. જ્યાં આ મહિલાઓની સ્ક્રીનીંગ મેમોગ્રાફી કરવામાં આવે છે અને ત્યારબાદ જો કોઈ મહિલામાં કેન્સરના લક્ષણો જણાય તો તેને આગળની સારવારમાં પણ સંસ્થા સંપૂર્ણપણે મદદરૂપ બને છે.આમાંની જૈન સેવા સંસ્થા મહિલાઓને ઘરેથી હોસ્પિટલ સુધી લાવવા લઈ જવા તેમજ મેમોગ્રાફી સહિતનો તમામ ખર્ચ પૂરો પાડે છે.જ્યારે શ્રી ખોડલધામ મહિલા સમિતિ મહિલાઓને હોસ્પિટલ સુધી લાવવા-લઈ જવાનો ખર્ચ ઉપાડી બખૂબી સામાજિક જવાબદારીનું વહન કરે છે. આ અંગે જૈન યુવક સેવા સંસ્થાના રીટા મહેતા જણાવે છે કે જી.જી.હોસ્પિટલમાં તદન નજીવા દરે મેમોગ્રાફી તપાસ કરવામાં આવે છે તે અંગેની અમારી સંસ્થાને જાણ થઈ જેથી સમાજની મહિલાઓ કેન્સરથી બચી શકે તે માટે તેઓને જી.જી. હોસ્પિટલ સુધી લઈ જવાની તેમજ તે અંગેનો તમામ ખર્ચ ઉપાડવાની અમારી સંસ્થાએ તૈયારી બતાવી. આથી સમાજની મહિલાઓ પણ ઉત્સાહભેર મેમોગ્રાફી કરાવવા આગળ આવી અને નિરંતર સંસ્થા દ્વારા ૧૫-૨૦ બહેનોનું ગૃપ બનાવી આ બહેનોની મેમોગ્રાફી કરાવવામાં આવી રહી છે.સંસ્થા દ્વારા ખાસ ઝુંબેશના ભાગરૂપે આ કામગીરી હાથ ધરાઈ છે અને અત્યાર સુધીમાં ૨૦૦ જેટલી મહિલાઓનું મેમોગ્રાફી ચેકઅપ પૂર્ણ થયું છે. રીટાબહેને અન્ય તમામ સમાજોને પણ અપીલ કરતાં જણાવ્યું છે કે તમામ જ્ઞાતિઓ કેન્સર સામેના જંગમાં સહભાગી બને અને સમાજને કેન્સર મુક્ત બનાવવા યથાશક્તિ પ્રયત્નો કરે.

આવી જ અન્ય એક સંસ્થા છે ખોડલધામ મહિલા સમિતિ. આ સંસ્થાએ પણ રેડિયોલોજી વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો.શિલ્પા ચુડાસમાના પરામર્શમાં રહી પાટીદાર સમાજના બહેનોની મેમોગ્રાફી તપાસ કરાવવાનું અભિયાન હાથ ધર્યું છે. સંસ્થાની મહિલાઓએ એક ટીમ બનાવી છે કે જે સમાજના બહેનોને સ્તન કેન્સરના જોખમ અંગે જાગૃત કરી તેઓને મેમોગ્રાફી તપાસ કરાવવા પ્રેરિત કરી સહાયરૂપ બને છે.આ સંસ્થા બહેનોને જી.જી. હોસ્પિટલ સુધી વિનામૂલ્યે મેમોગ્રાફી તપાસ માટે લઈ





આવે છે અને અન્ય તમામ રીતે મદદરૂપ બને છે.હાલ જામનગર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોના ૧૫૦૦થી વધુ મહિલાઓની મેમોગ્રાફી તપાસ આ સંસ્થાના માધ્યમથી શક્ય બની છે. અને જેમાંના બે-ત્રણ બહેનોને કેન્સરનું નિદાન થતાં પ્રાથમિક તબક્કે જ તેઓને સારવાર મળી રહેતા તેઓ હાલ સ્વસ્થ જીવન જીવી રહ્યા છે. જી.જી.હોસ્પિટલનાં ડો.શિલ્પા ચુડાસમા આ અંગે જણાવે છે કે સમાજમાંથી સ્તન કેન્સર નાબુદી માટે તમામ જ્ઞાતિ તથા સામાજિક સંગઠનોએ જાગૃત થવાની જરૂર છે. જી.જી. હોસ્પિટલ ખાતે નજીવા દરે સરળતાથી મેમોગ્રાફીની સુવિધા ઉપલબ્ધ છે ત્યારે જૈન તથા પાટીદાર સમાજની જેમ જ અન્ય સમાજોએ પણ સ્તન કેન્સરથી બચવા મેમોગ્રાફી તપાસને ખાસ અભિયાનના ભાગરૂપે હાથ ધરી પોતાના સમાજના વધુમાં વધુ મહિલાઓ આ તપાસ કરાવે તે માટે આગળ આવવું જોઈએ અને સ્વસ્થ અને મજબૂત સમાજના નિર્માણમાં પોતાનું યોગદાન આપવું જોઈએ.

ન્યૂઝ બ્રિફ

## પાકિસ્તાનનું લાહોર શહેર દુનિયાનુ સૌથી પ્રદૂષિત શહેર છે



। ઈસ્લામાબાદ, તા.૨ ।

આર્થિક બદહાલી સામે ઝઝૂમી રહેલા પાડોશી દેશ પાકિસ્તાનમાં હવે પ્રદૂષણ હાહાકાર મચાવી રહ્યુ છે. પાકિસ્તાનનુ લાહોર શહેર દુનિયાનુ સૌથી પ્રદૂષિત શહેર જાહેર થયા બાદ સરકારે અહીંયા ઈમરજન્સી લગાવવી પડી છે. પાકિસ્તાનના પંજાબ પ્રાંતની સરકારે બુધવારે આખા રાજ્યમાં સ્મોગ ઈમરજન્સી લગાવી દીધી છે. કારણકે આ રાજ્યના મુખ્ય શહેર લાહોરની હવામાં પ્રદૂષણ ખતરનાક સ્તરે પહોંચી ચુકયુ છે . પંજાબ હાઈકોર્ટે કરેલા સૂચન બાદ સરકારે ઈમરજન્સી લગાવી છીએ. આ પહેલા હાઈકોર્ટે પ્રદૂષણને કાબૂમાં લેવામાં સરકારની નિષ્ફળતાની આકરી ઝાટકણી કાઢી હતી અને કહ્યુ હતુ કે, આ કોઈની વ્યક્તિગત સમસ્યા નથી પણ આપણી ભાવી પેઢી માટે ચિંતાનો વિષય છે. સરકારે લાહોર શહેર સાથે શું કર્યુ છે તે જોઈને શરમ આવે છે.

## ઈઝરાયેલથી જોર્ડને પોતાના રાજદૂતને પાછા બોલાવી લીધા



। અમ્માન, તા.૨ ।

ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલના હુમલામાં નાગરિકોના મોતના વિરોધમાં જોર્ડને પોતાના રાજદૂતને પાછા બોલાવી લીધા છે. વિદેશમંત્રી અયમાન અલ-સફાદીએ ઈઝરાયેલથી તેમના રાજદૂત રસન અલ-મજાલીને અમ્માન પાછા ફરવા કહ્યું છે. એક નિવેદન જારી કરીને જોર્ડનના વિદેશ મંત્રીએ કહ્યું કે ગાઝા પર ઈઝરાયેલના ભડકાઉ યુદ્ધને નકારી કાઢવામાં આવે અને તેની આકરી ટીકા થવી જોઈએ. તેમણે ઈઝરાયલ પર મોટો આરોપ મૂકતાં કહ્યું કે ઈઝરાયેલ નિર્દોષ લોકોની હત્યા કરી રહ્યું છે અને ભયાવહ માનવતાવાદી વિનાશનું કારણ બની રહ્યું છે. જોર્ડને ઈઝરાયલના વિદેશ મંત્રાલયને તેના રાજદૂત રોજેલ રાયમેન જેમને જોર્ડનમાં સુરક્ષાના જોખમોને કારણે અસ્થાયી ધોરણે ઈઝરાયેલ પરત બોલાવવામાં આવ્યા હતા.

## હમાસના વધુ એક કમાન્ડરને ઠાર માર્યો, પ્રથમ સુરક્ષા ઘેરો તોડ્યો



। જેરૂસલેમ, તા.૨ ।

ઈઝરાયલી સૈન્યએ દાવો કર્યો છે કે તેણે હમાસના પ્રથમ સુરક્ષા ઘેરાને તોડી નાખ્યો છે અને હવે તેના સૈનિકો ગાઝા શહેર તરફ આગળ વધી રહ્યા છે. આટલું જ નહીં ઈઝરાયલી સૈન્યએ હમાસના વધુ એક કમાન્ડરને ઠાર માર્યાનો પણ દાવો કર્યો છે. હમાસ વિરુદ્ધ ગ્રાઉન્ડ ઓપરેશનમાં ઈઝરાયલના અત્યાર સુધી ૧૬ સૈનિકો મૃત્યુ પામી ગયા છે. ઈઝરાયલના સુરક્ષા દળોના પ્રવક્તા રિયર એડમિરલ ડેનિયલ હગારીએ કહ્યું કે અમે પ્લાનિંગ, સચોટ ગુપ્ત માહિતી અને સંયુક્ત હુમલા સાથે ગાઝા પટ્ટીની ઉત્તરે હમાસના પ્રથમ સુરક્ષા ઘેરાને નષ્ટ કરી દીધો છે.




વારાણસીમાં બુધવારે રાત્રે કેમ્પસમાં એક છોકરીની છેડતી કરવામાં આવી હોવાનો આક્ષેપ કર્યા બાદ વિદ્યાર્થીઓએ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના ડિરેક્ટરની ઓફિસની બહાર વિરોધ પ્રદર્શન કર્યું.

### તમિલનાડુના તિરુનવેલીમાં માનવતાને લજવતી ઘટના

## તમિલનાડુમાં અનુસૂચિત જાતીના બે યુવકને નગ્ન કરી પેશાબ કર્યો

। તિરુનવેલી, તા.૨ ।



તમિલનાડુના તિરુનવેલીમાં માનવતાને લજવતી ઘટના સામે આવી છે. અહીં દલિત સમુદાયના અનુસૂચિત જાતિના બે યુવકો પર કથિતરૂપે હુમલો કરવા અને તેમને નગ્ન કરી તેમના પર પેશાબ કરવાની હચમચાવી મૂકે તેવી ઘટના સામે આવી છે. આ મામલે કુલ ૬ લોકોની ધરપકડ કરી લેવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે આ મામલે ધરપકડ કરાયેલા તમામ લોકો ૨૧ થી ૨૫ વર્ષની વયજૂથના હતા જે ઘટનાના સમયે નશામાં ચૂર હતા. આ તમામ લોકોએ બંને દલિત યુવકોને માર્યા હતા અને તેમને પોતાની જાતિની ઓળખ આપવા મજબૂર કર્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર ૬ લોકોએ જૂથમાં આવીને બંને યુવકોને ઘેરી લીધા હતા અને તેમના પર હુમલો કરી દીધો હતો. આ દરમિયાન આરોપીઓએ તેમના કપડાં ઉતરાવી તેમના પર પેશાબ કર્યો હતો. થાચનાલ્લુર પોલીસે કહ્યું કે બંને દલિત યુવક થમિરાબરાની નદીમાં નહાઈને પાછા આવી રહ્યા હતા. અમે આ મામલે એસસી/એસટી એટ્રોસિટી એક્ટ અને આઈપીસીની વિવિધ કલમો હેઠળ કેસ નોંધ્યો છે.

# ઈઝરાયેલને કાબૂમાં લેવા આર્થિક બહિષ્કારનું મુસ્લિમ દેશોને ઈરાનનું સુચન

### ઈઝરાયેલના અત્યાચારોને રોકવા માટે તમામ દેશોએ ભેગા મળીને લડત આપવી પડશે : અયાતુલ્લા ખામૈની



। તહેરાન, તા.૨ ।

ગાઝા પરના હુમલા રોકવા માટે દુનિયાભરમાંથી થઈ રહેલી અપીલોને હુકરાવી દેનાર ઈઝરાયેલને કાબૂમાં કરવા માટે હવે ઈરાને ઈઝરાયેલનો આર્થિક બહિષ્કાર કરવાનુ સૂચન દુનિયાના મુસ્લિમ દેશોને કર્યુ છે.

ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લા ખામૈનીએ મુસ્લિમ દેશોને કહ્યુ છે કે, ઈઝરાયેલના અત્યાચારોને રોકવા માટે તમામ દેશોએ ભેગા મળીને લડત આપવી પડશે. આ માટે ઈઝરાયેલ પર આર્થિક પ્રતિબંધો લાદવાની જરુર છે. ઈઝરાયેલને ક્રુડ ઓઈલ અને બીજી ચીજો નિકાસ કરવાનુ જો મુસ્લિમ દેશો બંધ કરી દે તો ગાઝામાં હુમલા રોકવા માટે ઈઝરાયેલ દબાણમાં આવી શકે છે.

તેમણએ બુધવારે નેશનલ સ્ટુડન્ટ ડે નિમિત્તે દેશા વિદ્યાર્થીઓ સાથે બેઠક યોજી હતી અને તેમાં મોટાભાગની વાતચીત ઈઝરાયેલ અને હમાસને લગતી જ થઈ હતી. તેમણે કહ્યુ હતુ કે, ગાઝામાં ઈઝરાયેલ ભયાનક જુલ્મ કરી રહ્યુ છે અને આમ છતા પેલેસ્ટાઈનના લોકો જે પ્રકારે ઈઝરાયેલનો પ્રતિકાર કરી રહ્યા છે તે કાબિલે તારિફ છે. ખામૈનીએ કહ્યુ હતુ કે, ગાઝામાં અત્યાચારો રોકવા માટે મુસ્લિમ દેશોએ એક થવુ પડશે.

ઈઝરાયેલના અત્યાચારો રોકવા માટે તેને ઓઈલ આપવાનુ બંધ કરી દો. મુસ્લિમ દેશોએ ઈઝરાયેલનો સંપૂર્ણ પણે આર્થિક બહિષ્કાર કરવો જોઈએ. જે પણ થઈ રહ્યુ છે તેની આકરા શબ્દોમાં નિંદા કરવી જોઈએ અને બાકીના દેશોએ પણ હવે ઈઝરાયેલ સામે આંખ આડા કાન કરવાથી બચવુ જોઈએ. તમામ આંતરરાષ્ટ્રીય મંચો પર ઈઝરાયેલની નિંદા કરવાની જરુર છે.

ઈઝરાયેલ દ્વારા ગાઝા પર થઈ રહેલા બોમ્બમારાની દુનિયાના ઘણા દેશોએ ટીકા કરી છે પણ તેમાં ઈરાન સૌથી મોખરે છે અને તેણે તો ઈઝરાયેલ સામે યુધ્ધમાં કુદવાની પણ ધમકી આપેલી છે.

### સતત ચર્ચામાં રહેતી બોલિવૂડની અભિનેત્રી

## ઉર્વશી રતૌલા ક્રિકેટ રમી, પેડ-ગ્લોઝ પહેરીને વિકેટકિપિંગ કર્યુ

### ઉર્વશીએ કેપ્શનમાં લખ્યું- મારી નવી ફિલ્મની શરૂઆત

। મુંબઈ, તા.૨ ।



બોલીવુડની ફેમસ અભિનેત્રીઓ વિશે ચર્ચા કરવામાં આવે તો તેમાં ઉર્વશી રૌતેલાનું નામ જરૂર સામેલ થાય છે. પોતાના બેબાક અંદાજ માટે ઉર્વશી ખૂબ જાણીતી છે. ક્રિકેટ સાથે ઉર્વશી રૌતેલાનો જૂનો સંબંધ છે, ઘણી વખત ક્રિકેટ સંબંધિત કંઈકને કંઈક ટોપિકને લઈને એક્ટ્રેસ ચર્ચામાં રહે છે. આ દરમિયાન ઉર્વશી રૌતેલાનો એક લેટેસ્ટ વીડિયો સામે આવ્યો છે. જેમાં ઉર્વશી ક્રિકેટ રમતા નજર આવી રહી છે. ઉર્વશી રૌતેલાના આ વીડિયોને લઈને ચાહકો હવે તેમને ટીમ ઈન્ડિયાના વિકેટ કીપર બેટ્સમેન ઋષભ પંતની યાદ અપાવી રહ્યા છે. બુધવારે ઉર્વશી રૌતેલાએ પોતાના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક લેટેસ્ટ વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં વ્હાઈટ ક્રિકેટ કિટ પહેરીને ઉર્વશી મેદાન પર ક્રિકેટ રમતી નજર આવી રહી છે.

આ દરમિયાન એક્ટ્રેસ બેટિંગ પેડ અને ગ્લવ્ઝ પહેરીને વિકેટ કીપિંગ કરતી જોવા મળી રહી છે. ઉર્વશી રૌતેલાએ આ વીડિયોના કેપ્શનમાં લખ્યુ, મારી નવી ફિલ્મની શરૂઆત. આ વીડિયોના કારણે ઉર્વશી રૌતેલાનું નામ એકવાર ફરીથી ચર્ચામાં આવી ગયુ છે અને લોકો તેમને ભારતીય ક્રિકેટ ટીમના વિકેટ કીપર બેટ્સમેન ઋષભ પંતની યાદ અપાવી રહ્યા છે. એક યૂઝરે ઉર્વશીના આ વીડિયો પર કમેન્ટ કરી લખ્યુ છે- પંતની થાળીમાં છિદ્ર, બીજા યૂઝરે લખ્યુ છે. ટીમ ઈન્ડિયામાં ક્યારે રમતી નજર આવશે મેમ. એક અન્યએ લખ્યુ છે- ઋષભ પંત લાઈટ વર્ઝન. આ સિવાય ઘણા યુઝર્સ એવા છે.

### યુવાનોને દર અઠવાડિયે ૭૦ કલાક કામ કરવા સલાહ

## વિશ્વમાં સૌથી વધુ યુએઈના વર્કર એવરેજ પર.૬ કલાક કામ કરે છે

### ભારતમાં સરેરાશ ૪૮ કલાક, ચીનમાં વર્કર એવરેજ ૪૬ કલાક જયારે અમેરિકામાં ૩૭ કલાક કામ કરે છે

। નવી દિલ્હી, તા.૨ ।



ઈન્ફોસીસના સ્થાપક નારાયણ મૂર્તિના નિવેદનને લઈને હોબાળો થયો છે. નારાયણ મૂર્તિએ સલાહ આપી છે કે દેશના યુવાનોએ દર અઠવાડિયે ૭૦ કલાક કામ કરવું જોઈએ, જેથી ભારત ઝડપથી પ્રગતિ કરી શકે. તેમનું માનવું છે કે જયારે દેશનો યુવાન અઠવાડિયામાં ૭૦ કલાક કામ કરશે તો ત્યારે ભારત એવા દેશોની અર્થવ્યવસ્થાની હરોળમાં આવશે કે જેણે છેલ્લા બે-ત્રણ દશકમાં સફળતા મેળવી હોય.

એક પોડકાસ્ટમાં તેમને કહ્યું હતું કે ભારતની કામની ઉત્પાદકતા દુનિયામાં સૌથી ઓછી છે. જયારે આપણી સૌથી વધુ હરિફાઈ ચીન સાથે છે. જેથી યુવાનોએ વધુ કામ કરવું જોઈએ. જો કે તેમના આ નિવેદન પર હોબાળો થયો હતો, જેમાં અમુક લોકો આ વાતથી સહમત છે જયારે અન્ય વર્ગનું કહેવું છે કે આ માટે ૭૦ કલાક કામ કરવું જરૂરી નથી. નારાયણમૂર્તિ એકલા એવા ઉદ્યોગપતિ નથી કે જેઓ વધુ કલાક કામ કરવાની વાત કરે છે. પરંતુ તેમના પહેલા ચીની ઉદ્યોગપતિ અને અલીબાબાના સ્થાપક જેક માએ પણ '૯-૯-૬ રૂલ'ની વાત કરી હતી. જેમાં અઠવાડિયાના ૬ દિવસ સવારે ૯ વાગ્યાથી રાતના ૯ વાગ્યા સુધી કામ કરવું જોઈએ. આમ જોઈએ તો લેબર કોડમાં કામ કરવાની કલાકો નક્કી જ કરેલી છે.

જેમાં દરરોજ ૮ કલાક કામ કરવાનું નક્કી છે એટલે કે એક અઠવાડિયામાં ૪૮ કલાક કામ કરવાનું થયું. અઠવાડિયામાં સૌથી વધુ કામ કરતા લોકોના દેશોમાં ભારત પણ સામેલ છે. ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનના એક રિપોર્ટ મુજબ દુનિયાભરમાં કામના કલાકો ૪૮ જ નક્કી કરવામાં આવ્યા છે. પરંતુ ભૂતાન, કોન્ગો, કતાર, યુએઈ અને ગામ્બિયા જ એવા દેશો છે કે જ્યાં કામ કરવાની કલાકો ભારત કરતા વધુ છે.

## એશિયન પેરા ગેમ્સમાં ગુજરાતના ૬ ખેલાડીએ નવ મેડલ મેળવ્યા



। અમદાવાદ, તા.૨ ।

ભારતીય ખેલાડીઓએ એશિયન પેરા ગેમ્સ૨૦૨૩માં શાનદાર પ્રદર્શન કરતા કુલ ૧૧૧ મેડલ જીત્યા હતા, જેમાં ૨૯ ગોલ્ડ, ૩૧ સિલ્વર અને ૫૧ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. ભારત તરફથી ગુજરાત રાજ્યના ૧૯ ખેલાડીઓએ પ્રતિનિધિત્વ કર્યું હતું. જેમાં ૬ ખેલાડીઓએ ૯ મેડલ મેળવી ગુજરાતનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું છે. એશિયન પેરા ગેમ્સ ૨૦૧૪માં ગુજરાતના ૩ ખેલાડીઓ અને એશિયન પેરા ગેમ્સ ૨૦૧૮માં ગુજરાતના ૯ ખેલાડીઓએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું ત્યારે આ વખતે ગુજરાતના ૧૯ સિતારાઓ ભારતનું પ્રતિનિધિત્વ કરવા ચીન ખાતે ગયા હતા. ગુજરાતના આ ૬ ખેલાડીઓએ રાજ્યનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે ચમકાવ્યું છે. ભારતીય એથ્લીટોએ એશિયન પેરા ગેમ્સ ૨૦૨૩માં ચોથા દિવસ સુધી કુલ ૮૨ મેડલ જીત્યા હતા.

### ફેડરલ ઓપન માર્કેટ કમિટીના સભ્યોનો નિર્ણય

## ફેડરલ રિઝર્વે કોઈ પણ ફેરફાર વિના વ્યાજદરો જાળવી રાખ્યા હતા

### વ્યાજદરોને૫.૨૫-૫.૫૦ ટકાનીવચ્ચેરાખવાનિર્ણય : આવ્યાજદરો પહેલાંથી જ અમેરિકાના ઈતિહાસમાં ૨૨ વર્ષોના નીચલા સ્તરે છે

। વોશિંગ્ટન, તા.૨ ।

અમેરિકાની કેન્દ્રીય બેંક ફેડરલ રિઝર્વે સતત બીજી એફઓએમસીબેઠકમાં વ્યાજદરોને કોઈપણ પ્રકારના ફેરફાર કર્યા વિના જાળવી રાખવાનો નિર્ણય લીધો હતો. આ બેઠકમાં ફેડ ચેરમેને જાહેરાત કરી હતી કે વ્યાજદરો નક્કી કરતી ફેડરલ ઓપન માર્કેટ કમિટીના સભ્યોએ સર્વાનુમતે વ્યાજદરોને ૫.૨૫-૫.૫૦ ટકાની વચ્ચે રાખવાનો નિર્ણય કર્યો છે. આ વ્યાજદરો પહેલાંથી જ અમેરિકાના ઈતિહાસમાં ૨૨ વર્ષોના નીચલા સ્તરે છે.



ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલે કહ્યું કે ફેડ રિઝર્વ મોંઘવારી દરમાં ઘટાડા માટે ભવિષ્યમાં પણ વ્યાજદરો પર સાવચેતીપૂર્વકની નાણાકીય નીતિનું વલણ અપનાવશે. ફેડરલ ઓપન માર્કેટ કમિટીની બેઠક ૨ દિવસ ચાલી હતી અને તેમાં વ્યાજદરોને યથાવત્ રાખવાનો નિર્ણય લેવાયો હતો જેના વિશે કેન્દ્રીય બેંકનું માનવું છે કે નીતિનિર્માતાઓને વધારાની જાણકારી અને મૌદ્રિક નીતિ માટે લાગુ કરવામાં મદદ મળી શકે.

ફેડરલ રિઝર્વની ફેડરલ ઓપન માર્કેટ કમિટીની આ સતત બીજી બેઠક હતી જેમાં વ્યાજ દરો સ્થિર રાખવામાં આવ્યા. આ પહેલા માત્ર વર્ષ ૨૦૨૩માં જ ચાર વખત વધારો કરવામાં આવ્યો હતો અને તે સહિત ફેડએ કુલ ૧૧ વખત વ્યાજદર વધારવાનો નિર્ણય કર્યો. ફેડરલ રિઝર્વના નિર્ણય બાદ અમેરિકન બજારોમાં સારો ઉછાળો જોવા મળ્યો હતો.

### વારંવારના હુમલા સામે હમાસની ઈઝરાયેલની ચેતવણી

## હજુ વધુ ખાના અને ખરાબી કરવાની હમાસે આપી ઈઝરાયેલને ખુલ્લી ધમકી

### અલ અક્સા ફ્લડ માત્ર પહેલી વખત હતું પરંતુ તે બીજી વખત, ત્રીજી વખત અને ચોથી વખત પણ થશે : ગાઝી હમાદ

। તેલ અવીવ, તા.૨ ।

ઈઝરાયેલ પર હુમલો કરનારા હમાસે ફરી એક વખત તેમના ઈરાદા જાહેર કરી દીધા છે. હમાસના એક અધિકારીએ સ્પષ્ટ કરી દીધુ છે કે, તેઓ ઈઝરાયેલ પર વારંવાર હુમલા કરતા રહેશે અને હજુ વધારે ખાના-ખરાબી થશે. તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યુ દરમિયાન તેમણે કહ્યું કે, ઈઝરાયેલનો પાઠ ભણાવવો જરૂરી છે. હમાસે ૭ ઓક્ટોબરના રોજ અચાનક ઈઝરાયેલ પર હુમલો કર્યો હતો અને રોકેટ છોડ્યા હતા.



લગભગ ૪ અઠવાડિયાથી બંને પક્ષો વચ્ચે લોહિયાળ જંગ ચાલુ છે. એક ઈન્ટરવ્યુ દરમિયાન ગાઝી હમાદે કહ્યું કે, અલ અક્સા ફ્લડ માત્ર પહેલી વખત હતું પરંતુ તે બીજી વખત, ત્રીજી વખત અને ચોથી વખત પણ થશે. હમાદે કહ્યું કે, ૭ ઓક્ટોબરના રોજ જે કંઈ પણ થયુ તેના માટે હમાસને જવાબદાર ન ઠેરવવું જોઈએ. તેણે કહ્યું અમે જે પણ કર્યું તે યોગ્ય કર્યું. હમાદે કહ્યું કે, ઈઝરાયેલ એક દેશ છે જેનું અમારી જમાની પર કોઈ સ્થાન નથી. અમારે એ દેશને હટાવવો જ પડશે. તેણે કહ્યું કે, અમારે ઈઝરાયેલને પાઠ ભણાવવો જ પડશે અને આ વારંવાર કરીશું. કારણ કે, અમારી પાસે સમાધાન કરવા માટે દઢ સંકલ્પ છે અને લડવાની ક્ષમતા છે. હમાસ નેતાએ કહ્યું કે, જો અમારે કિંમત ચૂકવવી પડશે તો અમે એ કિંમત ચૂકવવા માટે તૈયાર છીએ. અમને શહીદોનો દેશ કહેવામાં આવે છે.

## તંત્રી લેખ...

# આતંકી સંગઠનનું મહિમામંડન થઈ રહ્યું છે

શ્રીનગરમાં ક્રિકેટ રમી રહેલા પોલીસ ઈન્સ્પેક્ટર મસરૂર અહમદ વાનીને ગોળી માર્યાના ૨૪ કલાકની અંદર પુલવામામાં આતંકવાદીઓએ જે રીતે ઉત્તર પ્રદેશના એક શ્રમિક મુકેશ કુમારની હત્યા કરી દીધી, તેનાથી એવું જ લાગે છે કે તેમનું દુસ્સાહસ ફરીથી બેલગામ થવા લાગ્યું છે. આ બંને ઘટનાઓ એ સમયની યાદ દેવડાવી રહી છે, જ્યારે કાશ્મીરમાં ટાર્ગેટ કિલિંગનો સિલસિલો ચાલી નીકળ્યો હતો. તે ફરીથી ચાલુ ન થઈ જાય, તેના માટે આ બંને ઘટનાઓ માટે જવાદાર આતંકવાદીઓને ઠાર કરવાની સાથે જ તેમને સંરક્ષણ આપનારા લોકોની પણ ઓળખ કરીને તેમને કઠોર દંડ કરવો પડશે. તેની સાથે જ એના પર પણ ધ્યાન આપવું પડશે કે કાશ્મીરમાં સક્રિય આતંકવાદીઓના દુસ્સાહસ પાછળ ક્યાંક ઈઝરાયલ પર હમાસનો બર્બર હુમલો તો નથી? આ અંદેશાનું કારણ એ છે કે હમાસના પિશાચી કૃત્યએ દુનિયાભરના જેહાદીઓનું દુસ્સાહસ વધારવાનું કામ કર્યું છે. તેનું કારણ એ છે કે હમાસની રૂંવાડાં ઊભાં કરી દેતી બર્બરતાથી વાકેફ હોવા બાદ પણ વિશ્વના અનેક હિસ્સામાં આ આતંકી સંગઠનનું મહિમામંડન થઈ રહ્યું છે. દુર્ભાગ્યે પેલેસ્ટાઈનના પક્ષમાં અવાજ ઉઠાવવાના બહાને આ કામ આપણા દેશમાં પણ થઈ રહ્યું છે. થોડા દિવસ પહેલાં જ હમાસના એક સંસ્થાપક આતંકીએ કેરળમાં એક કાર્યક્રમને ઓનલાઈન સંબોધિત કર્યો. આ જ રીતે કેરળમાં એક અન્ય કાર્યક્રમમાં જ્યારે કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે હમાસનાં કરતૂતોને આતંકવાદી કાર્યવાહી ગણાવી તો તેમને આગળ થનારા એક આયોજનમાંથી હટાવી દીધા. એનાથી સાફ સંકેત મળી રહ્યા છે કે હમાસની હરકતે જેહાદી સંઘટનોના દુસ્સાહસને વધારવાનું કામ કર્યું છે, તેથી ભારતે ન માત્ર કાશ્મીરમાં વધારાની સતર્કતા રાખવી પડશે, બલ્કે બાકી દેશમાં પણ. કેન્દ્ર અને વિશેષ રૂપે રાજ્ય સરકારોએ એ સુનિશ્ચિત કરવું પડશે કે પેલેસ્ટાઈનની તરફદારી કરવાની આડમાં હમાસનું મહિમામંડન ન થાય. જમ્મુ-કાશ્મીરમાં વધુ સતર્કતા રાખવાની જરૂર એટલા માટે છે, કારણ કે પાકિસ્તાન આ રાજ્યમાં આતંકી ગતિવિધિઓ વધારીને એ દુષ્પ્રચાર કરવાની કોશિશ કરી રહ્યું છે કે ગાઝા જેવી હાલત કાશ્મીર ઘાટીમાં પણ છે. તેની પણ અવગણના ન કરી શકાય કે ગત દિવસોમાં તેણે જમ્મુ સાથે જોડાતી આંતરરાષ્ટ્રીય સીમા પર સંઘર્ષ વિરામનું ઉલ્લંઘન કર્યું. એ ઠીક છે કે કાશ્મીરમાં આતંકીઓના સફાયાનો સિલસિલો યથાવત છે, પરંતુ એ કારણો પર નવેસરથી વિચાર કરવાની જરૂરિયાત છે, જેને કારણે સીમા પારથી આતંકવાદીઓની ઘૂસણખોરી અટકી નથી રહી અને સુરક્ષાકર્મીઓની સાથે અન્ય રાજ્યોના શ્રમિકોની સાથે વધ્યા-ઘટ્યા કાશ્મીરી હિંદુઓને નિશાનો બનાવવાની ઘટનાઓ રહી-રહીને થતી જ રહે છે. આ ઘટનાઓ એટલા માટે થાય છે, કારણ કે આતંકવાદીઓના ખુલ્લા-છૂપા સમર્થકો પર લગામ નથી લગાવી શકાઈ.

# કેરળમાં ભારત વિરોધી કટ્ટરપંથની ચિંતાજનક ગતિવિધિઓ

કોઈ આતંકવાદી ઘટનાનું મૂલ્યાંકન એના પરથી જ ન થાય કે તેમાં કેટલા લોકો માર્યા ગયા છે. કેરળમાં એર્નાકુલમ જિલ્લાના કલામસેરીના કન્વેન્શન સેન્ટર એટલે કે સંમેલન કેન્દ્રમાં થયેલ વિસ્ફોટ દરેક દૃષ્ટિએ ડરાવનારો અને ચિંતિત કરનારી ઘટના છે. નિઃસંદેહ ત્રણ વ્યક્તિઓનાં મોત તથા ૫૧ લોકો ઘાયલ થવા સુરક્ષા એજન્સીઓ માટે થોડી રાહતનો વિષય છે. જોકે એક વ્યક્તિનું મોત કે ઘાયલ થવું પણ આપણા માટે ચિંતાનો વિષય હોવો જોઈએ. યહોવા વિટનેસ સમુદાયના ત્રણ દિવસના કાર્યક્રમમાં ૨૦૦૦ની આસપાસ લોકો હાજર હતા. ત્રણ વિસ્ફોટનો મતલબ તેની પહેલેથી પૂરતી તૈયારી કરવામાં આવી હતી. એ પણ સ્પષ્ટ છે કે આ વિસ્ફોટ આઈઈડીથી થયા છે. હજુ એ કહેવું મુશ્કેલ છે કે કોચ્ચિ નિવાસી ડોમિનિક માર્ટિન નામના વ્યક્તિ દ્વારા ઘટનાની જવાબદારી લેવાનું સત્ય શું છે. શું તે એકલો આ વિસ્ફોટમાં સામેલ હતો કે પછી તેની સાથે અન્ય લોકો હતા? જે કંઈ તે કહી રહ્યો છે તે જ સત્ય છે કે તેની પાછળ કોઈ વ્યાપક ષડયંત્ર છે? એનઆઈએ અને કેરળનું આતંક નિરોધી દળ તપાસ કર્યા બાદ તેનું તમામ સત્ય સામે આવશે. પરંતુ કેરળ સરકાર દ્વારા સમજ્યા વિચાર્યા વિના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને આરોપિત કરવાથી વધુ બેજવાબદાર કશું જ ન હોઈ શકે. કેરળના વલણ અને યહોવા વિટનેસની સાથે આ સમયે દેશનું જેવું વાતાવરણ છે અને વિશેષ કરીને કેરળમાં જેવો તણાવપૂર્ણ માહોલ બનાવવામાં આવ્યો છે તેનું ઊંડાણથી વિવેચન જરૂરી થઈ જાય છે. યહોવા વિટનેસ ઈસાઈ ધર્મથી નીકળેલો એક સમુદાય છે. તેની ઓફિસ અમેરિકાના ન્યૂયોર્કના વોરવિકમાં છે અને માનવામાં આવે છે કે આ સમયે વિશ્વભરમાં તેના પંચ્યાશી લાખ સભ્યો છે. તેને ઈન્ટરનેશનલ બાઈબલ સ્ટુડન્ટ્સ એસોસિએશનનું એકમ માનવામાં આવે છે જેની સ્થાપના ચાર્લ્સ ટેઝ રસેલે ૧૮૭૨માં પીટ્સબર્ગમાં કરી હતી. આ મુખ્ય ધારાના ઈસાઈ સમુદાય કેથોલિક પ્રોટેસ્ટન્ટ વગેરેથી અલગ વિચાર ધરાવે છે. તેને અનુસાર હોલી ટ્રિનિટી એટલે કે પવિત્ર ત્રિપુટી ગોડ, ધ ફાધર ગોડ, ધ સન યિશુ માં તેઓ વિશ્વાસ નથી કરતા. તે યહોવાને ગોડ ઓફ બાઈબલ અને તમામ ચીજોના નિર્માતા રૂપે જુએ છે. યહોવા વિટનેસના લોકો ઈસુ મસીહને ઈશ્વર ન માનીને તેમના પુત્ર માને છે તથા ખુદને વાસ્તવિક ક્રિશ્ચિયન માને છે. તેઓ ક્રિસમસ અને ઈસ્ટર જેવી રજાઓની ઉજવણી પણ નથી કરતા. તેમના સામાજિક નિયમન અને રીતરિવાજ ઘણા કડક છે. તેમાં તલાક લેવા અને લોહી લેવાનો પણ સખત નિષેધ છે. સ્વાભાવિક રીતે અન્ય ઈસાઈ મતાવલંબીઓ સાથે તેમને તણાવ થાય છે. જે ઈસા મસીહને ઈશ્વર માને છે તેઓ ઈશ્વર નહિ માનનારાઓનો વિરોધ કરશે. તેઓ લોકો વચ્ચે પોતાનો વિચાર પ્રસાર કરી તેમને પોતાની સાથે સામેલ કરવાની કોશિશ કરે છે અને તેનાથી પણ તણાવ પેદા થાય છે. યાદ રાખો, કેરળમાં લગભગ ત્રણ દાયકા પહેલાં આ સમૂહનાં ત્રણ બાળકો પર તેમની સ્કૂલમાં રાષ્ટ્રગાનનું અપમાન કરવા બદલ અનુશાસનાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી અને આ મામલો સુપ્રીમમાં પહોંચ્યો હતો. આ સમુદાય પોતાના વિસ્તાર માટે એવી વાતો બોલે છે, જેને નિઃસંદેહ ભારત વિરોધ કે અહીંની સભ્યતા સંસ્કૃતિ સામાજિક વ્યવહાર વગેરેની નિંદા અને તેના અંત કરવા સુધીની વાતો થાય છે. કેરળમાં ચર્ચની કેટલીક ગતિવિધિઓ પણ સમાજને અસહજ કરનારી રહી છે અને તેનો વિરોધ થતો રહે છે.

# જ્યોત સે જ્યોત જગાતે ચલો, પ્રેમ કી ગંગા બહાતે ચલો

# દિવાળીમાં ફક્ત બાહ્ય દીપ નહીં આત્મ દીપ પણ પ્રગટાવો



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. દિવાળીનો તહેવાર લગભગ તોરણે આવી ગયો છે, અને દિવાળીમાં દીવાનું બહુ જ મહત્વ છે. દીવો એટલે સાચો આને સત્ય માર્ગે દોરનારો પ્રકાશ ,પણ આપણે કુત્રિમતાની ચકાચૌંધમાં જીવવા ટેવાઈ ગયા છીએ, અને તેથી આ નાનકડું ધબકતું અજવાળું આપણે ક્યારે છાંડી જઈએ છીએ, તેનો આપણને પણ ખ્યાલ રહેતો નથી, અને કોઈપણ દીવો હોય તેમાં ઈંધણ પુરવામાં ન આવે તો એ ઓલવાઈ જાય છે. બાહ્ય દીપ પ્રગટાવીને જીવતા હોવા છતાં આપણો આત્મા દીપ, આપણી નાદાનીને કારણે ક્યારેક ઓલવાઈ જાય છે. એટલે કે નીતિથી વિમુખ થઈને આપણે જીવતા હોઈએ છીએ, જે મૃત્યુ કરતાં પણ બદતર છે. પ્રકૃતિમાં રોજ સવારે પુર્વમાં એક આશા લઈને સૂર્ય ઉદય થતો હોય છે, કે આ અજવાળાથી સૌ કોઈ પોતાના જીવન અજવાળી શકે. આપણે સૂર્ય શક્તિનો ઉપયોગ કરતાં તો શીખી ગયાં, પણ એનું મુખ્ય મહાત્મ્ય શું છે!! એ તરફ ધ્યાન કેન્દ્રિત નથી કરતાં. રાત્રિના તમસને તોડવા સૂર્યોદય થતો હોય છે, એટલે કે સમગ્ર જીવસૃષ્ટિમાં દિવસના પ્રમાણમાં રાત્રે કામ ભાવ વધુ પ્રબળ બને છે, અને એને દૂર કરવા સાત્વિક અજવાળા પ્રગટે એ બહુ જરૂરી છે, માટે સૂર્યોદયનું મહત્વ છે. સૂર્ય ચંદ્રનું આવવું જાવું એ જગતપિતા જગદીશ્વરની ઉત્તમ વ્યવસ્થા છે, નહીં તો અહીં સૂર્યનું પણ મૂલ્ય ન હોત, અને ચંદ્રનું પણ મૂલ્ય ન હોત. એટલે કે આંતર પ્રકૃતિમાં સાત્વિક ભાવની પૃષ્ટિ જરૂરી છે, એટલી જ ચંદ્રની માનસિકતા પણ જરૂરી છે,પણ માત્રા ભેદે. આપણે જોઈ શકીએ છીએ કે ૨૪ કલાકના દિવસમાં રાત્રિના આઠ કલાક અને બાકીના કલાક દિવસમાં ગણવામાં આવ્યા છે, એટલે કે બહુ મર્યાદિત સમય માટે આ ભાવ હોવો જોઈએ. આજના સમાજની માનસિકતા બદલવી હોય તો, દરેકે દરેક જણાયે પોતાનો આત્મ દીપ પ્રજ્વલિત કરવો પડે, અને એના અજવાળામાં સત્ય નિષ્ઠા પૂર્વક નીતિ પ્રમાણિકતા અને ઈમાનદારી પૂર્વકનું જાગૃતિ પૂર્વક જીવન જીવવાના સંકલ્પ લેવા પડે. સત્યનો જીવનમાં પ્રવેશ થાય, એટલે આપોઆપ પ્રેમ અને કરુણા પણ પ્રવેશે. તો આવાં જ એક ભાવ વાળા ગીતાનો સંદર્ભ લઈને આજે આપણે તરાને કી તર્જ જીવન કા અર્કમાં આગળ ચિંતન કરીશું.

જ્યોત સે જ્યોત જગાતે ચલો,પ્રેમ કી ગંગા બહાતે ચલો.
રાહ મેં આયે જો દિન દુઃખી સબકો ગલે સે લગાતે ચલો...........પ્રેમ કી ગંગા.......
જિસ કા ન કોઈ સંગી સાથી, ઈશ્વર હૈ રખવાલા.
જો નિર્ધન હૈ,જો નિર્બલ હૈ, વો હૈ પ્રભુ કા પ્યારા.
પ્યાર કે મોતી લુટાતે ચલો, પ્યાર કે મોતી લુંટાતે ચલો..........પ્રેમ કી ગંગા......
આશા તૂટી ,મમતા રૂઠી, છૂટ ગયા હૈ કિનારા.
બંધ કરો મત દ્વાર દયા કા,દે દો મુજ કો સહારા.
દીપ દયા કા જલાતે ચલો,દીપ દયા કા જલાતે ચલો..............પ્રેમ કી ગંગા..........
છાયા હૈ ચારો ઓર અંધેરા,ભટક ગયી હૈ દિશાએઁ.
માનવ બન ગયા હૈ દાનવ, કિસસે વ્યથા સુનાયેં.
ધરતી કો સ્વર્ગ બનાતે ચલો,ધરતી કો સ્વર્ગ બનાતે ચલો..........પ્રેમ કી ગંગા..........
જ્યોત સે જ્યોત જગાતે ચલો,પ્રેમ કી ગંગા બહાતે ચલો...............પ્રેમ કી ગંગા.........

૧૯૬૪ માં બનેલી સંત જ્ઞાનેશ્વર નામની ફિલ્મનું આ ગીત છે, આ ગીતને લતા મંગેશકર એ ગાયેલું છે, ગીતના શબ્દો ભરત વ્યાસ એ લખ્યા છે, અને ફિલ્મમાં સંગીત લક્ષ્મીકાંત-પ્યારેલાલનું છે. સંત જ્ઞાનેશ્વરની કથાથી આપણે સૌ પરિચિત છીએ, ભારતના મહારાષ્ટ્ર પ્રાંતમાં આવેલા આણંદી ગામ ખાતે તેનો નિવાસ હતો, અને એના જીવનની સૌથી મહત્વની ઘટના એટલે કે તેના પિતા વિઠ્ઠલ પંત અને રુકમણી દેવીના લગ્ન બાદ તેના પિતાએ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી બ્રહ્મચારી છું, એમ કહી સંન્યાસ લીધો હતો, એના ગુરુજી ને જાણ થતાં, તેને તેને પાછા ગૃહસ્થાશ્રમમાં જવા આદેશ કર્યો. વિઠ્ઠલ પંત સંન્યાસ ત્યજીને સંસારમાં આવી તો ગયાં, પરંતુ જે તે સમયના મહારાષ્ટ્રિયન બ્રાહ્મણોએ તેનો બહિષ્કાર કર્યો, અને આ એક સામાજિક અપરાધ છે, તે સંન્યાસને અભડાવ્યો છે, માટે જળ સમાધીથી આ દેહનો ત્યાગ કરીશ, તો જ તારા સંતાનો પરથી આ પાપનો સાયો દૂર થશે, એવું જાહેર કર્યું, અને વિઠ્ઠલ પંત તથા રુકમણી દેવી એ ત્રિવેણી સંગમમાં જળસમાધિ લીધી. પરંતુ તત્કાલીન બ્રહ્મસમાજે હજી પણ આ ચાર બાળકોને સતાવવાનું છોડ્યું નહીં. સંત જ્ઞાનેશ્વર એટલે કે જ્ઞાનદેવની બહુ નાની આયુ હતી, ત્યારે એક વાર કહેવાતા બ્રાહ્મણોએ તેને સતાવવા માટે દ્વાર પર રહેલા પાડાને ઓમ બોલાવવા કહ્યું હતું, કારણકે જ્ઞાનદેવ દ્વૈત નહીં પણ અદ્વૈતમાં માનનારા હતાં, અને સૌના આશ્ચર્ય વચ્ચે એ પાડાની પીઠ પર ચાબુક ના ઘા થયા, તો રક્ત જ્ઞાનદેવની પીઠ માંથી નીકળ્યું હતું, અને જ્ઞાનદેવ દ્વારા એ પાડાને પંપાળતા તે વેદ મંત્રો પણ બોલ્યો હતો. ભગવાં વસ્ત્રો અને લાંબી દાઢી તથા જટાવાળા સાધુ સંતો તો આપણે ત્યાં બહુ થઈ ગયા પરંતુ નિર્વિકાર અને તેજસ્વી મુખ મંડલ ધરાવતા સન્યાસી તો માત્ર સંત જ્ઞાનેશ્વર જ છે.

કવિ પોતાના ગીત માં લખે છે કે જ્યોત થી જ્યોત જગાતે ચલો એટલે કે પોતાના આત્મા દિપની પ્રબળતાથી અન્યમાં જનજાગરણની વૃત્તિ જાગે તો જ તેના જીવનમાં સત્ય ટકી શકે, જાગૃતિ વગર સત્યનું આચરણ નિત્ય થવું શક્ય નથી. કારણ કે સંસારીઓ વ્યવહારોમાં ઉલજાયેલા રહીએ છીએ, અને નાના-મોટા સંબંધોમાં ક્યારેક ચૂક થઈ જાય, તો સત્યના માર્ગેથી જીવન ક્યારે અસત્ય તરફ ફંટાઈ જાય તેનું કંઈ કહી શકાય નહીં. પરંતુ સત્ય એટલે કે આત્મદીપની પ્રબળતામાં જીવન વીતે તો એ અન્યને પણ એના જેવું જીવન જીવવા પ્રેરણા પણ આપી શકે, અને ક્યારેક તેના જીવનની સરળતા, કે પ્રસન્નતા જોઈ કોઈ એવું જીવવા મજબૂર પણ થઈ શકે. અથવા તો તેના હૃદયમાં વહેતો નિસ્વાર્થ પ્રેમ બીજાને સ્પર્શી પણ શકે! આપણે અગાઉ પણ ઘણી વાર વાત કરી છે તેમ સત્યનિષ્ઠના સંકલ્પથી જીવનારા માનવીના જીવનમાં મારું તારુંના ભાવ ઓછા થતા જાય છે, અને મોહ મમતાના ધાગા તુટતા જાય છે, સમતાનું પરિક્ષેત્ર મોટું થતું જાય છે, અને એને અન્યના દુઃખદર્દ સ્પર્શે છે, એટલે તે સૌને પોતાના ગણી તેની મદદ કરે છે. કવિ પોતાના ગીતમાં આગળ લખે છે તેમ સૌ પર દયાનો ભાવ રાખીને જીવન જીવો. અહીં કોઈની આશા તૂટી છે, કોઈ ની મમતા રુઠી છે, અને તે કિનારાથી ફેંકાઈ ગયો હોય તેવું તેને લાગે છે, ત્યારે દયાનું દ્વાર ખોલી એની વહારે પહોંચો.

ગીતની છેલ્લી કડી બિલકુલ આજના સમાજને અનુરૂપ છે, ચારે તરફ અજ્ઞાન અને કુત્રિમતાના અંધારા છવાયેલા છે, જે દિશામાં જઈએ ત્યાં આગળ ખોટે પહોંચી ગયાનો રંજ થાય છે, માનવ દાનવ બનતો જાય છે તેવું લાગે છે, પોતાના જીવનથી લગભગ કોઈ ખુશ નથી. કોઈ ને કોઈ વાતે દરેકને ક્યાંક અસંતોષ દેખાય છે, સતત સ્પર્ધા ભર્યું જીવન જીવવા છતાં અંતે કંઈ જ હાંસલ થયું નથી, એનો અહેસાસ થકવી દે છે. મારુ મારુ કરીને આખી જિંદગી જે ભેગું કર્યું છે, એ હવે અહીં જ છોડીને જવાનું છે એની પણ વ્યાધિ તકલીફ આપે છે. તો આખી જિંદગી કર્મ તરફ લક્ષ્ય ન રાખ્યું હોવાથી મૃત્યુ પછી તેની સાથે શું થશે! એ પીડા પણ અકલ્પનીય છે, અને સમાજનો દરેક જણ લગભગ કોઈને કોઈ આવી સમસ્યાથી ઘેરાયેલો હોવાથી, કોને જઈને પોતાની વ્યથા સંભળાવવી એ પણ એક મોટો પ્રશ્ન છે. પણ જો જાગી જઈએ, અને આત્મ દીપ પ્રજ્વલિત કરીએ, બીજાને પણ જાગૃતિનું મહત્ત્વ સમજાવીએ, તો આ ધરતી જ સ્વર્ગ બની શકે તેમ છે, અને બસ આ જ રીતે ધરતી પર સ્વર્ગ બનાતે ચલો, એમ કહી કવિ પોતાની રચના પૂર્ણ કરે છે. પરંતુ આપણે તો હજી શરૂઆત કરવાની છે, એટલે કે જીવન રહેતાં જીવન સુધારવાની તક ઈશ્વર કૃપા એ આપણને મળી છે, નહીં તો અહીં રોજ કેટલા મૃત્યુ થાય છે, પણ હજી જીવન સુરક્ષિત છે, તો આપણે ભોગી થઈ છટકી જઈએ નહીં, અને આપણો આત્મા દીપ પ્રજ્વલિત કરીએ, આપણા આચરણથી, આપણા જીવનને સંતોષ થાય એવું જીવન જીવીએ, અને એમાંથી અન્યને પ્રેરણા મળે તેવું કંઈક કરીએ, અને બસ સૌ પોતાનાં આ જન્મમાં જ આત્મ દીપ પ્રજ્વલિત કરી, અને તેનાં અજવાળામાં સત્ય પ્રેમ અને કરુણાની ત્રિવેણીમાં સ્નાન કરતાં કરતાં જીવન જીવે, એવી એક અનન્ય પ્રાર્થનાં ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# જીવ જ્યારે પૂર્ણ નિષ્કામ અને નિર્વાસન બને, ત્યારે ભગવાન તેને દર્શન આપે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા



માખણ જેવું જેનું મન કોમળ થયેલું હોય અને સાકર જેવી મધુરતા જેના જીવનમાં આવે, તેને ઘરે કનૈયો આવે છે. ગોપી વિચારે છે કે,કનૈયો માખણ લઈને ઘરમાં થી ચાલતો થાય છે એ શા કામનું? એ જોયા કરવા મળે તો કામનું. એટલે કનૈયાને કહે છે, મફત માખણ નહીં મળે. તારે મારા ઘરનું કામ કરવું પડશે. કનૈયો પૂછે છે કે, હું શું કામ કરું? ગોપી કહે છે કે, જા પેલો પાટલો લઈ આવ. પાટલો ભારે હતો. ઊંચકવા જતાં તે હાથમાં પડી ગયો.લાલાનું પિતાં બર છૂટી ગયું!ગોપીને નિરાવરણ શ્રીકૃષ્ણનાં દર્શન થયાં.

દુર્યોધનને ભગવાનનાં દર્શન થયાં હતાં, પણ તે માયાના આવરણ સાથે થયા હતાં, એટલે તેનો ઉદ્ધાર ન થયો.પાટલો લાવી કનૈયો માખણ માગે એટલે ગોપી કહે, તું થોડું નાચ. તે પછી તને માખણ આપું! કનૈયો માખણના લોભે ગોપી સામે નાચે છે. જગતને નચાવનાર નટવર કનૈયો પ્રેમને વશ થઈ આજે નાચે છે. ગોપીઓના બંધાયેલા શ્રીકૃષ્ણ ગોપીઓનાં ઘરનાં કામો કરે, ગોપીઓનાં માથા ઉપર બેડું ચડાવે છે, પાટલા લઈ આવે છે, ગોપીઓને આનંદ આપવા નાચે છે. જગતને નચાવનારો પોતે નાચે છે,પ્રેમનો કેવો પ્રભાવ છે!વ્રજની આ લીલાના પ્રેમનો ભાવ છે. તેમાં જ્ઞાન વૈરાગ્ય વિશેષ નથી. તે પછી માલણનો પ્રસંગ આવે છે. વ્રજમાં સુખિયા નામની માલણ રહેતી હતી.તે રોજ શ્રીકૃષ્ણ કથા સાંભળે.વ્યસન કરવું હોય તો ભક્તિનું જ કરો.સેવા અને સ્મરણ નું વ્યસન હોય તેજ સાચો વૈષ્ણવ. સઘળી ઈન્દ્રિયોને એવી ટેવ પડી જાય કે,ઈશ્વર ભજન કર્યા વગર રહી જ શકે નહીં.કાનમાંથી કનૈયો હૃદયમાં આવે છે.વારંવાર શ્રીકૃષ્ણ કથા સાંભળો તો દર્શનની ઉત્કંઠા થાય છે. સુખિયા માલણની આવી હાલત હતી.

લાલાને જોવા સુખિયા માલણ આવે છે, પરંતુ અધિકાર વગર ઈશ્વર દર્શન આપતા નથી. સુખની ઈચ્છા હશે, બીજી કોઈ ઈચ્છા હશે તો ભગવાન મળતા નથી. જીવ જ્યારે પૂર્ણ નિષ્કામ અને નિર્વાસન બને, ત્યારે ભગવાન તેને દર્શન આપે છે. સુખિયા માલણ રોજ નંદબાબાના ઘર પાસે આવી ને ઊભી રહે, પણ કનૈયો બહાર આવતો નથી.માલણ ભૂદેવ પાસે કહે છે કે,મને શ્રીકૃષ્ણનાં દર્શન થાય તેવો ઉપાય બતાવો ભૂદેવે કહ્યું,ઘરમાં બાલ કૃષ્ણની સેવા રાખજે. દર્શન પર આપણો અધિકાર નથી,સેવા પર છે.સેવાસ્મરણ ઈશ્વરને વશ કરવાનું સાધન છે.ભાગવત્ દર્શન નો આગ્રહ ન રાખો.જીવ લાયક થાય એટલે ભગવાન દર્શન આપે છે. ઘણા સાધુઓ લાલાનાં દર્શન કરવા આવે છે. સાધુઓની મોટી મોટી દાઢીઓ જોઈ કનૈયો વિચારે છે કે,આ સાધુ મહારાજની દાઢી જેટલી બહાર છે એટલી અંદર છે. એમના અંદરના કામ વિકારો હજુ ગયા નથી. યશોદામા કોઈ વખત પરાણે કનૈયાને બહાર ખેંચી લાવે તો કનૈયો માની સાડીમાં મોં છૂપાવી દે અને સાધુને પીઠ બતાવે. એમ કરી ને સૂચવે છે કે,આ હજુ લાયક થયો નથી. કનૈયો તો તનકી પણ જાણે અને મનકી પણ જાણે! લાયક થયા વગર ઈશ્વર દર્શન કેમ આપે? માલણે કહ્યું, હું સેવા રાખી શકું તેમ નથી. અમે ગરીબ છીએ. ભૂદેવે કહ્યું, તો તું રોજ માળા કર, જપ કર, કંઈક સાધન તો કરવું જ પડશે. સાધન કરતાં દીન થઈ જીવ રડી પડે, ત્યારે ઈશ્વરને દયા આવે છે.માલણને અનેક સાધનો બતાવ્યાં છે, પણ માલણ ના પાડે છે. છેવટે બ્રાહ્મણે કહ્યું,તારાથી

કંઈ ન થાય તો છેવટે નંદબાબાના રાજ મહેલની રોજ ૧૦૮ પ્રદક્ષિણા કરજે. પ્રણામ સાષ્ટાંગ અને પ્રદક્ષિણા ચતુરંગ કરવાની હોય છે. પ્રભુના નામનો જપ કરતાં કરતાં પ્રદક્ષિણા કરો. હાથ જોડીને વંદન કરતાં અને મુખથી કીર્તન કરતાં કરતાં ધીમે ધીમે પરિક્રમા કરો. ભૂદેવે કહ્યું, ત્રણ વર્ષ સુધી આ પ્રદક્ષિણાનો નિયમ રાખજે. કનૈયા ને દયા આવશે! માલણ કહે, આ વાત મને ગમી.તે પ્રમાણે પ્રદક્ષિણા કરવા લાગી. રોજ એકસો આઠ પ્રદક્ષિણા કરે. મનુષ્ય ઘણે ભાગે વ્યવહારનાં કામ નિયમસર કરે છે, તેમાં ભોજન તો તેને સમયસર જ જોઈએ. મનુષ્ય ભોજનમાં નિયમ રાખે છે, પણ ભજનમાં તે નિયમ રાખતો નથી. ભજન કર્યા વગર ખાય તે પાપ ખાય છે. સત્કર્મમાં નિયમ રાખો. સંત એ કે જે સત્કર્મમાં નિયમ રાખે. નિયમ રાખે તો ઠાકોરજી પરીક્ષા કરે છે કે, નિયમમાં તેની નિષ્ઠા છે. માલણ રોજ પરમાત્માને કરગર છે. પ્રભુ, મને દર્શન કરો! રોજ જાણે વલોપાત કરે છે. આમ ત્રણ વર્ષ થયાં છે.હવે શ્રીકૃષ્ણ વિરહ તેના થી સહન થતો નથી.તે નિશ્ચય કરે છે કે, કનૈયાનાં દર્શન તો હવે ઘરે જવું જ નથી. દર્શન કર્યા વગર નંદબાબાનું આંગણું છોડવું નથી. ન થાય પ્રભુના વિયોગાગ્નિમાં જીવ જ્યારે તરફડે છે, ત્યારે ભગવાન મળે છે.

માલણ પ્રદક્ષિણા ફરે છે.માથે ફળ ની ટોપલી છે. જીભે શ્રીકૃષ્ણનું નામ છે. તેવે સમયે કનૈયો તેની સામે આવીને ઊભો. કનૈયાની કેડ ઉપર સોનાનો કંદોરો છે. હાથમાં બાજુબંધ, ગળામાં કંઠી, પગમાં નુપૂર, મસ્તક ઉપર મોરપીંછ છે. સુંદર બાલસ્વરૂપ છે. છુમ છુમ કરતો કનૈયો બહાર આવ્યો અને માલણની સામે જ આવીને ઊભો. શ્રીકૃષ્ણે માલણની આતુરતા, વ્યાકુળતા જોઈ તેને દર્શન આપ્યાં કનૈયો બે હાથ આગળ કરી માલણને કહે, ફળ આપો! માલણ કહે, મારે આજે કનૈયા સાથે વાત કરવી છે. દુઃખની કથા કનૈયા સિવાય બીજાને કહેશોનહીં માલણે વિચાર્યું કે,ફળ આપી દઈશ તો તરત ફળ લઈ ચાલ્યો જશે, એટલે કનૈયાને કહ્યું, લાલા, હું ફળ આપવા આવી નથી ફળ વેચવા આવી છું. માલણે ફળ ના બદલામાં અનાજની માગણી કરી. બાલકૃષ્ણ ઘરમાં ગયા. બે મૂઠીમાં ચોખા ભરી દોડતો આવ્યો અને માલણની ટોપલીમાં ચોખા પ ધરાવ્યા. કહે, હવે મને ફળ આપો! માલણ કહે છે, બેટા, તું મારી ગોદમાં નહીં બેસે? શા સારું નહીં? કનૈયો તરત એની ગોદમાં બેઠો. તેની ઈચ્છા પરિપૂર્ણ થઈ. તેનો બ્રહ્મસંબંધ થયો. હજારો જન્મથી વિખૂટો પડેલો જીવ ઈશ્વરને મળ્યો. પ્રેમમાં તૃપ્તિ થતી નથી. કનૈયો કહે છે, હું બધાંનો બાળક છું, પિતા છું, માતા છું. ઈશ્વર સાથે જેવો પ્રેમ કરશો તેવો તે આપશે. હવે કનૈયો માલણને કહે છે,મા, મને ફળ આપ. અતિશય આનંદ-આનંદ થયો છે. માલણ લાલાને ઉત્તમમાં ઉત્તમ ફળ આપે છે. ફળ લઈ કનૈયો દોડતો ઘરમાં જાય છે.

માલણ પરમ આનંદમાં ઘરે જાય છે. ઘરે ગયા પછી માલણે ટોપલી માં જોયું તો ટોપલી રત્નોથી ભરી દીધેલી હતી. માલણને આશ્ચર્ય થયું, હા! મારું અનેક જન્મનું દારિદ્રય થયું! પ્રભુ કોઈનું ઋણ રાખતા નથી. જે પોતાનાં સત્કર્મોનાં ફળ ભગવાનને અર્પણ કરે છે, તેની ટોપલી ભગવાન હંમેશાં રત્નોથી ભરી દે છે.તેને ભગવાન બ્રહ્મવિદ્યા રૂપી દિવ્ય રત્નો આપે છે. માલણ ની ટોપલી રત્નોથી છલકાવી દીધેલી તેમ! માલણ એ જીવ છે, ટોપલી એ બુદ્ધિ છે. જીવ પાસે પરમાત્મા સત્કર્મોનું ફળ-પુણ્ય માગે છે અને જો તમે તેને સત્કર્મનું ફળ અર્પણ કરશો,તો તમને અનેક ગણું કરીને આપશે. ભગવાનને અર્પણ કરવાનો તરીકો ગીતાજીમાં ભગવાને પોતે અર્જુન ને બતાવેલો છે. અર્જુન દ્વારા આપણને સૌને બતાવ્યો છે. ભગવાન કહે છે કે, હું જે કંઈ કર્મ કરે, જે કંઈ ખાય, જે કંઈ હોમે, જે કંઈ દાન કરે, જે કંઈ તપ કરે તે બધું મને જ અર્પણ કર.!તો જ તું મને પામીશ.કર્મમાં ફળની આશા રાખવાની નથી. જે કર્મ તમે પ્રભુને સમર્પી દીધું, પછી તેમાં તમને શું લાગે વળગે કે તમને તેના ફળની આશા કરો? માટે ફળની આશા ખોટી! કર્મ અર્પણ કર્યું તે જ એનું ફળ! કર્મનું પુણ્ય એ જ ફળ. શ્રી કૃષ્ણાર્પણ કરેલા કર્મનું ફળ ભોગવવા ઈચ્છા ન રાખો. જે કર્મનું ફળ ભગવાનને અર્પણ કરે છે,તેની બુદ્ધિરૂપી ટોપલી બ્રહ્મ જ્ઞાનથી ભરાઈ જાય છે.

વાચક ચાહક મિત્રો દિવાળી નૂતન વર્ષની તડામાર તૈયારીઓ ચાલી રહી છે ખરૂં ને? આપણે ભગવદ્ જ્ઞાન થકી કંઈક મેળવવા પ્રયત્ન કરીએ છીએ.

# તાવ તથા સાંધાનો દુખાવો કરશે દૂર, ખુબ જ ગુણકારી હોય છે પારિજાતનો છોડ



આજકાલ લોકો બિમાર પડતાની સાથે જ ડૉક્ટર પાસે દોડી જાય છે. પરંતુ અસરકારક ઘરેલું ઉપાય કરતાં નથી. આજે અમે એવો ઘરેલું ઉપાય લાવ્યા છીએ. જેનાથી તાવ તથા સાંધાનો દુખાવો દૂર થઈ જશે. સ્વસ્થ માનવ જીવનમાં કુદરત મહત્વનો ભાગ ભજવે છે. કુદરતે એકથી વધુ જીવનદાયી ઔષધિઓ આપી છે, જે સંજીવની ઔષધિથી ઓછી નથી. આજે આપણે એવી જ એક દવા વિશે વાત કરીશું, જે દરેકના સ્વાસ્થ્યની સુંદરતા વધારે છે. સંધિવાના દુખાવાથી છુટકારો મેળવવા માટે તમે પારિજાતના પાંદડા, છાલ અને ફૂલોનો ઉકાળો બનાવી શકો છો. શરદી, ઉધરસ અને સાઈનસ માટે તેને ચા તરીકે પીવો. એક ગ્લાસ પાણીમાં ૨-૩ પાંદડા અને ૪-૫ ફૂલ ઉકાળો, તેમાં ૨-૩ તુલસીના પાન નાખીને ચાની જેમ પીવો. વાસ્તવમાં આ દવાનું નામ હરસિંગર છે. તેને પારિજાત પણ કહેવાય છે. આ દવા એન્ટિપ્રાયરેટિક તરીકે ઓળખાય છે. આ ઉપરાંત, તે મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા, સાયટિકા જેવા ક્રોનિક પીડા સહિત વિવિધ પ્રકારના તાવને સંપૂર્ણપણે દૂર કરે છે. તેના ફૂલો પણ ખૂબ સુગંધિત હોય છે. બલિયાની સરકારી આયુર્વેદિક હોસ્પિટલના આયુર્વેદ મેડિકલ ઓફિસર ડૉ.પ્રિયંકા સિંહે જણાવ્યું કે, હરસિંગર એટલે કે પારિજાત ઔષધીય ગુણોથી ભરપૂર છે. તેને પારિજાત પણ કહે છે. એ પણ જણાવ્યું કે તે માત્ર તાવ, સાયટિકા, ડેન્ગ્યુ, મેલેરિયા જ નહીં પરંતુ ચિકનગુનિયા સહિત તમામ રોગો માટે રામબાણ છે. હરસિંગરના પાંદડા અને છાલ સંજીવની સમાન છે. તે તમામ રોગોને મૂળમાંથી દૂર કરવામાં સફળ સાબિત થાય છે. તેના ફૂલો પણ ખૂબ સુગંધિત હોય છે. એટલું જ નહીં, જે ઘરમાં આ વૃક્ષ વાવવામાં આવે છે તે ઘરની આસપાસનું વાતાવરણ પણ સુગંધિત બનાવે છે. આ હરસિંગરને એન્ટિપ્રાયરેટિક તરીકે પણ ઓળખવામાં આવે છે. તેના ૧૩ પાંદડાને સારી રીતે ધોઈ લો અને તેને એક ગ્લાસ પાણીમાં ઉકાળો. જ્યારે તે અડધો ગ્લાસ બની જાય તો તેને ગાળીને પીવાથી તાવ, ડેન્ગ્યુ, મેલેરિયા, સાયટિકા, શ્વાસ અને સાંધાના દુખાવા જેવા તમામ જૂના રોગો સંપૂર્ણપણે દૂર થઈ જાય છે. આ દવા સ્વસ્થ લોકો માટે અમૃત અને દર્દીઓ માટે વરદાન છે.

# આગથી દાઝી ગયા હોય કે ફટાકડા ફોડતી વખતે દુર્ઘટના થાઈ હોય ત્યારે ગભરાવું નહીં

દિવાળીમાં ફટાકડા ફોડવાનું મહત્વ અનન્ય છે. જો કે, ઘણીવાર ફટાકડા ફોડતી સમયે ગંભીર અકસ્માત પણ થતા હોય છે. વ્યક્તિનું શરીર દાઝી જતું હોય છે. આવી કટોકટીની સ્થિતિમાં શું ધ્યાન રાખવું જોઈએ, એ વિશે ભીલવાડાના સિનિયર તબીબે જણાવ્યું છે. ડોક્ટર દ્વારા અપીલ કરવામાં આવી હતી કે, ફટાકડા ફોડતી વખતે જો કોઈ વ્યક્તિનો હાથ કે પગ દાઝી જાય, તો સૌથી પહેલાં એ ભાગ ઉપર ઠંડુ પાણી રેડવું જોઈએ અને ઘા પર હળદર લગાવવી જોઈએ. જેથી તે જગ્યાએ ફોડલી ન પડે. જ્યાં ખૂબ ફટાકડા ફૂટતા હોય, ત્યાં વિશેષ સુરક્ષા રાખવી જોઈએ. જલદી એ સ્થળથી નીકળી જવું જોઈએ અને સુરક્ષિત સ્થાન ઉપર પહોંચી જવું જોઈએ. અનેક પ્રકારના ઘા હોય છે અનેક અલગ-અલગ ચીજોથી દાઝવાના કેસ સામે આવે છે અને આ જ આધારે તેમના માટે ફર્સ્ટ એડ અને ઈલાજ પણ નક્કી કરવામાં આવે છે. જેમ કે આગના સીધા સંપર્કમાં આવવું, કોઈ ગરમ વસ્તુને ખુલ્લા હાથે પકડી લેવી, ચાસણીથી દાઝવુ, વરાળથી દાઝવુ, ગરમ પાણીથી દાઝવુ, કોઈ કેમિકલથી દાઝવુ, સૂર્યના હાનિકારક કિરણોથી દાઝવુ, ગાડીના સાયલેન્સરથી દાઝવુ કે વીજળીથી દાઝવુ વગેરે. આ દુર્ઘટનાઓ જોકે કોઈની પણ સાથે



બની શકે છે પરંતુ બાળકોના મામલે ખતરો વધી જાય છે. તેથી સૌથી પહેલી આવશ્યકતા બાળકોથી ગરમ, આગ કે વીજળીવાળી ચીજોને દૂર રાખવાની હોય છે.

ટિશ્યૂને નુકસાન ત્વચા દાઝવાનો અર્થ થાય છે ટિશ્યૂનું નષ્ટ થવું. દાઝવાથી આવા કેસોને માઈનર અને મેજર, બે શ્રેણીઓમાં વહેંચવામાં આવે છે. માઈનર એટલે ઓછા ખતરનાક ઘા અને મેજર એટલે મોટા અને ગંભીર ઘા. મેજર ઘા ઊંડા હોય છે અને તે સમયે ત્વચા એકદમ સૂકાઈ ગઈ હોય છે અને કોલસા જેવી દેખાઈ શકે છે કે તેના પર સફેદ, કાળા કે ભૂરા ધબ્બા જોઈ શકાય છે. સાથે જ આ ઘા હાથ, પગ, ચહેરા, ગુપ્તાંગ અને મુખ્ય સાંધા પર થઈ શકે છે. આ સ્થિતિ ઈમરજન્સીની હોઈ શકે છે જેમાં તાકીદે મેડિકલ સહાયતાની જરૂર હોય છે. આ સ્થિતિમાં અનેક વખત દરદીને શ્વાસ લેવામાં તકલીફ ઉપરાંત તેના હૃદયના ધબકારા અનિયમિત થઈ શકે છે. માઈનર ઘા ઓછા ચિંતાજનક હોય છે પરંતુ તેમાં પણ ફર્સ્ટએડની દરકાર હોય છે. માઈનર ઘા ત્વચા લાલ, ફોલ્લાવાળી કે દુ:ખાવાભરી હોઈ શકે છે. આ ઘાને ડિગ્રીના આધારે પણ વહેંચવામાં આવે છે. તેમાં ફર્સ્ટ ડિગ્રી બર્નનો અર્થ છે ત્વચાના એક પડનું બળી જવું, સેકન્ડ ડિગ્રી ત્વચાના બે પડ બળી ગયા હોય તે દર્શાવે છે અને થર્ડ ડિગ્રી મતલબ ત્વચાના તમામ પડ બળી ગયા છે. થર્ડ ડિગ્રી બર્ન ઈમરજન્સીની સ્થિતિ હોય છે. મેજર બર્ન માટે ફર્સ્ટ એડ દાઝેલી વ્યક્તિને એ જગ્યાએથી ખસેડી લો. જો વ્યક્તિ વીજ કરંટથી દાઝી ગઈ છે તો સૌથી પહેલા પાવર સપ્લાય બંધ કરો જેથી કરીને બાકીના લોકો તેની ચપેટમાં આવતા બચી શકે અને પીડિતને વધારે તકલીફ ન થાય. જો આગ શરીર પર હોય તો 'સ્ટોપ, ડ્રોપ એન્ડ રોલ'નો નિયમ અપનાવો એટલે કે તેને બંધ કરો, નીચે પાડો અને હળવાથી રોલ કરો જેથી કરીને આગને ઓલવી શકાય. આ માટે ધાબળાનો પ્રયોગ પણ કરી શકાય છે. એ જૂઓ કે દાઝેલી વ્યક્તિ યોગ્ય રીતે શ્વાસ લઈ શકે છે કે નહીં. જો નહીં તો તેને સીપીઆરના જાણકાર વ્યક્તિની જરૂર પડશે જે તેને મોં થકી ઓક્સિજન આપી શકે.

# સ્ક્રિનનું સ્ક્રોલિંગ સંબંધો પર ભારે તો નથી પડી રહ્યું ને?



ખરેખર જે ટેકનોલોજી માણસજાતની બુદ્ધિમતાનું પ્રમાણ બનીને ઊભરી છે એના જ લીરેલીરા ઉડાડવા આપણે તૈયાર થઈ ગયાં હોય એવું લાગે છે. જેના ઉપયોગ થકી સમાજને કશુંક સારું આપવાના સપના જોવાના બદલે એના વ્યસનમાં એવા તે સપડાઈ રહ્યાં છીએ કે એક સમયે એમાંથી મુક્ત થવાના વર્ગો જોઈન કરવા પડશે. સ્ક્રીન ટાઈમ જે વ્યક્તિનો ઓછો હશે એ વ્યક્તિને જાહેર કાર્યક્રમોમાં સન્માનિત કરવામાં આવશે. સોશ્યલ મીડિયા પર હોવા છતાંય પોતાની ઈચ્છા મુજબ વાપરી શકનાર વ્યક્તિની એ ક્રેડિટ ગણાતી હશે. અહીં સૌથી ઓછો સમય વિતાવનારની માનસિક હાલત સ્થિર હોવાનું માનવામાં આવતું હશે. મોબાઈલથી દિવસો સુધી દૂર રહેનાર વ્યક્તિ કાંઈ પણ કરી શકે છે એવું સ્વીકારતું હશે. જોકે મોબાઈલ અને સોશ્યલ મીડિયાના વળગણથી દૂર રહેવા માટેના સેમિનાર અને લેકચર્સનું આયોજન થવા જ માંડ્યું છે. સાથોસાથ ઓનલાઈન ગેમ્સનું એડીક્શન પણ ભવિષ્યમાં અતિ ઘાતક નીવડશે એ પાક્કું. એના પર અલગથી લખી શકાય. એક સમય હતો જ્યારે વ્યક્તિ એના સગા સંબંધીઓને પત્ર લખતી. અને પછી દિવસો સુધી રિટર્ન લેટરની રાહ જોતી. જવાબ મળ્યા બાદ ફરી લેટર લખતી વખતે જવાબની રાહમાં ગાળેલો સમય અને પ્રિયજનનો વિરહ પણ ઠલવાતો.

# શું તમે માઈગ્રેનની પીડાથી પરેશાન છો? તો આ ટિપ્સ ફોલો કરો

માઈગ્રેન લક્ષણો દ્વારા જ નિદાન થઈ શકે એવો રોગ હોઈ તેમાં મોટાભાગે લેબોરેટરી તપાસની કે રેડીઓલોજિકલ તપાસની જરૂર નથી પડતી. માઈગ્રેન ખૂબ જ પીડાદાયક અનુભવ છે. માઈગ્રેનને વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા વૈશ્વિક સ્તરે સૂચિબદ્ધ કરવામાં આવ્યું છે કારણ કે તે મગજની ગંભીર સ્થિતિ છે. માઈગ્રેન માત્ર આપણને જ નહીં પરંતુ આપણી આખી દિનચર્યાને અસર કરે છે. એક તરફ માથાનો દુખાવો, ઉલ્ટી, ઉબકા વગેરે તેના મુખ્ય લક્ષણો છે. આધાશીશી એક ક્રોનિક ડિસઓર્ડર હોવાથી પીડિતોને પીડાની સારવાર અને વ્યવસ્થાપન વિશે શિક્ષિત કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો તમે અથવા તમારી આસપાસની કોઈ વ્યક્તિ માઈગ્રેનથી પીડિત હોય, તો તમે આ ટિપ્સની મદદથી તેમને રાહત આપી શકો છો. મોટાભાગે માથાનાં અડધા ભાગને અસર કરતો હોવાંથી આધાશીશી તરીકે ઓળખાતો માઈગ્રેન એ વિશ્વમાં સૌથી વધુ માનવકલાકોનો વ્યય કરતાં રોગોમાંથી એક છે. માઈગ્રેન એ બાળકોથી લઈને યુવાન, આધેડ તમામ વયજૂથમાં જોવાં મળતો રોગ છે. એક સર્વે



મુજબ પુરુષો કરતાં સ્ત્રીઓમાં માઈગ્રેનનું પ્રમાણ વધુ જોવાં મળે છે. માઈગ્રેન થવાનાં કારણોની વાત કરીએ તો માઈગ્રેનને ઈડીઓપ `થીક રોગોની શ્રેણીમાં મૂકવામાં આવે છે. એટલે કે માઈગ્રેન થવાનું કોઈ એક કારણ હજુ સુધી નિશ્ર્ચિત નથી પકડાયું. જો કે માઈગ્રેનનો એટેક ચાલુ કરનારાં કારણો કે જેને ટ્રીગર ફેક્ટર્સ તરીકે ઓળખાય છે. તેમાંનાં ઘણાં કારણો સુસ્પષ્ટ છે. સૌ પ્રથમ તો આધાશીશી કે માઈગ્રેનની સાદી વ્યાખ્યા કરીએ તો આધાશીશી એટલે લમણાંમાં કે માથાંમાં મોટાભાગે એક તરફ અથવા કોઈપણ જગ્યાએ થતો એવો દુખાવો કે જે મહદ અંશે ઉબકા, ઉલ્ટી સાથે હોય અને દર્દી પ્રકાશ કે અવાજ સહન ન કરી શકે. આગળ કહ્યું તેમ માઈગ્રેનની તાસીર હોય એવાં દર્દીઓમાં અમુક જે ખાસ કારણોનાં સંપર્કમાં આવતાં માઈગ્રેનનો એટેક ચાલુ થાય છે તેવાં ફેક્ટરને ટ્રીગર ફેક્ટર તરીકે ઓળખવામાં આવે છે. આધાશીશી કે માઈગ્રેનનો દુખાવો ડલ હેડેકથી લઈને હથોડાં વાગતા હોય તેવાં થ્રોબિંગ પેઈન જેવો હોઈ શકે છે. માઈગ્રેનનાં લગભગ તમામ દર્દીઓમાં પ્રકાશ અને ઘોંઘાટ સહન ન થઈ શકવા એ લક્ષણ કોમન જોવાં મળે છે. મોટાંભાગે હેડેક ફુલફલેજ ચાલુ થતાં આવાં દર્દીઓ કોઈપણ કામ કરી શકવા સક્ષમ ન રહી શકતાં હોવાંથી પોતાનું કામ કરવાનું પડતું મૂકી અંધારા શાંત ઓરડામાં સુઈ જવાનું પસંદ કરે છે. જે લોકો કામ મૂકી શકે એવી સ્થિતિમાં નથી હોતાં એવાં લોકોમાં એટેક વધુ એગ્રેસીવલી આગળ વધતાં ઉલ્ટી થવાની સંભાવનાઓ વધી જાય છે.

BOLLYWOOD NEWS FLASH

# રણવીરે મંચ પરથી નીતા અંબાણીને કહ્યું હતું ભાભી





| મુંબઈ, તા.૨ |

મુકેશ અંબાણીના Jio World Plaza લકઝરી મોલનું મંગળવારે મુંબઈમાં લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. દેશના સૌથી મોટા મોલના ઉદ્દ્ઘાટનમાં સમગ્ર અંબાણી પરિવાર હાજર રહ્યો હતો. આ ભવ્ય ઈવેન્ટમાં અંબાણી પરિવાર ઉપરાંત બોલિવૂડ સ્ટાર્સનો પણ મેળાવડો જોવા મળ્યો હતો. સલમાન ખાન, આલિયા ભટ્ટ, દીપિકા પાદુકોણ, સારા અલી ખાન, સોનમ કપૂર સહિતના તમામ સ્ટાર્સ એક છત નીચે જોવા મળ્યા હતા. સોશિયલ મીડિયા પર આ ઘટનાના ઘણા ફોટા અને વીડિયો છે. પરંતુ આવો જ એક વીડિયો સામે આવ્યો છે જે વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં રણવીર સિંહ લોકોનું ખૂબ મનોરંજન કરતો જોવા મળે છે. તેણે નીતા અંબાણીના વખાણમાં કંઈક એવું કહ્યું જે હવે ચર્ચામાં છે. આ વીડિયોમાં રણવીર સિંહ બધાની સામે નીતા અંબાણીના વખાણ કરતો જોવા મળી રહ્યો છે. હાથમાં માઈક લઈને રણવીર નીતા અંબાણીને જોઈને કહે છે, 'જસ્ટ લુકિંગ લાઈક અ વાવ.' આ પછી તે કહે છે.

# શાહરૂખ ખાનની દીકરી સુહાના ખાને સોશિયલ મીડિયા પર શેર કરી તસવીરો

| મુંબઈ, તા.૨ |

કરવા ચોથના દિવસે દરેક લોકોના મોં પર એવા શબ્દો આવે છે કે ક્યારે ચાંદ દેખાશે. આમ ચાંદ તો સમય પર નિકળી જશે પરંતુ સુહાના ખાને એક મસ્ત સરપ્રાઈઝ ફેન્સને આપી દીધી છે. સુહાના ખાને સોશિયલ મિડીયામાં સુપર એક્ટિવ રહે છે. કોઈને કોઈ રીતે ફોટો અને વિડીયો શેર કરીને ફેન્સનું દિલ જીતી લે છે. જો કે આ વખતે પણ કંઈક આવું જ બન્યુ છે. આમ શાહરુખની લાડલીએ એક મસ્ત ફોટો શેર કર્યો છે જેમાં સુહાના સુપર ક્યૂટ લાગી રહી છે. સુહાનાનો આ લુક દરેક લોકોને ખૂબ પસંદ પડી રહ્યો છે. સુહાના ખાનની આ તસવીર પર ફેન્સ સતત કોમેન્ટ્સ કરી રહ્યા છે. આ કોમેન્ટ્સમાં નવ્યા નંદા અને શનાયા કપૂરનું નામ પણ ટોપ પર છે. આ બન્ને સ્ટાર કિડ્સે પણ સુહાના ખાનની તસવીર પર કોમેન્ટ કરી છે. સુહાનાની આ તસવીર ફેન્સને એક નજરે ગમી જાય એવી છે.



સુહાનાના વર્કફ્રન્ટ કરીએ તો શાહરુખની લાડલી જલદી 'આર્ચીજ' થી બોલિવૂડમાં ડેબ્યૂ કરશે. આ ફિલ્મમાં સુહાના ખાનની સાથે ખુશી કપૂર પણ ડેબ્યુ કરશે. આ સિવાય વેદાંગ રૈના, અગસ્ત્ય નંદા અને મિહીર આહુજા પણ નજરે પડશે. આ સિરીઝ નેટફ્લિક્સ પર રિલીઝ થશે. જો કે આ સિરીઝને લઈને ફેન્સ ખૂબ એક્સાઈટેડ છે, કારણકે આનું ખાસ કનેક્શન કિંગ ખાન સાથે છે. આવું પહેલી વાર થશે જેમાં કિંગ ખાનની દીકરી સિલ્વર સ્ક્રીન પર જોવા મળશે. આ ફિલ્મ શાહરુખ માટે પણ ખાસ બની રહેશે. ઉલ્લેખનીય છે કે સુહાના અવારનવાર સોશિયલ મિડીયામાં તસવીરો અને વિડીયો શેર કરતી રહેતી હોય છે. સુહાના ખાન એ સ્ટાર કિડ્સમાંથી એક છે જે બહુ સ્માર્ટ અને હોંશિયાર છે. જો કે હવે જોવાનું એ રહ્યું કે કિંગ ખાનની જેમ સુહાના ખાન પણ બોલિવૂડન દુનિયામાં એટલે કે ફિલ્મી દુનિયામાં પોતાનું નામ કરી શકશે નહીં.

# શાહરૂખ ખાનને બર્થ-ડે વીશ કરવા મન્નતબહાર ઉમટ્યા ફેન્સ

| મુંબઈ, તા.૨ |

બોલિવૂડના સુપરસ્ટાર શાહરૂખ ખાન આજે એટલે કે ૨ નવેમ્બરે પોતાનો ૫૮મો જન્મદિવસ ઉજવી રહ્યો છે. આખી દુનિયામાં શાહરૂખ ખાનની ફેન ફોલોઈંગ ખૂબ જ મોટી છે અને આ જ કારણ છે કે હજારો ચાહકો શાહરૂખને તેના જન્મદિવસ પર શુભેચ્છા પાઠવવા આવ્યા હતા. આ અવસર પર શાહરૂખના ઘરની બહાર જોરદાર આતીશબાજી કરવામાં આવી હતી અને ચાહકોની ભીડે તેમના પ્રિય સ્ટારના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના પણ કરી હતી. શાહરૂખ ખાન ફરી એકવાર તેના ફેન્સને મળવા માટે તેના ઘરની છત પર પહોંચ્યો હતો. આ પ્રસંગની ઘણી શાનદાર તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. આ સિવાય શાહરૂખ ખાને પણ તેના ફેન્સ માટે તેના જન્મદિવસ પર ટ્વિટ કર્યું હતું. શાહરૂખ ખાને આજે ૨ નવેમ્બરે સવારે ૩:૧૮ વાગ્યે એક ટ્વીટ કર્યું હતું. શાહરૂખે તેના જન્મદિવસ પર તેના ટ્વિટમાં લખ્યું, 'વિશ્વાસ નથી આવતો કે તમારામાંથી આટલા બધા મને વિશ કરવા મોડી રાત્રે આવ્યા. હું માત્ર એક અભિનેતા છું. હું તમારા બધા સપનામાં જીવું છું. મને તમારા બધાનું મનોરંજન કરવાની મંજૂરી આપવા બદલ આભાર. તેના જન્મદિવસની રાત્રે શાહરૂખ હંમેશની જેમ તેના ઘર મન્નતની ટેરેસ પર જોવા મળ્યો હતો અને તેણે તેના હાથ ફેલાવીને પોતાનો આઈકોનિક પોઝ પણ આપ્યો હતો, જેને જોઈને ભીડ પાગલની જેમ ચીસો કરતી જોવા મળી હતી. શાહરૂખ ખાન માટે આ વર્ષ ખૂબ જ શાનદાર રહ્યું છે અને તેની કારકિર્દીનું સૌથી ઉજ્જવળ વર્ષ રહ્યું છે.



# બોલીવુડના અભિનેતા સુનીલ શેટ્ટી, વિરાટ કોહલી પર ફિદા છે



| મુંબઈ, તા.૨ |

બોલીવુડના અભિનેતા સુનિલ શેટ્ટીની પુત્રી અથિયા શેટ્ટીએ ૨૩ જાન્યુઆરીના રોજ ભારતીય ક્રિકેટર કે એલ રાહુલ સાથે લગ્ન કર્યા હતા. બંનેએ લગ્ન કરતા પહેલાં ચાર વર્ષ સુધી એકબીજાને ડેટ કર્યા હતા. ત્યારે તાજેતરમાં કે એલ રાહુલના સસરા એટલે કે સુનિલ શેટ્ટીએ એક ઈવેન્ટમાં તેમના ફેવરેટ ક્રિકેટર જણાવ્યું હતું. જોકે, તેમણે પોતાના ફેવરેટ ક્રિકેટર તરીકે કે એલ રાહુલનું નામ નહોતું લીધું, જેને લઈને બધા જ આશ્ચર્યમાં મૂકાયા છે.

મની કંટ્રોલની ક્રિએટર ઈકોનોમી સમિટમાં નિહારિકા એનેમ સાથે વાત કરતા સુનિલ શેટ્ટીએ કહ્યું હતું કે, "આજના સમયમાં.. મારો ફેવરેટ ક્રિકેટર.. ચોક્કસથી વિરાટ કોહલી છે. આ સાંભળીને નિહારીકા આશ્ચર્ય પામી ગઈ હતી. નિહારિકાએ કહ્યું, "કે એલ, બેટર લક નેક્સ્ટ ટાઈમ." ત્યારે સુનિલ શેટ્ટીએ જવાબ આપ્યો કે, "કે એલ મારો પુત્ર છે, તમે જાણો છો કે પરિવાર વિશે વાત કરતા નથી." ત્યારે નિહારિકાએ પૂછ્યું, "તો અહાન શું છે?" ત્યારે સુનિલે જવાબ આપ્યો, "ફેમિલી. પરંતુ તે એક્ટર છે, ક્રિકેટર નહીં. મારો ફેવરેટ ક્રિકેટર વિરાટ કોહલી છે કારણ કે તે ચેઝિંગ માસ્ટર છે. આ પહેલી વખત છે જ્યારે તમે ઘરે હોવ અને તમને લાકે કે 'ધક ધક' નથી થઈ રહ્યું."



# જાફરાબાદના સરકેશ્વર બીચ પર ત્રિ-દિવસીય રેતી શિલ્પ મહોત્સવનો પ્રારંભ

## રાજ્ય લલિત કલા અકાદમી દ્વારા આયોજિત મહોત્સવનો રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ પ્રારંભ કરાવ્યો






। અમરેલી, તા.૨ ।

રાજ્ય સરકારના યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકના ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા અમરેલી જિલ્લાના સરકેશ્વર બીચ-જાફરાબાદ ખાતે તા. ૨૯-૩૦-૩૧ ઓકટો રેતી શિલ્પ મહામહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

તા ૨૯ ઓક્ટોબરના ના રોજ રાજુલા-જાફરાબાદ મત વિસ્તારના ધારાસભ્યશ્રી, હીરાભાઈ સોલંકી દ્વારા રેતી શિલ્પ મહામહોત્સવને લોકો માટે ખૂલ્લો મુકવામાં આવ્યો. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી નિમિત્તે અને સ્થાનિક પ્રવાસન સ્થળ વિકાસ હેતુ આ ભવ્ય રેતી શિલ્પ મહામહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં રાજ્યના જુદા જુદા વિસ્તારોના ૩૦ થી ૩૫ રેતી શિલ્પ કલાકારો એ ભાગ લીધો છે. કલાકારોએ સરકેશ્વરના કાંઠે રેતીમાંથી શ્રી સરદાર વલ્લભભાઈ પટેલનું મુત્સદી ભર્યુ, સરદાર સૌમ્ય સ્વરૂપનું રેતી શિલ્પ તૈયાર કર્યુ છે. આ ઉપરાંત સુરજ દાદા, મત્સ્ય કન્યા, અંખડ ભારત, ડોલ્ફિન ઈન્ડિયા ગેટ, ગજાનન ગણપતિ,લોકલ ફીશ વગેરેના ચિત્રો તૈયાર કરવામાં આવ્યા છે, જાહેર જનતા આગામી બે દિવસ આ મહોત્સવનો લાભ લઈ શકે છે.

# હાલોલના પાનેલાવ ખાતે અર્બન હોર્ટીકલ્ચર તેમજ કિચન ગાર્ડન વિષય પર તાલીમનું આયોજન કરાયું



। ગોધરા, તા.૨ ।

નાયબ બાગાયત નિયામક કચેરી ગોધરા અને એલેમ્બિક સી.એસ.આર ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે હાલોલના પાનેલાવ ખાતે અર્બન હોર્ટીકલ્ચર તેમજ કિચન ગાર્ડન વિષય પર તાલીમ યોજાઈ હતી.

આ તાલીમમાં તાલીમ વિષય નિષ્ણાંત ડો.યાદવ તેમજ નાયબ બાગાયત નિયામક કચેરી ગોધરા ખાતેથી જિલ્લા બાગાયત અધિકારી હાજર રહીને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.તાલીમમાં ખેડૂતોને કિચન ગાર્ડન,ટેરેશ ગાર્ડન,રુફ ટોપ ગાર્ડન,વર્ટીકલ ગાર્ડન વગેરે જેવા વિષય પર વિગતવાર તાલીમ આપવામા આવી હતી. આ સાથે ખેડુતોને શાકભાજી બિયારણ તેમજ અળસીયા ખાતરનું પણ વિતરણ કરાયું હતું.

# ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીમાં નવા કેલેન્ડરોનું વિતરણ કરવામાં આવ્યું





। મહીસાગર, તા.૨ ।

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી - મોરા અને સુખસર તાલીમ કેન્દ્રો કાર્યરત છે. જેમાં ધોરણ ૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષાની તૈયારી કરાવવામાં આવે છે સાથે સાથે અનાથ, અપંગ અને અતિગરીબ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે માર્ગદર્શન અને તાલીમ અને જરૂરી મટીરીયલ આપવામાં આવે છે.

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ અને ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી - મોરા - સુખસર તાલીમ કેન્દ્રોના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણાના માર્ગદર્શન હેઠળ તાલીમ વર્ગ સંજેલી ખાતે તાલીમ મેળવી રહેલા અંદાજે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને નવા વર્ષના કેલેન્ડરોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં આજના સમયમાં કેલેન્ડર વિશે માહિતી આપવામાં આવી હતી. ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ મોરા અશ્વિનભાઈ સી સંગાડા અને ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સુખસર - મકવાણા રાજુભાઈ એસ. દ્વારા ટૂંક સમયમાં જ નવીન કેલેન્ડરો નું વિતરણ કરવામાં આવશે. આમ ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીના સંચાલક શ્રી દિલીપકુમાર મકવાણાએ તાલીમ વર્ગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વિનામૂલ્યે કેલેન્ડરોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# જૂનાગઢ શહેરના તમામ વોર્ડમાંથી એકત્ર કરાયેલ માટી સાથે અમૃત કળશ દિલ્હી જવા પ્રસ્થાન



। જૂનાગઢ, તા.૨ ।

દેશ માટે બલિદાન આપનાર વીરોને સમર્પિત 'મારી માટી મારો દેશ અભિયાન' હેઠળ જુનાગઢ શહેરના તમામ વોર્ડમાંથી એકત્ર કરાયેલ માટી અમૃત કળશમાં અર્પણ કરવામાં આવેલ છે.

આ માટી દિલ્લી ખાતે નિર્માણ પામનાર અમૃત વાટિકામાં પધરાવવામાં આવશે. મહાનગર પાલિકા,જૂનાગઢ કચેરી ખાતે મેયર શ્રી ગીતાબેન મોહનભાઈ પરમાર દ્વારા અમૃત કળશ ગ્રામ પંચાયતના નોડલ ઓફિસર શ્રીને સુપ્રત કરવામાં આવેલ.આ તકે સ્થાયી સમિતિ ચેરમેન શ્રી હરેશભાઈ પરસાણા, નાયબ કમિશનર શ્રી એ એસ ઝાપડા,સેક્રેટરી શ્રી કલ્પેશભાઈ ટોલીયા સહિત ના ઉપસ્થિત રહ્યા હતા.

# કચ્છના માંડવી તાલુકાના ભોજાય ગામે 'સંતૃપ્તિ પહેલ' અન્વયે રાત્રિસભા યોજાઈ



। અમરેલી, તા.૨ ।

કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના ભોજાય ગામે તા.૨૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરાના અધ્યક્ષસ્થાને રાત્રિસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કચ્છ જિલ્લાના વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ તથા વિવિધ પદાધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ અગાઉના છેલ્લા ૧૦(દસ) દિવસ દરમિયાન સંબંધિત લાઈન ડીપાર્ટમેન્ટના અધિકારીશ્રીઓએ તેઓના વિભાગ હેઠળ આવતી સરકારશ્રીની વિવિધ વ્યક્તિગત યોજનાઓનો લાભ આપવાનો બાકી હોય તેવા લાભાર્થીઓના ફોર્મ/અરજીઓ મેળવી તેઓને લાભો/સહાય આપવાની કામગીરી કરી હતી. સંબંધિત વિભાગોની કચેરીઓ દ્વારા ગામમાં જે પણ કાંઈ મિલ્કત આવેલી હોય જેવી કે ગામ તળાવ, ચેકડેમ, કેનાલ, સ્ટ્રીટ લાઈટ, અન્ય બાંધકામો વગેરેની સાફ સફાઈ તથા જરૂરી મેન્ટેનન્સની કામગીરી હાથ ધરવામાં આવી હતી. વધુમાં આ કાર્યક્રમ દરમિયાન સંબંધિત લાઈન ડીપાર્ટમેન્ટના અધિકારીશ્રી દ્વારા સરકારી કચેરીની ઓડીટ અંતર્ગત તપાસણી, સંબંધિત કામોની ગુણવત્તાની ચકાસણી જેવા કામો હાથ ધરવામાં આવ્યા હતા. સંતૃપ્તિ પહેલ અન્વયે રાત્રિસભાના આયોજન પૂર્વે જ ગામજનોના પ્રશ્નોનું નિવારણ આવે તે દિશામાં કલેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ કામગીરી કરવામાં આવી હતી. રાત્રિસભા કાર્યક્રમ અંતર્ગત ગ્રામજનોએ વિવિધ મુદ્દે કુલ-૨૩ પ્રશ્નો રજૂ કર્યા હતા. જે પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ કરવાના ઉમદા હેતુથી કલેક્ટરશ્રી દ્વારા સ્થળ ઉપર હાજર રહેલા અમલીકરણ અધિકારીશ્રીઓને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. પ્રશ્નના નિરાકરણ લાવવાનો યથાર્થ પ્રયત્ન વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સફળતાપૂર્વક ગ્રામજનોની વચ્ચે રહી છેવાડાના માનવીને સરકારશ્રીની યોજનાઓનો ઘરે બેઠા લાભ પ્રાપ્ત થાય તેવા ઉમદા હેતુને ફળીભૂત કરવા અર્થે જિલ્લા કલેક્ટરશ્રીની પ્રેરણાથી વિવિધ લાભો આપવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત રાત્રિ સભાના કાર્યક્રમ પૂર્વે જ સરકારશ્રીની મહત્વની યોજનાઓ અંતર્ગત સમાજ સુરક્ષા અંતર્ગતની યોજનામાં કુલ ૦૪, પુરવઠા વિભાગની યોજનાઓ અંતર્ગત કુલ ૨૭ તેમજ આધારકાર્ડ અંતર્ગત કુલ ૩૭ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો હતો. આરોગ્યને લગતી યોજનાઓઓ જેવી કેઁ સ્તનછરૂ કાર્ડના કુલ ૬૦૫ તથા આભાકાર્ડ અંતર્ગત ૧૨૧૩ સહિત વિવિધ યોજના અંતર્ગત કુલ ૧૩૮૩ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો હતો. તથા જિલ્લા આરોગ્યને લગતી યોજનાઓ જેવી કે NCD CAMP, CBACK FORM વગેરે યોજનાઓના લાભ આપવામાં આવ્યા હતા. ખેતીવાડીને લગતી યોજનાઓ જેવી કે પંપસેટ, ટ્રેક્ટર જેવી વિવિધ યોજનાઓ અંતર્ગત કુલ ૦૨ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. જિલ્લા સમાજ કલ્યાણ વિભાગની યોજનાઓ અંતર્ગત કુલ ૦૧ લાભાર્થીઓને, પ્રાથમિક શિક્ષણ વિભાગની યોજનાઓ જેવી કે, શિષ્યવૃતિ, વિદ્યાલક્ષી વગેરે અંતર્ગત કુલ ૪૧ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. આમ કુલ ૨૮૩૧ જેટલા લાભાર્થીઓને વિવિધ સરકારી યોજનાકીય લાભ આપવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, જિલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ "સંતૃપ્તિ પહેલ" અંતર્ગત ગ્રામજનોને તેમના દ્વાર સુધી પહોંચી સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગામની મુલાકાત લઈ ચાર મુખ્ય સ્તંભમાં કામગીરી કરવામાં આવે છે.

# 300થી વધુ મનોદિવ્યાંગ બાળકો, ચિલ્ડ્રન હોમનાં બાળકો તેમજ આશ્રિત વયસ્કો સાથે શરદોત્સવમા સામેલ થતા મંત્રી ભાનુબેન બાબરીયા



। રાજકોટ, તા.૨ ।

રાજકોટના કાલાવડ રોડ પર આવેલ મનોદિવ્યાંગ બાળકોના ગૃહ ખાતે રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા તેમજ મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા સમાજ સુરક્ષા વિભાગના છત્ર હેઠળના બાળકો - વયસ્કો સાથે શરદોત્સવના કાર્યક્રમમાં જોડાયા હતા. જિલ્લા સમાજ સુરક્ષા તેમજ જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ શરદોત્સવમાં લગભગ ૩૦૦ જેટલા બાળકો, આશ્રિતો ગરબામાં જોડાયા હતા. મંત્રીશ્રીએ બાળકો સાથે માતાજીની શ્રદ્ધાપૂર્વક આરતી ઉતારી કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. સ્ટેજ પર મહાનુભાવોનું સ્વાગત બાદ મંત્રીશ્રી બાળકો અને આશ્રિતો સાથે ગરબે ઘૂમ્યા હતાં. મંત્રીશ્રી એ આ સ્થળે નાના બાળકો માટે આયોજિત કઠપૂતળી શો ના સ્ટોલની મુલાકાત લઈને કલાકારને પ્રોત્સાહિત કર્યા હતા. ઉપરાંત બાળકો સાથે આત્મીયતા પૂર્વક વાતચીત કરી પ્રોત્સાહિત કર્યા હતાં. મનોદિવ્યાંગ બાળકો અને બાળકીઓના ગૃહ, ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ અને ગર્લ્સ, સ્ટેટ હોમ ફોર મેનના આશ્રિતો, કાઠિયાવાડ નિરાશ્રિત બાલાશ્રમના બાળકો, ભિક્ષુક સ્વીકાર કેન્દ્રના આશ્રિતો, માનસિક બિમારીથી સાજા થયેલ ભાઈઓ આ કાર્યક્રમમાં પરંપરાગત વસ્ત્ર પરિધાન સાથે તૈયાર થઈને ઉત્સાહપૂર્વક સામેલ થયા હતા.

કાર્યક્રમમાં વિવિધ સંસ્થાના અગ્રણીઓ, દાતાશ્રીઓ, સામાજિક ન્યાય વિભાગના જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ તેમજ ગૃહોના સંચાલક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# વાઈબ્રન્ટ ગીર સોમનાથ ઈવેન્ટમાં આકર્ષણનું કેન્દ્ર બનતો નેચરલ મધ ઉત્પાદન સ્ટોલ

। ગીર-સોમનાથ, તા.૨ ।

વેરાવળ ખાતે આસોપાલવ લૉન્સમાં ગીર સોમનાથ જિલ્લાના "વાઈબ્રન્ટ ગુજરાત, વાઈબ્રન્ટ ગીર સોમનાથ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ ડિસ્ટ્રીક્ટ વાઈબ્રન્ટ સમિટમાં હાથશાળ, બાગાયત, ઉદ્યોગ, ખેતીવાડી, એસબીઆઇ સહિતના ૨૫ જેટલા સ્ટોલનુ પ્રદર્શન કરવામાં આવ્યુ હતું. આ સમીટ અંતર્ગત વેરાવળના મધ ઉછેર કરતા અને ગીર હની પ્રોડક્ટનું ઉત્પાદન કરતા ભાવીનભાઈ ખાંભલાને સ્ટોલ ફાળવાયો હતો.

વાઈબ્રન્ટ સમિટમાં પોતાના પ્રોડક્ટની પસંદગી થતાં ભાવિનભાઈએ સરકારશ્રી ઉપરાંત વહીવટી તંત્રનો પણ આભાર વ્યક્ત કર્યો હતો. વેરાવળના મધ ઉછેર અને ગીર હની નામની નેચરલ મધ પ્રોડક્ટનુ વેચાણ કરતા ભાવીન ખાંભલાએ જણાવ્યુ હતુ કે, હું ૧૦૦૦ મધની પેટીઓથી મધ ઉત્પાદન કરુ છુ. અલગ અલગ વિસ્તારમાં ખેડૂતો પોતાના ખેતરમા જીરુ, વરીયાળી, ફૂલો સહિતની ખેતી કરે છે ત્યાં મધની પેટીઓ રાખું છુ. જેના કારણે અજમા, ધાણા, વરીયાળી અને વિવિધ ફુલો સહિતના નેચરલ મધનુ ઉત્પાદન કરી શકું છું અને બે મહિને અંદાજે ૧.૫ ટનનું ઉત્પાદન મેળવું છું. આ મધ ઉછેર કરવા માટે મને સરકારશ્રી તરફથી ઘણી મદદ મળી છે. ભાવિનભાઈ ખાંભલાએ સરકારશ્રી અને વહીવટીતંત્રનો આભાર વ્યક્ત કરતા જણાવ્યુ હતુ કે, મધ ઉત્પાદન હવે હું એમેઝોન સહિત ઓનલાઈન પ્લેટફોર્મમાં ગીર હની પ્રોડક્ટનું વેચાણ કરું છું. મધ ઉછેરના નાના બિઝનેસ સરકારશ્રીના સહયોગથી હું આગળ વધારી શક્યો છું. "વાઈબ્રન્ટ ગુજરાત વાઈબ્રન્ટ ગીર સોમનાથ"માં મને સ્ટોલ મળતા ખૂબ જ ખુશી છે કે મારા દ્વારા કરવામાં આવતી મધની અલગ અલગ પ્રોડક્ટ વાઈબ્રન્ટ સમિટમાં સ્થાન મળવાથી અમે મારી પ્રોડક્ટ લોકો સુધી પહોંચાડવાનો લાભ મળ્યો છે.

# ડાંગ જિલ્લામા આજથી રાષ્ટ્રીય લેવલનો શૈક્ષણિક સિદ્ધિ સર્વેક્ષણ હાથ ધરાશે

। ડાંગ, તા.૨ ।

ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા તારીખ ત્રીજી નવેમ્બર ૨૦૨૪ના રોજ સમગ્ર રાષ્ટ્રમા શૈક્ષણિક સિદ્ધિ માપન અંગેનો એક શૈક્ષણિક સર્વે એકી સાથે, અને એક જ સમયે યોજાનાર છે. આ સર્વે દેશનો શિક્ષણ વિભાગનો સૌથી મોટો શૈક્ષણિક સર્વે હશે.

જેમા ગુજરાત સહિત ડાંગ જિલ્લામાં પણ આ સર્વે થનાર છે. ગુજરાતમા સ્ટેટ એજ્યુકેશન એચિવમેન્ટ સર્વે ધોરણ-૩, ૬ અને ૯ ના બાળકોની શૈક્ષણિક સિદ્ધિ જાણવા માટેનો આ પ્રયાસ છે.

આ શૈક્ષણિક સિદ્ધિના આધારે ભવિષ્યની શિક્ષણની રણનીતિ નક્કી થશે. આ માટે ડાંગ જિલ્લાની ૫૪ જેટલી માધ્યમિક શાળાઓ, અને પ્રાથમિક વિભાગની ૮૯ જેટલી શાળાઓમાથી ૪૨૯૦ જેટલા બાળકો ભાગ લેશે.

સર્વે અંતર્ગત ધોરણ-૩મા ભાષા, ગણિત, અને પર્યાવરણ વિષય આધારિત ૬૦ મિનિટની એક કસોટી હશે. જ્યારે ધોરણ-૬ના બાળકો માટે ૭૫ મિનિટ, અને ધોરણ-૯ના બાળકો માટે ૯૦ મિનિટની ભાષા, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી, તથા સામાજિક વિજ્ઞાન વિષય આધારિત કસોટી હશે. તદુપરાંત શાળાનું ભૌતિક સંશાધન અને તેનું ઉપયોજન સંદર્ભે પ્રશ્નાવલી શાળાના આચાર્યશ્રી ભરશે. ભાષા અને ગણિત વિષય ભણાવવા શિક્ષકો વિષય આધારિત પ્રશ્નાવલી પણ ભરશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. અન્યોને અપમાનિત ન કરવાનો પ્રયાસ કરજો તથા પરિવારની જરૂરિયાતોને અનુરૂપ થજો. તમારા જીવનસાથીની નાદુરસ્ત તબિયતને કારણે આજે રૉમાન્સ પર અસર પડશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. તમારી કોઈ જૂની બીમારી તમને આજ હેરાન કરી શકે છે જેના લીધે તમને હોસ્પિટલ જવું પડી શકે છે અને તમારું ઘણું ધન પણ ખર્ચ થયી શકે છે. ઘરમાં કેટલાક ફેરફારો તમને ખાસ્સા સંવેદનશીલ બનાવી દેશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે તથા તમારે તેનો ઉપયોગ બાકી રહી ગયેલા કાર્યો પૂર્ણ કરવા માટે કરવો જોઈએ. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. કોઈક અંગત સમસ્યા સૂલઝાવવામાં તમારી મદદની અપેક્ષા રાખતા કોઈક વૃદ્ધ સંબંધી તરફથી આશીર્વાદ મળશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ- આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. બાળકો તમારૂં ધ્યાન માગે છે પણ બદલામાં ખુશીઓ આપે છે. તમારા પ્રેમની બિનજરૂરી માગણીઓ સામે ઝૂકતા નહીં.

**તુલા (ર,ત) :**

આજના દિવસે ખિન્ન તથા નિરાશ ન થાવ. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. તમને ખુશ કરે એવી બાબતો કરો, પણ અન્યોના કાર્યવ્યાપથી દૂર રહેવાનો પ્રયાસ કરજો. તમારૂં પ્રિયપાત્ર થોડુંક ચીડાયેલું લાગે છે-આ બાબત તમારા મગજ પરની તાણમાં વધારો કરશે. સમર્પિત વ્યાવસાયિકો માટે બઢતી અને નાણાકીય લાભો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. આજે તમને લાભ થશે- કેમ કે પરિવારના સભ્યો તમને હકારાત્મક રીતે પ્રતિસાદ આપશે. વ્યસ્ત રસ્તા પર તમે અનુભવશો કે તમે સૌથી નસીબદાર છો, કેમ કે તમારું પ્રિયપાત્ર સૌથી શ્રેષ્ઠ છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા મિત્રોને ન લેવા દો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે આજે તમારે બેસવાની અને આરામ કરવાની- તથા શોખમાં ઓતપ્રોત થવાની તથા તમને જે કરવું ગમે છે તે કરવાની જરૂર છે. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. પરિવારના સભ્યો સાથેના સામાજિક મેળાવડા બધાને સારા મૂડમાં રાખશે. તમે જેને સૌથી વધુ ચાહો છો તે વ્યક્તિ પ્રત્યેનો તમારો ખરાબ અભિગમ તમારા સંબંધમાં અસંગતતા લાવી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમયમાં તકલીફ તમારેજ વેઠવવી પડશે? તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો. તેમની એકલાપણા તથા હતાશાની લાગણીને ડૂંસી નાખી તેમને લાગવા દો કે તેમનું મહત્વ છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે વધુ પડતો ઉત્સાહ તથા ધમાકેદાર જુસ્સો તમારા ચેતાતંત્રને અસર કરી શકે છે, આ બાબત ટાળવા માટે તમારી લાગણીઓ પર અંકુશ મુકો. પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખો અને ઓફિસ માં બધા જોડે સારી રીતે વાત કરો નહીંતર તમારી નોકરી જયી શકે છે અને તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. તમારા પરિવારને યોગ્ય સમય આપો.

ઈઝરાયેલ-હમાસના યુદ્ધને લઈને વિશ્વબેંકની ચેતવણી

# યુદ્ધ વકરશે તો ખનીજ તેલની કિંમતનો જોરદાર વધારો થશે

## વિશ્વબેંકના કોમોડીટી માર્કેટ આઉટલુકમાં જણાવવામાં આવ્યું કે, વિશ્વમાં ખાવા પીવાની વસ્તુઓ મોંઘી થઇ શકે

। વોશિંગ્ટન, તા.૨ ।

સોમવારે વિશ્વ બેંકે જણાવ્યું હતું કે, જો ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ વકરશે તો ખનીજ તેલની કિંમતોમાં જબરદસ્ત વધારો થઈ શકે છે. તેના પરિણામ સ્વરૂપ સમગ્ર વિશ્વમાં ખાવા પીવાની વસ્તુઓ મોંઘી થઈ શકે છે. વિશ્વબેંકના કોમોડીટી માર્કેટ આઉટલુકમાં જણાવવામાં આવ્યું છે કે જો લડાઈ ઉગ્ર નહી બને તો તેલની કિંમત પર મર્યાદિત અસર થશે.પરંતુ જો સંઘર્ષ વધશે તો સ્થિતિ બગડી શકે છે.

હમાસ દ્વારા ઈઝરાયેલ પરના હુમલામાં ૧,૪૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા, જેમાંથી મોટાભાગના નાગરિકો હતા, લગભગ ૨૪૦ને બંધક બનાવામાં આવ્યા છે. ઈઝરાયેલ દ્વારા હમાસ સામે યુદ્ધની ઘોષણા પછી પશ્ચિમ એશિયામાં વ્યાપક સંઘર્ષની આશંકા ઊભી થઈ છે અને તણાવ વધવાનો ડર સતાવી રહ્યો છે. ઈઝરાયેલી ટેક્ક અને પાયદળ ગાઝામાં મોકલી દેવામાં આવ્યું છે કેમ કે વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ યુદ્ધનો "બીજો તબક્કો" જાહેર કરી દીધો છે. બીજી તરફ હમાસના અધિકારીઓએ લેબનોનમાં ઈરાન સમર્થિત હિઝબુલ્લા સહિત અન્ય સહયોગીઓ પાસેથી વધુ મદદની માંગણી કરી છે.

હમાસ વિરુદ્ધ લડી રહ્યો હતો લડાઇ

# ગાઝામાં ભારતીય મૂળના ઇઝરાયલી સૈનિકનું મોત

## મેયરે કહ્યું હતું કે ગાઝામાં લડાઈ દરમિયાન માર્યા ગયેલા ઈઝરાયલી સૈનિકોમાં ૨૦ વર્ષીય ભારતીય મૂળનો ઈઝરાયેલ સૈનિક પણ સામેલ હતો

। નવી દિલ્હી, તા.૨ ।

હમાસ સામેની લડાઈમાં સામેલ ભારતીય મૂળના ઈઝરાયેલ સૈનિકનું મૃત્યુ થયું છે. દક્ષિણ ઈઝરાયેલના શહેર ડિમોનાના મેયર બેની બિટ્ટને આ માહિતી આપી હતી. મેયરે કહ્યું હતું કે ગાઝામાં લડાઈ દરમિયાન માર્યા ગયેલા ઈઝરાયલી સૈનિકોમાં ૨૦ વર્ષીય ભારતીય મૂળનો ઈઝરાયેલ સૈનિક પણ સામેલ હતો. તેમણે કહ્યું કે સ્ટાફ-સાર્જન્ટ હેલેલ સોલોમન ડિમોનાનો હતો.બેની બિટ્ટને બુધવારે એક ફેસબુક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "ખૂબ દુઃખ સાથે અમે ગાઝાના યુદ્ધમાં ડિમોનાના પુત્ર હેલેલ સોલોમનના મૃત્યુની ઘોષણા કરીએ છીએ. મેયરે ભારતીય મૂળના સૈનિક વિશે ફેસબુક પોસ્ટમાં લખ્યું હતું કે "અમે માતા-પિતા રોનિત અને મોર્ડેકે અને બહેનો યાસ્મીન, હિલા, વેરેડ અને શેકડના ??દુઃખમાં જોડાઈએ છીએ. હેલેલે અર્થપૂર્ણ સેવા કરવાની ઈચ્છા વ્યક્ત કરી અને સૈન્યમાં જોડાયો હતો. હેલેલ એક સમર્પિત પુત્ર હતો અને હંમેશા તેના માતાપિતા માટે આદર રાખતો હતો. અપાર ગુણોની સાથે તે દાન, નમ્રતામાં માનતા હતો." મેયરે લખ્યું, "આખું ડિમોના શહેર તેમના નિધનથી શોકમાં છે. દક્ષિણ ઈઝરાયેલના ડિમોના શહેરને દેશના પરમાણુ રિએક્ટર તરીકે ઓળખવામાં આવે છે પરંતુ કેટલાક લોકો તેને 'લિટલ ઈન્ડિયા' પણ કહે છે કારણ કે તેમાં ભારતથી આવેલા યહુદીઓની સંખ્યા વધુ છે રિપ ોર્ટ અનુસાર, ગાઝામાં થયેલી લડાઈમાં ઓછામાં ઓછા ૧૧ ઈઝરાયેલ સૈનિકોના મોત થયા છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ યુદ્ધને મુશ્કેલ યુદ્ધ અને દુઃખદાયક નુકસાન ગણાવ્યું છે અને કહ્યું છે કે જીત સુધી લડાઈ ચાલુ રહેશે. નોંધનીય છે કે ૭ ઓક્ટોબરે દક્ષિણ ઈઝરાયેલ પર હમાસના ઘાતક હુમલામાં ઓછામાં ઓછા ૧૪૦૦ લોકો માર્યા ગયા હતા. હમાસે ૨૦૦થી વધુ લોકોને બંધક પણ બનાવ્યા હતા. અહેવાલો અનુસાર, ગાઝામાં ઈઝરાયેલના હુમલામાં આઠ હજારથી વધુ લોકો માર્યા ગયા છે. હમાસ વિરુદ્ધ ઈઝરાયેલનું સૈન્ય અભિયાન ચાલુ છે. સમાચાર એજન્સી એએફપી અનુસાર, મંગળવારે હમાસ સંચાલિત સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે શરણાર્થી શિબિર પર ઈઝરાયલી હુમલામાં ઓછામાં ઓછા ૫૦ લોકો માર્યા ગયા છે. કથિત હુમલા અંગે હજુ સુધી ઈઝરાયેલ તરફથી કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી. ગાઝાના ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે ઈઝરાયેલી હવાઈ હુમલાઓએ ઉત્તરી ગાઝામાં જબાલિયા શરણાર્થી શિબિરના રહેણાંક વિસ્તારમાં એપાર્ટમેન્ટ બ્લોક્સને નિશાન બનાવ્યું હતું, જેમાં સેંકડો લોકો માર્યા ગયા હતા અને ઘાયલ થયા હતા. ઈન્ડોનેશિયાની હોસ્પિટલના નિર્દેશકે પણ કહ્યું છે કે ૫૦ લોકોના મોત થયા છે.

ટ્રેક્ટરને ટક્કર મારે એવો ખેડૂતનો દેશી જુગાડ

# સાયકલમાંથી બનાવ્યું ખેતી કરવાનું અત્યંત ઉપયોગી સાધન

## કોઈપણ વસ્તુનો જુગાડ કરવામાં ભારતીયોને અગ્રેસર માનવામાં આવે છે, કહેવાય છે કે દરેક વસ્તુનો કોઈને કોઈ ઉપાય હોય છે

। નવી દિલ્હી, તા.૨ ।

સહરસામાં રહેતા એક ખેડૂતે માત્ર ૩,૦૦૦ રૂપિયા ખર્ચીને જુગાડનો ઉપયોગ કરીને હળ બનાવ્યું. તે સૌરબજાર બ્લોક વિસ્તાર હેઠળના બૈજનાથપુરમાં રહે છે અને તેનું નામ દિનેશ યાદવ છે. તેમના આ જુગાડ બાદ અન્ય લોકો પણ તેમના આઈડિયાની નકલ કરી રહ્યા છે. આ જુગાડને કારણે તેઓને તેમના ખેતરમાં ખેડાણ કરાવવા માટે કોઈ ટ્રેક્ટર માલિક પાસે જવું પડતું નથી. જો કે, તેમનો આ જુગાડ મજબૂરીમાં તૈયાર કરવામાં આવ્યો હતો.આવો તમને આખી વાત જણાવીએ. દિનેશ પાસે નાના ખેતરો છે. આ ક્ષેત્રો ૨ થી ૭ કાથા સુધીના છે. જેમ તમે જાણો છો, તેની ખેડાણ માટે ટ્રેક્ટર જરૂરી છે. આ માટે તેણે વારંવાર ટ્રેક્ટર માલિક પાસે જવું પડતું હતું. તે એક નાનું ખેતર હોવાને કારણે, કોઈ ટ્રેક્ટર માલિક તેના ખેતરને ખેડવા તૈયાર ન હતો. ઘણા ટ્રેક્ટર માલિકોને સમજાવ્યા પછી પણ તેઓ રાજી ન થયા. એક દિવસ તેને તેના પિતાએ ખરીદેલું હળ ઘરમાં ફાટેલું જોવા મળ્યું. તે એક નાનું ખેતર હોવાને કારણે, કોઈ ટ્રેક્ટર માલિક તેના ખેતરને ખેડવા તૈયાર ન હતો. ઘણા ટ્રેક્ટર માલિકોને સમજાવ્યા પછી પણ તેઓ રાજી ન થયા. એક દિવસ તેને તેના પિતાએ ખરીદેલું હળ ઘરમાં



ફાટેલું જોવા મળ્યું. આ જુગાડ હળની મદદથી માત્ર બે કલાકમાં ૪-૫ થેલી ખેતર તૈયાર કરી શકાય છે. હળ ખેંચવા માટે બળ લગાવવું પડે છે.

# સેન્સેક્સમાં ૪૯૦, નિફ્ટીમાં ૧૪૪ પોઈન્ટનો ઊછાળો

। મુંબઈ, તા.૨ ।

આજે માર્કેટમાં શાનદાર તેજી જોવા મળી છે. જેના કારણે બજાર લીલા નિશાન સાથે બંધ થવામાં સફળ રહ્યું છે. સતત બે દિવસના ઘટાડા પછી, ગુરુવારનું ટ્રેડિંગ સત્ર ભારતીય શેરબજાર માટે ઉત્તમ રહ્યું. રોકાણકારોની ખરીદીને કારણે સેન્સેક્સ ફરી ૬૪,૦૦૦ના આંકને પાર કરવામાં સફળ રહ્યો હતો અને નિફ્ટી ૧૯,૦૦૦નો આંકડો પાર કરવામાં સફળ રહ્યો હતો.

બેંકિંગ શેરોમાં જોરદાર ખરીદારી જોવા મળી રહી છે. મિડ કેપ શેરોમાં પણ ખરીદી જોવા મળી હતી. આજના કારોબારના અંતે બીએસઈસેન્સેક્સ ૪૯૦ પોઈન્ટ-ના ઉછાળા સાથે ૬૪,૦૮૧ પોઈન્ટ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧૪૪ પોઈન્ટના ઉછાળા સાથે ૧૯,૧૩૩ પોઈન્ટ પર બંધ રહ્યો હતો. આમ આજે રોકાણકારોની સંપત્તિમાં સારો એવો વધારો થયો છે.



આજના કારોબારમાં તમામ સેક્ટરના શેરોમાં ખરીદારી જોવા મળી હતી. બેંક્રિંગ શેરો ઉપરાંત ઓટો, આઈટી, ફાર્મા, એફએમસીજી, મેટલ્સ, એનર્જી, મીડિયા, રિયલ એસ્ટેટ, હેલ્થકેર, ફાર્મા, ઈન્ફ્રા જેવા સેક્ટરના શેરોમાં તેજી રહી હતી. નિફ્ટીના મિડ કેપ ઈન્ડેક્સમાં ૫૦૦થી વધુ પોઈન્ટનો વધારો જોવા મળ્યો છે. સ્મોલ કેપ ઈન્ડેક્સ ૧૭૦ પોઈન્ટના ઉછાળા સાથે બંધ થયો છે. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૮ શેર વધ્યા હતા અને માત્ર ૨ શેરો ઘટ્યા હતા. જ્યારે નિફ્ટીના ૫૦ શૅર્સમાંથી ૪૧ શૅર ઉછાળા સાથે અને ૯ ઘટાડાની સાથે બંધ થયા હતા. શેરબજારમાં અદભૂત ઉછાળાને કારણે રોકાણકારોની સંપત્તિમાં ૩ લાખ કરોડ રૂપિયાથી વધુનો વધારો થયો છે.

આજના વેપારમાં, બીએસઈપર લિસ્ટેડ શેરોની માર્કેટ મૂડી રૂ. ૩૧૩.૩૫ લાખ કરોડ રહી હતી, જે અગાઉના ટ્રેડિંગ સત્રમાં રૂ. ૩૧૦.૨૫ લાખ કરોડ હતી. આજના વેપારમાં માર્કેટ કેપિટલાઈઝેશનમાં રૂ. ૩.૦૫ લાખ કરોડનો ઉછાળો આવ્યો છે. આજના વેપારમાં ડેલ્ટા કોર્પ ૭.૬૩ ટકા, વોડાફોન આઈડિયા ૭.૪૨ ટકા, આરઈસી ૬.૯૧ ટકા, પાવર ફાઈનાન્સ ૬.૩૮ ટકા, ભેલ ૫.૩૫ ટકા, ઈન્ડસ ટાવર ૫.૨૯ ટકાના વધારા સાથે બંધ થયા છે. જ્યારે એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ, હીરો મોટોકોર્પ, ટેક મહિન્દ્રાના શેરો ઘટાડા સાથે બંધ થયા છે.


હમાસના સ્થાપકોમાંના એકના પુત્રનું સ્ફોટક નિવેદન

# હમાસને પૈસાની જરુર હોય ત્યારે તે યુધ્ધ શરૂ કરી દે છે : મોસાબ હસન

। તેલ અવીવ, તા.૨ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા જંગમાં હમાસના સ્થાપકો પૈકીના એક શેખ હસન યૂસુફના પુત્ર મોસાબ હસન યૂસુફ દ્વારા કરાયેલા સ્ફોટક ખુલાસાએ તમામને ચોંકાવી દીધી છે. એક બ્રિટિશ પત્રકારને આપેલા ઈન્ટરવ્યૂમાં મોસાબ હસને કહ્યુ હતુ કે, હમાસ પૈસા માટે બાળકોના જીવ લેવામાં ખચકાતુ નથી.

મોસાબ હસનના ઈન્ટરવ્યૂને ઈઝરાયેલી સેના દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યો છે. જેમાં તે કહેતા સંભળાય છે કે, સત્તાની લાલચ અને રાજકીય મહત્વકાંક્ષા માટે હમાસ દ્વારા લાંબા સમયથી ગાઝાના લોકો પર અત્યાચાર થઈ રહ્યા છે. હમાસના કારણે ગાઝાના લોકોને ઈઝરાયેલની ઘેરાબંધી, હિંસા અને યુધ્ધ સહન કરવાનો વારો આવી રહ્યો છે. હમાસ



માટે યુધ્ધ એક રમત છે. હમાસને જ્યારે પણ પૈસાની જરુર હોય ત્યારે તે યુધ્ધ શરુ કરી દે છે.

ગત મહિને પણ મોસાબ હસને ગાઝાની હોસ્પિટલમાં થયેલા વિસ્ફોટ અંગે કહ્યુ હતુ કે, હમાસનુ રોકેટ મિસફાયર થવાથી જ હોસ્પિટલમાં બ્લાસ્ટ થયો હતો અને હુમલાના દોષનો ટોપલો ઈઝરાયેલના માથે ઢોળી દેવાયો હતો. ઈઝરાયેલની સેના લોકશાહી ઢબે ચૂંટાયેલી સરકારને જવાબદાર છે એટલે તે ક્યારેય હોસ્પિટલ પર હુમલો નહીં કરે.

ઇઝરાયેલ-હમાસ યુદ્ધ અટકવાનું નામ જ નથી લઇ રહ્યું

# જરૂરી વસ્તુઓની સપ્લાય માટે ઈઝરાયેલ અને હમાસ યુદ્ધને થોડો સમય રોકો : યુએસ

। વોશિંગ્ટન, તા.૨ ।

ઈઝરાયેલ-હમાસ વચ્ચેનું યુદ્ધ છે કે અટકવાનું નામ જ નથી લઈ રહ્યું. એવામાં અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેનનું મહત્વનું નિવેદન સામે આવ્યું છે. બંને દેશો વચ્ચે ચાલતા સંઘર્ષને લઈ અમેરિકી રાષ્ટ્રપતિએ કહ્યું કે, માનવીય જરૂરિયાતોને માટે જરૂરી વસ્તુઓની સપ્લાય પૂરી પાડવા ઈઝરાયેલ-હમાસ વચ્ચેના યુદ્ધ થોડા સમય માટે યુદ્ધવિરામની ખૂબ જરૂર છે. અમેરિકી રાષ્ટ્રપતિએ ચૂંટણી પ્રચારના કાર્યક્રમ દરમિયાન આ વાતનો ઉલેખ્ખ કર્યો હતો. ઈઝરાયેલે કરેલી જવાબી કાર્યવાહીમાં અત્યાર સુધીમાં હજારો લોકોએ જીવ ગુમાવ્યા છે અને એક ટાપુની સાઈઝનો ગાઝા પટ્ટી વિસ્તાર ગંભીર માનવીય સંકટનો સમાનો કરી રહ્યું છે. આ મામલે અમેરિકાએ યુદ્ધવિરામ માટે હાકલ કરી નથી પરંતુ તેમણે લોકોને માનવીય સહાય મળે તે માટે યુદ્ધને રોકવાની વાત કરી હતી. ગાઝામાં ફસાયેલા હજારો વિદેશી નાગરિકો અને ઘણા ગંભીર રીતે ઘાયલ પેલેસ્ટિનિયનોને લગભગ ત્રણ અઠવાડિયાની ઘેરાબંધી બાદ ગાઝા છોડવાની મંજૂરી આપ વામાં આવી હતી. જો બાઈડેને એક ચૂંટણી પ્રચારની રેલીને સંબોધિત કરી હતી. આ દરમિયાન એક મહિલાએ બૂમ પાડીને કહ્યું કે, રાષ્ટ્રપતિ, જો તમે યહૂદી લોકોનું ધ્યાન રાખતા હો, તો હું ઈચ્છું છું કે તમે યુદ્ધવિરામનું આહ્વાન કરો. જેના જવાબમાં બાઈડેન કહ્યું કે, હું પ્રદર્શનકારીઓની લાગણીને સમજુ છું. જ્યારે તેમને માનવીય 'અલ્પ વિરામ' વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે, અહીં 'અલ્પ વિરામ'નો અર્થ છે 'બંધકોને બહાર કાઢવા માટે સમય આપવો. ૭ ઓક્ટોબરે હમાસે ઈઝરાયેલ પર જોરદાર આતંકી હુમલો થયો તેની જવાબી કાર્યવાહીમાં ગાઝા પટ્ટી પર સતત બોમ્બમારો થઈ રહ્યો છે.

# રાજસ્થાનમાં ઈડીના અધિકારી-સાથીની લાંચના કેસમાં એસીબી દ્વારા ધરપકડ

। જયપુર, તા.૨ ।

રાજસ્થાનમાં ગઈકાલે ઈડીએ કોંગ્રેસ અધ્યક્ષ ગોવિંદ સિંહ ડોટાસરાના ઘરે દરોડાની કાર્યવાહી કરી હતી. આ ઉપરાંત સીએમગહલોતના પુત્ર વૈભવને પણ ફેરાસંબંધિત કેસમાં પૂછપરછ માટે બોલાવાયા હતા. દરમિયાન રાજસ્થાન એસીબીએ ઈડીના એક અધિકારી અને તેના સહયોગીને ઝડપી પાડ્યો છે. તેના પર એક કેસની પતાવટ અને ધરપકડ ન કરવા માટે ૧૭ લાખ રૂપિયાની લાંચ માગવાનો આરોપ છે. અધિકારીએ તેના વચેટિયાના માધ્યમથી લાંચ માગી હોવાની માહિતી રાજસ્થાન એસીબીદ્વારા આપવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈડીઅધિકારી નવલ કિશોર મીણા પર એક વચેટિયા મારફત ૧૭ લાખ રૂપિયાની લાંચ માંગવાનો આરોપ મૂકવામાં આવ્યો છે, જે બાદ રાજસ્થાન સરકારની તપાસ એજન્સી એસીબીએ કેન્દ્રીય તપાસ એજન્સી ઈડીના અધિકારીની ધરપકડ કરી લીધી હતી.આ મામલે એસીબીએ જણાવ્યું કે, એન્ફોર્સમેન્ટ ઓફિસર નવલ કિશોર મીણા અને તેના સહયોગી બાબુલાલ મીણાની ખેરથલ તિજારા જિલ્લાના મુંડાવરમાં ફરિયાદી પાસેથી રૂ. ૧૫ લાખની લાંચ લેતી વખતે ધરપકડ કરવામાં આવી હતી.

# આઈફોન હેકિંગના સંદર્ભે કેન્દ્રની એપલ કંપનીને નોટિસ

। નવી દિલ્હી, તા.૨ ।

વિપક્ષના સાંસદો દ્વારા તેમના આઈફોન હેક કરવાના પ્રયાસ થયાનો આરોપ મૂક્યા બાદ કેન્દ્ર સરકાર તરફથી એપલ કંપનીને નોટિસ ફટકારાઈ હતી. કેન્દ્ર સરકારે કહ્યું હતું કે ઈન્ડિયન કમ્પ્યૂટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ (સીઈઆરટી-ઈન) હવે આ મામલે તપાસ શરૂ કરી રહી છે. સીઈઆરટી-ઈનભારતમાં હેકિંગ અને ફિશિંગ જેવા સાયબર સુરક્ષાના ખતરાની જવાબદારી સંભાળતી કેન્દ્રીય સંસ્થાન છે અને તેણે આ મામલાને ગંભીરતાથી લીધો છે. આ મામલે સીઈઆરટી-ઈનદ્વારા એક વિશેષ ટીમ બનાવાઈ છે જે આ મામલે તપાસ કરશે. અહેવાલ અનુસાર સીઈઆરટી-ઈનએ ૨૭ ઓક્ટોબરે કંપનીના યૂઝર્સને આઈફોન પ્લેટફોર્મની અનેક નબળાઈઓ વિશે પણ ચેતવણી આપી હતી. સીઈઆરટી-ઈનએ કહ્યું હતું કે એપલના આઈક્યુએસ ૧૫.૮, ૧૬.૭.૨ અને ૧૭.૧ ઓપરેટિંગ સિસ્ટમના સોફ્ટવેરમાં અમુક ખામીઓને કારણે હેકર એક્સેસ કરી પર્સનલ ડિટેલ મેળવી શકે તેમ હતા. મેકબુક અને એપલ વોચના અમુક ઓએસ એડિશનમાં પણ નબળાઈઓ અંગે એલર્ટ મોકલાયું હતું. પૈસા લઈને સંસદમાં સવાલો પૂછવાના આરોપોનો સામનો કરી રહેલા તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રાએ તેમના આઈફોન (આઈફોન) ને હેક કરવાના પ્રયાસો થયાનો આરોપ મૂક્યો હતો જેના પછી અનેક સાંસદોએ આ પ્રકારના દાવા કર્યા હતા. તેમાં ખાસ નામ કોંગ્રેસ સાંસદ શશી થરુરનો હતો જેમની સામે મહુઆ મોઈત્રાની તસવીર પણ વાયરલ થઈ હતી.

વિશેષ

અહીંની ભૂમિમાં વાઈબ્રન્ટ ગીર સોમનાથનું આયોજન નાના-મોટા ઉદ્યોગોને વેગ આપતું સાબિત થશે

# ગીર સોમનાથ જિલ્લામાં રિન્યૂએબલ એનર્જી, ફિશ પ્રોસેસિંગ, મેંગો પલ્પ, કોલ્ડ સ્ટોરેજ જેવા ક્ષેત્રમાં ૧૫૧૯.૭૧ કરોડના MOU

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપ હેઠળ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાત સમગ્ર દેશનું ગ્રોથ એન્જિન બને અને વેપાર અને ઉદ્યોગક્ષેત્રે ગીર સોમનાથ જિલ્લો પણ પોતાનો સિંહફાળો નોંધાવી આગેકૂચ કરતા ગુજરાતના અર્થતંત્રમાં પોતાની ભાગીદારી વધારે એવા શુભહેતુસર આસોપાલવ લૉન્સ ખાતે 'વાઈબ્રન્ટ ગુજરાત, વાઈબ્રન્ટ ગીર સોમનાથ' ઈવેન્ટ યોજાઈ હતી. જેમાં રિન્યૂએબલ એનર્જી, ફિશ પ્રોસેસિંગ, મેંગો પલ્પ, ફિશ કોલ્ડ સ્ટોરેજ જેવા ક્ષેત્રમાં કુલ ૧૨ કંપનીઓએ ૧૫૧૯.૭૧ કરોડના MOU કર્યા હતાં.

સૌ પ્રથમ મિલેટ્સ બૂકેથી મહેમાનોનું સ્વાગત કરાયું હતું. ત્યારબાદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી રવિન્દ્ર ખતાલેએ વાઈબ્રન્ટ ગુજરાત, વાઈબ્રન્ટ ગીર સોમનાથ કાર્યક્રમથી ઉપસ્થિત તમામને માહિતગાર કર્યા હતાં. આ તકે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંજુલાબહેન મૂછારે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા જણાવ્યું હતું કે,' ગીર સોમનાથને પ્રાકૃતિક દ્રષ્ટિએ આશીર્વાદરૂપ ભૂમિ મળી છે. દરિયાકિનારો મળ્યો છે જ્યાં નારિયેળીનું ઉત્પાદન ખૂબ થાય છે અને નાનામોટા મળી આશરે ૧૨૦ જેટલા ફિશ એકમો પણ છે. જે



પ્રોસેસિંગ યુનિટથી સારી કમાણી કરી રહ્યા છે. અહીંની ફિશ પ્રોડક્ટ જાપાન, જર્મની, તાઈવાન વગેરે જગ્યાએ વિદેશમાં એક્સપોર્ટ થાય છે. અહીંની ભૂમિમાં વાઈબ્રન્ટ ગીર સોમનાથનું આયોજન નાના-મોટા ઉદ્યોગોને વેગ આપતું સાબિત થશે.' જ્યારે સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમાએ જણાવ્યું હતું કે, 'વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકાસની વાત કરવામાં આવે તો ગામડાઓમાં ૨૪ કલાક વીજળી મળવાથી નાના ઉદ્યોગકારોના જીવનમાં પણ પરિવર્તન આવ્યું છે. પહેલા નાનો ઉદ્યોગ સ્થાપવો હોય તો પણ ઘણી જ પળોજણ રહેતી હતી પરંતુ હવે શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં પણ સુવિધાઓ વધતા અને તત્કાલ કાર્યશૈલીથી ઉદ્યોગો સ્થાપવાનું પણ સરળ થયું છે. ઉદ્યોગ સાહસિકતાને આમંત્રણ આપી સરકારશ્રીના પ્રયાસ થકી ગીર સોમનાથ જિલ્લો વધુ પ્રગતિના શિખરો સર કરે તેવી તમામ ઉદ્યોગકારોને શુભકામનાઓ' 'વાઈબ્રન્ટ ગીર સોમનાથ' કાર્યક્રમમાં સોલારક્રાફ્ટ પાવર ઈન્ડિયા પ્રા.લી, મિનાઝ એક્સપોર્ટ્સ, રૂચિલ એગ્રો ફૂડ પ્રોડક્ટ્સ સહિતની કુલ ૧૨ જેટલી વિવિધ કંપનીઓ થકી રિન્યૂએબલ એનર્જી, ફિશ પ્રોસેસિંગ, મેંગો પલ્પ, કોલ્ડ સ્ટોરેજ જેવા ક્ષેત્રમાં ૧૫૧૯.૭૧ કરોડના MOU થયા હતા. આ કંપનીઓના રોકાણ થકી આશરે ૭૦૦થી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ અપેક્ષિત રોજગારીની તકો પણ ઊભી થશે.

આ ઉપરાંત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા માનવકલ્યાણ યોજનાના લાભાર્થીઓને કિટ વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ તકે તમામ મહાનુભાવોએ હાથશાળ, બાગાયત, ઉદ્યોગ, ખેતિવાડી, એસબીઆઈ સહિત ૨૫ જેટલા વિવિધ સ્ટોલની મુલાકાત લઈ વેપાર ઉદ્યોગને લગતી ગતિવિધિઓ તેમજ કૃષિ, ફિશરિઝ સહિત અન્ય ક્ષેત્રમાં રહેલી અપાર તકોને નજીકથી જાણી હતી અને ગીર સોમનાથની વૈવિધ્યતા ધરાવતી વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ્સનું નિરિક્ષણ કર્યુ હતું. આ કાર્યક્રમમાં પી.એમ.વિશ્વકર્મા યોજનાને અંતર્ગત માર્ગદર્શન, ડિહાઈડ્રેશન એન્ડ પ્રિઝર્વેશન એક્સપર્ટ સેમિનાર, પ્રશ્નોત્તરી અને માર્ગદર્શન, આંત્રપ્રિન્યોરશિપ અવેરનેસ સેમિનાર, લીડ બેંક મેનેજરશ્રી ભરતભાઈ વાણિયા દ્વારા MSME બેંક્રિંગ પ્રોડક્ટ, નાબાર્ડ મેનેજર શ્રી કિરણ રાઉત દ્વારા વિવિધ સ્કિમની સમજૂતી તેમજ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા બાયર-સેલર મીટ અને અમલિકૃત ઉદ્યોગ શાખાની વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. આ તકે, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર જનરલ મેનેજર શ્રી પી.બી.પટેલ, પ્રાંત અધિકારી શ્રી કે.વી. બાટી અગ્રણી શ્રી મહેન્દ્રભાઈ પીઠિયા, માનસિંહભાઈ પરમાર સહિત સી ફૂડ એક્સપોર્ટ એસોસિએશનના જગદિશભાઈ ફોફંડી, લખમભાઈ ભેંસલા, પિયૂષભાઈ ફોફંડી, હરદાસભાઈ સોલંકી, ઈસ્માઈલભાઈ, પ્રભુદાસ ગોહેલ સહિત ઔધોગિક એકમોના વિવિધ એશોશિયેશનના હોદેદારો તેમજ ઈન્ડિયન રેયોન, જીએચસીએલ સહિત કંપનીના પ્રતિનિધિઓ અને અમલીકરણ અધિકારીશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતાં.

### અમદાવાદમાંથી નશાનો કારોબાર થતો હોવાનું સામે આવ્યુ

# બાપુનગરમાંથી ૧૯.૪૧ લાખની કિંમતનું MD ડ્રગ્સ ઝડપાયુ



## ડ્રગ્સ સાથે સાદિક ઉર્ફે બાબુ અંસારી અને રૂકસાનાબાનું ઉર્ફે આઇશા અંસારીની ધરપકડ કરવામાં આવી છે

। અમદાવાદ, તા.૨ ।

ફરી એકવાર અમદાવાદમાંથી નશાનો કારોબાર થતો હોવાનું સામે આવ્યુ છે.બાપુનગરમાંથી એમડી ડ્રગ્સ સાથે બે લોકોની ધરપકડ કરવામાં આવી છે. ૧૯.૪૧ લાખની કિંમતનું ૧૯૪ ગ્રામ MD ડ્રગ્સ ઝડપાયું હોવાની માહિતી સામે આવી છે. ડ્રગ્સ સાથે સાદિક ઉર્ફે બાબુ અંસારી અને રૂકસાનાબાનું ઉર્ફે આઈશા અંસારીની ધરપકડ કરવામાં આવી છે. તો ડ્રગ્સ આપનાર મુંબઈનો વોન્ટેડ આરોપી હોવાનું સામે આવ્યુ છે. અમદાવાદ પોલીસ દ્વારા બેફામ રીતે વેચાતા ડ્રગ્સના કારોબારને અટકાવવા શહેરમાં સર્ચ કરવામાં આવી રહ્યુ છે. પોલીસ ડ્રગ્સ પેડલરોની ધરપકડ કરીને સમગ્ર નેટવર્કનો પર્દાફાશ કરી રહી છે. ત્યારે SOG ક્રાઈમને માહિતી મળી હતી કે બાપુનગર પાસેથી ડ્રગ્સ લઈને બે શખ્સો પસાર થવાના છે. આ માહિતીના આધારે SOGએ આ બંને લોકોને પકડી લીધા હતા અને તેમની પાસેથી ૧૯૪ ગ્રામ MD ડ્રગ્સ ઝડપી લીધુ છે. ડ્રગ્સ સાથે સાદિક ઉર્ફે બાબુ અંસારી અને રૂકસાનાબાનું ઉર્ફે આઈશા અંસારીની ધરપકડ કરવામાં આવી છે. આ બંને આરોપીની પુછપરછમાં સામે આવ્યુ છે કે તેમને ડ્રગ્સ આપનાર મુંબઈનો વોન્ટેડ આરોપી છે. મુંબઈથી જ તે લોકો ડ્રગ્સ લાવ્યા હતા અને અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારમાં તેઓ આ ડ્રગ્સનું વેચાણ કરવાના હતા.આ બંને આરોપી છેલ્લા એક વર્ષથી મુંબઈથી આ જ રીતે ડ્રગ્સનો જથ્થો લાવતા હતા અને અમદાવાદ શહેરમાં આ જ રીતે છુટક વેચાણ કરતા હતા.સમગ્ર મામલામાં પોલીસે હાલ તપાસ તેજ કરી છે. આ મામલામાં અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે અને બંને આરોપી અત્યાર સુધીમાં ક્યા ક્યા અને કેટલા લોકોને ડ્રગ્સ આપી ચુક્યા છે. આ સમગ્ર બાબતને લઈને પોલીસે હાલ તપાસ શરુ કરી છે.

**ન્યૂઝ બ્રિફ**

## રાજકોટમાં દિવાળીએ રાત્રિના ૮ થી ૧૦ વાગ્યા સુધી ફટાકડા ફોડી શકાશે

। રાજકોટ, તા.૨ ।

દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. આ દરમિયાન હવે રાજકોટથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. વાત જાણે એમ છે કે, રાજકોટમાં દિવાળીના તહેવારને લઈ પોલીસ કમિશ્નરનું જાહેરનામું સામે આવ્યું છે. રાજકોટ પોલીસ કમિશ્નરે દિવાળીમાં ફટાકડા ફોડવાના સમયને લઇ જાહેરનામું જાહેર કર્યુ છે. જે મુજબ હવે રાજકોટમાં દિવાળીએ રાત્રિના ૮ થી ૧૦ વાગ્યા સુધી ફટાકડા ફોડી શકાશે. રાજકોટમાં દિવાળીના તહેવારને લઈ પોલીસ કમિશ્નરનું જાહેરનામું સામે આવ્યું છે. આ જાહેરનામામાં સુપ્રીમકોર્ટના નિયમ અને ગ્રીન ફટાકડા ફોડવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. રાજકોટ પોલીસ કમિશ્નરના જાહેરનામા મુજબ દિવાળીએ રાત્રિના ૮ થી ૧૦ વાગ્યા સુધી ફટાકડા ફોડી શકાશે.

## ભરૂચ જિલ્લામાં ૨૪ કલાકમાં હાર્ટએટેકના ૫ બનાવો સામે આવ્યા

। ભરૂચ, તા.૨ ।

ગુજરાતમાં દિવસેને દિવસે હાર્ટએટેકની ઘટનાઓમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. આ તરફ હવે અંકલેશ્વરમાં ૧૦ વર્ષની બાળકીનું હાર્ટએટેકના કારણે મૃત્યુ થયાનું સામે આવ્યું છે. આ સાથે ભરૂચમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ તરફ રાજકોટમાં પણ એક વ્યક્તિનું હાર્ટએટેકથી મૃત્યુ થયું છે. ભરૂચ જિલ્લામાં ૨૪ કલાકમાં હાર્ટએટેકના ૫ બનાવો સામે આવ્યા છે. વિગતો મુજબ ભરૂચ જિલ્લામાં હાર્ટએટેકના બનાવમાં ૪ના મોત થયા છે. જ્યારે ભરૂચના ૫૫ વર્ષીય ઈસ્માઈલ મતાદાર સારવાર હેઠળ છે. અંકલેશ્વરમાં ૧૦ વર્ષીય બાળકી સહિત ૩ ના હાર્ટ એટેકથી મોત થયા છે. જેમાં અંકલેશ્વરની ૧૦ વર્ષીય દિયાંશી કાપલેટીયાનું મોત, અંકલેશ્વરના નિલેશ પટેલ નામના ૨૮ વર્ષીય યુવકનું મોત, અંકલેશ્વરના સંજુ લાલ નામના ૨૯ વર્ષીય યુવકનું મોત અને જંબુસરના ખાનપુર દેહમાં ૫૫ વર્ષીય યુવકનું મોત તો સુરેશભાઈ મિસ્ત્રી નામના વ્યક્તિનું હાર્ટએટેકથી મોત થયા છે.

## હિંમતનગર-વિજાપુર હાઈવે પર બસ ડ્રાઈવરને હાર્ટએટેક આવ્યો

। સાબરકાંઠા, તા.૨ ।

રાજ્યમાં દિવસેને દિવસે હાર્ટ એટેકના બનાવોમાં ચિંતાજનક વધારો થઇ રહ્યો છે. આ દરમિયાન હવે સાબરકાંઠા જિલ્લામાં એસટી બસના ડ્રાઈવરને ચાલુ બસે હાર્ટ એટેક આવ્યો હતો. જોકે બસ ચાલકે સમય સૂચકતા વાપરી બસને સાઈડ કરી દેતાં મુસાફરોનો આબાદ બચાવ થયો છે. આ તરફ હાર્ટ એટેક બાદ તાત્કાલિક એસટી બસના ચાલકને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જોકે હાલ બસ ચાલકની તબિયત સ્થિર છે. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર-વિજાપુર હાઈવે પર અકસ્માતની ઘટના સામે આવી છે. વિગતો મુજબ પાટણ-લુણાવાડા બસ પોતાના નિર્ધારિત સમયે ઉપડી હતી.

### ભાગલિયા ગામમાં એસટી બસ આવતી જ નથી

# મહીસાગર : એસટી બસ ન આવતી હોવાથી લોકો જોખમી મુસાફરી કરવા મજબૂર

## ભાગલિયા ગામના ડેપ્યુટી સરપંચ જાકીર પઠાણ સહિત અનેક લોકોએ એસટી તંત્રને બસ મૂકવા માટે રજૂઆત કરી છે, પરંતુ સમસ્યા ઠેરની ઠેર છે

। મહીસાગર, તા.૨ ।

ભાગલિયા ગામમાં એસટી બસ આવતી જ નથી. ગામમાં એસટી બસ આવતી થાય અને વિદ્યાર્થીઓ સહિત મુસાફરો સુરક્ષિત મુસાફરી કરી શકે તે માટે અનેક રજૂઆતો કરવામાં આવી છે. ભાગલિયા ગામના ડેપ્યુટી સરપંચ જાકીર પઠાણ સહિત અનેક લોકોએ એસટી તંત્રને બસ મૂકવા માટે રજૂઆત કરી છે, પરંતુ સમસ્યા ઠેરની ઠેર છે.મહીસાગરમાં એસટી બસ તંત્રની નિષ્કાળજીના કારણે શાળાના વિદ્યાર્થીઓ જોખમી મુસાફરી કરવા મજબૂર બન્યા છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો છે. એક



જીપમાં ક્ષમતા કરતા વધુ લોકોને ભરવામાં આવ્યા છે.ભાગલિયા ગામમાં એસટી બસ આવતી જ નથી. ગામમાં એસટી બસ આવતી થાય અને વિદ્યાર્થીઓ સહિત મુસાફરો સુરક્ષિત મુસાફરી કરી શકે તે માટે અનેક રજૂઆતો કરવામાં આવી છે. ભાગલિયા ગામના ડેપ્યુટી સરપંચ જાકીર પઠાણ સહિત અનેક લોકોએ એસટી તંત્રને બસ મૂકવા માટે રજૂઆત કરી છે, પરંતુ સમસ્યા ઠેરની ઠેર છે. શાળાએ જવા-આવવા માટે બસની સુવિધા ન હોવાના કારણે આ રીતે જોખમી સવારી રોજ કરવી પડે છે.તો બીજી તરફ એસટી નિગમે સમસ્યા દૂર કરવાની ખાતરી આપી છે. એસટી નિગમના ઈન્ચાર્જ સચિવે કહ્યું કે ઘટનાની તપાસ કરાવી ડેપો સાથે સંકલન કરીને સમસ્યા દૂર કરાશે. રાજ્યમાં જ્યાં-જ્યાં આવી ફરિયાદો ધ્યાનમાં આવી છે.

### નવા તલાટી અને જુનિયર ક્લાર્કને અપાશે નિમણૂક પત્રો

# ૧૦ નવેમ્બરે ગાંધીનગર ખાતે નિમણૂક પત્રો આપવામાં આવશે

## જિલ્લા ફાળવણી અને ડોક્યુમેન્ટ વેરિફિકેશન પૂર્ણ થયા બાદ આ પ્રક્રિયા હાથ ધરાશે

। ગાંધીનગર, તા.૨ ।

રાજ્યમાં અગાઉ લેવાયેલી તલાટી અને જુનિયર ક્લાર્કની પરીક્ષામાં પાસ થયેલા લાયકાત ધરાવતા ઉમેદવારો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. નવા તલાટી અને જુનિયર ક્લાર્કને ૧૦ નવેમ્બરે ગાંધીનગર ખાતે નિમણૂક પત્રો આપવામાં આવશે. અત્રે જણાવીએ કે, અંદાજે ૪,૫૦૦ જેટલા લોકોને આ નિમણૂક પત્રો એનાયત કરવામાં આવશે. જિલ્લા ફાળવણી અને ડોક્યુમેન્ટ વેરિફિકેશન પૂર્ણ થયા બાદ આ પ્રક્રિયા હાથ ધરાશે. પંચાયત સેવા બોર્ડ દ્વારા જિલ્લા ફાળવણી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આી છે. જેમાં ૧૨ ઓક્ટોમ્બર સુધી તલાટીની અને ૧૭ ઓક્ટોમ્બર સુધી જુનિયર ક્લાર્કના ઉમેદવારોને જિલ્લા ફાળવણી કરવામાં આવી છે. જે બાબતે પંચાયત સેવા પસંદગી મંડળના અધ્યક્ષ હસમુખ પટેલે અગાઉ વિગતો આપતા કહ્યું હતું કે, પંચાયત વિભાગ દ્વારા અમને લેટેસ્ટ માહિતી મળી એટલે અમે આ કામ તરત જ ચાલુ કર્યું છે. ઉમેદવારોને વધારે વિલબ ન કરવો પડે તેના માટે તુરંત પ્રક્રિયા હાથ ધરી છે. તેમણે ઉમેર્યું કે, તલાટીની જિલ્લા ફાળવણી કરાઈ પછી કોમન ઉમેદવારોની માહિતી મળશે, તેમજ ખાલી જગ્યાઓ ભરવાનો પ્રયત્ન કરવામાં આવશે.

### સરકાર અને સસ્તા અનાજના દુકાનદારોની દિવાળી સુધરી

# પુરવઠા મંત્રી કુંવરજી સાથેની બેઠક બાદ સસ્તા અનાજના દુકાનદારોની હડતાળ સમેટાઇ

## રેશનિંગ દુકાનધારકોની હડતાળ મામલે સરકાર તરફથી સ્પષ્ટતા કરવામા આવી છે કે, નવેમ્બર માસમાં દિવાળી તહેવારના કારણે દુકાનદારધારકોને હડતાળ ન કરવા અનુરોધ કર્યો



। અમદાવાદ, તા.૨ ।

છેલ્લા ઘણા દિવસથી સસ્તા અનાજની દુકાનનાં સંચાલકો તેઓની વિવિધ માંગણીઓને લઈ હડતાળ પર ઉતર્યા હતા. ત્યારે પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયા તેમજ સસ્તા અનાજનાં દુકાનદારો વચ્ચે યોજાયેલ બેઠક બાદ સસ્તા અનાજનાં દુકાનદારોની હડતાળ સમેટાઈ હતી. છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલી સસ્તા અનાજનાં દુકાનદારોની હડતાળને લઈ સરકાર પર દબાણ વધી રહ્યું છે.

આ તરફ રેશનિંગ દુકાનધારકોની હડતાળ મામલે સરકાર તરફથી સ્પષ્ટતા કરવામા આવી છે કે, નવેમ્બર માસમાં દિવાળી તહેવારના કારણે દુકાનદારધારકોને હડતાળ ન કરવા અનુરોધ કર્યો છે. મહત્વનું છે કે, રેશનિંગ દુકાનો હડતાળને પગલે ગત રોજ પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાની અધ્યક્ષતામાં બેઠક મળી હતી. જે બાદમાં પત્રકારોને સંબોધતા કુંવરજી બાવળિયાએ રેશનિંગ દુકાનધારકોને સ્પષ્ટ ચેતવણી આપી દીધી છે. પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાની અધ્યક્ષતા મળેલ બેઠક બાદ કુંવરજી બાવળિયાએ મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, સરકારે કાર્ડધારકોની સંખ્યામાં કોઈ વધારો નથી કર્યો. પ્રજાપરેશાન થાય તો વૈકલ્પિક વ્યવસ્થા તૈયાર છે. આ સાથે કહ્યું કે, સરકાર સાથે રેશનિંગ એસો બેઠક કરવા ઈચ્છે તો કરી શકે છે, વ્યાજબી માંગણી હોય તો ચર્ચા કરવા તૈયારી છીએ. બાવળિયાએ કહ્યું કે, આંતરિક વિવાદ ના કારણે વિવાદ થઈ રહ્યો છે. રેશનિંગ એસો. દ્વારા નાક દબાવવાનો પ્રયાસ ખોટો છે, વિતરણ ની વૈકલ્પિક વ્યવસ્થા વિચારી ને બેઠક પણ કરી છે. આ સાથે તેમણે કહ્યું કે, ખોટ રીતે દબાવવાના પ્રયાસ થશે તો હથીયાર ઉગામીશું.

## અમદાવાદ-જમ્મૂતાવી એક્સપ્રેસ અને અમદાવાદ-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ ટ્રેન બદલાયેલા માર્ગે ચાલશે

। અમદાવાદ, તા.૨ ।

ઉત્તર રેલવેના જાલંધર-જમ્મૂતાવી સેક્શનના પઠાણકોટ યાર્ડમાં ઈન્ટરલોકિંગ કામના કારણે અમદાવાદ-જમ્મૂતાવી એક્સપ્રેસ અને અમદાવાદ-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ ટ્રેનો અંશતઃ પરિવર્તિત માર્ગે ચાલશે અને પઠાણકોટ સ્ટેશન પર નહીં જાય. જેની જાણકારી આ મુજબ છે : ૧.૨થી ૬ નવેમ્બર ૨૦૨૩ સુધી અમદાવાદથી પ્રસ્થાન કરનારી ટ્રેન નંબર ૧૯૨૨૩ અમદાવાદ-જમ્મૂતાવી એક્સપ્રેસ ટ્રેન પરિવર્તિત માર્ગ વાયા પઠાણકોટ કેન્ટ-ભરોલી-જમ્મૂતાવીના માર્ગે જશે. આ ટ્રેન પઠાણકોટ સ્ટેશન પર નહીં રોકાય. ૨.૩થી ૭ નવેમ્બર ૨૦૨૩ સુધી જમ્મૂતાવીથી પ્રસ્થાન કરનારી ટ્રેન નંબર ૧૯૨૨૪ જમ્મૂતાવી-અમદાવાદ એક્સપ્રેસ ટ્રેન પરિવર્તિત માર્ગ ભરોલી-પઠાણકોટ કેન્ટ-જાલંધરના માર્ગે ચાલશે. આ ટ્રેન પઠાણકોટ સ્ટેશનથી નહીં જાય. ૩. ૫ નવેમ્બર ૨૦૨૩ના રોજ અમદાવાદથી પ્રસ્થાન કરનારી ટ્રેન નંબર ૧૯૪૧૫ અમદાવાદ-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ ટ્રેન પરિવર્તિત માર્ગ વાયા ભરોલી-પઠાણકોટ કેન્ટ-જમ્મૂતાવીના માર્ગે જશે. આ ટ્રેન પઠાણકોટ સ્ટેશને નહીં જાય. ૪.૭ નવેમ્બર, ૨૦૨૩ના રોજ શ્રી માતા વૈષ્ણોદેવી કટરાથી પ્રસ્થાન કરનારી ટ્રેન નંબર ૧૯૪૧૬ શ્રી માતા વૈષ્ણોદેવી કટરા-અમદાવાદ એક્સપ્રેસ ટ્રેન પરિવર્તિત માર્ગ વાયા ભરોલી-પઠાણકોટ કેન્ટ-અમૃતસરના માર્ગે ચાલશે. આ ટ્રેન પઠાણકોટ સ્ટેશને નહીં જાય. યાત્રીઓ ટ્રેનના પરિચાલનનો સમય, રોકાણ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે અહીં આપેલી વેબસાઈટ પર તપાસ કરી શકે છે : www.enquiry.indianrail.gov.in

### બજારમાં તમામ પ્રકારનો ભેળસેળવાળો સામાન આડેધડ વેચાય છે

# દિવાળી આવતા બજારમાં વેચાઈ રહી છે નકલી બદામ

## દિવાળીનો તહેવાર આવી રહી છે આ દરમિયાન બજારમાં અનેક પ્રકારની નકલી વસ્તુઓ જોવા મળી રહી છે

। અમદાવાદ, તા.૨ ।

આજકાલ બજારમાં તમામ પ્રકારનો ભેળસેળવાળો સામાન આડેધડ વેચાય છે. વધુ નફો મેળવવા માટે લોકો આવી ભેળસેળ અને બ્લેક માર્કેટિંગ કરે છે. ઉલ્લેખનીય છે કે, ભેળસેળયુક્ત ખોરાક ખાવાથી તમારા સ્વાસ્થ્યને ગંભીર નુકસાન થઈ શકે છે. જેના કારણે અનેક ગંભીર બીમારીઓનો ખતરો રહે છે. એટલું જ નહીં, ડાયાબિટીસ, કેન્સર અને પેટ સંબંધિત જીવલેણ રોગો પણ મોટાભાગે ભેળસેળયુક્ત વસ્તુઓના સેવનથી થાય છે. હાલ તહેવારોની સિઝન ચાલી રહી છે અને આ દરમિયાન ડ્રાયફ્રૂટ્સ અને બદામમાં ઘણી ભેળસેળ કરવામાં આવે છે. ઘણી વખત તંત્ર દ્વારા પણ બજારમાં નકલી બદામ, કાજુ વગેરેનો મોટા પ્રમાણમાં જથ્થો પકડે છે. આ વસ્તુઓમાં એવી રીતે ભેળસેળ કરવામાં આવે છે કે, તેને સરળતાથી ઓળખવી મુશ્કેલ બને છે. બજારમાંથી બદામ ખરીદતી વખતે, સામાન્ય લોકો એ તફાવત કરી શકતા નથી કે, તેઓ જે વસ્તુ ખરીદે છે અને ઘરે લઈ જાય છે, તે અસલી છે કે નકલી! આ વસ્તુઓમાં ભેળસેળ એ રીતે કરવામાં આવે છે કે, તે બિલકુલ અસલ જેવી જ દેખાય છે, પરંતુ કેટલીક ટિપ્સ અપનાવીને તમે અસલી અને નકલી બદામ વચ્ચેનો તફાવત કરી શકો છો.



ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા પણ અસલી અને નકલી ખાદ્ય ઉત્પાદનોને ઓળખવા માટે સમયાંતરે કેટલીક ટીપ્સ આપતા હોય છે. અસલી અને નકલી બદામને ઓળખવા માટે તેને તમારી હથેળી પર ઘસો. જો બદામને ઘસવામાં આવે ત્યારે તેનો રંગ ઉતરી જતો હોય તો સમજવું કે તે નકલી અને ભેળસેળયુક્ત છે. બદામ બનાવવા માટે, ઉપરથી પાવડર છંટકાવ કરીને રંગ વધારવામાં આવે છે. તમે તેને બદામના રંગથી પણ ઓળખી શકો છો. વાસ્તવિક બદામનો રંગ આછો ભૂરો હોય છે, જ્યારે નકલી બદામનો રંગ ઘાટો દેખાય છે. અસલી અને નકલી બદામને ઓળખવા માટે તેને કાગળ પર થોડીવાર દબાવી રાખો. જો આમ કરવાથી, કાગળ પર તેલના નિશાન દેખાય છે, તો બદામ અસલી છે. આ સિવાય અસલી અને નકલી બદામને તેના પેકિંગ પરથી પણ ઓળખી શકાય છે.

# સ્કૂલમાં અસામાજિક તત્વોએ લગાડી આગ

। અમદાવાદ, તા.૨ ।

અમદાવાદના કાંકરિયામાં છસ્ત્રની સ્કૂલ પર અસામાજિક તત્વોનો આતંક જોવા મળ્યો છે. સ્કૂલમાં અસામાજિક તત્વોએ આગ લગાડી હોવાનો આરોપ છે. અસામાજિક તત્વોનાં આતંકને લઈ મુખ્ય શિક્ષકે પોલીસ વિભાગને અરજી કરી છે. આ અરજીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, અસામાજિક તત્વો શાળામાં ઘૂસીને ગંદકી સહિત અસામાજિ પ્રવૃતિઓ કરે છે. સાથે જ શાળાને નુકસાન કરતા હોવાથી યોગ્ય કાર્યવાહી કરવા પોલીસને રજૂઆત કરી છે. એટલું જ નહીં સિક્યુરીટી ગાર્ડને પણ હેરાન કરવાનો અરજીમાં ઉલ્લેખ કરાયો છે. જો કે વર્ષ ૨૦૨૧માં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોવાના કારણે શાળા બંધ થઈ હતી અને હાલ શાળામાં શૈક્ષણિક કાર્ય ચાલુ નથી. હાલમાં આ શાળા બંધ હાલતમાં છે. સાથે જ વર્ષ ૨૦૨૧માં વિદ્યાર્થીઓને શાળા નંબર એકમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. અમદાવાદમાં વધુ એક મર્ડરની ઘટના ઘટી છે, રિવરફ્રન્ટ પર યુવાનની ગોળી મારીને હત્યા કરાયા બાદ આજે સવારે વધુ એક યુવાનને ચપ્પૂના ઘા મારીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો છે.

આ ઘટના શહેરના શાહપુર વિસ્તારમાં બની છે, હાલમાં પોલીસે ગુનો નોંધી ફરાર આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. મળતી માહિતી પ્રમાણે, આજે સવારે અમદાવાદમાં બીજી મર્ડરની ઘટનાએ પોલીસ તંત્ર પર સવાલો ઉભા કરી દીધા છે. અમદાવાદનાં શાહપુર પોલીસ સ્ટેશનની હદમાં સવારે હત્યાનો બનાવ બન્યો હતો. આજે સવારના ૦૯:૩૦ ની આસપાસનો અંગત અદાવતના કારણે એક હત્યાની ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. મિર્ઝાપુર કુરેશ હૉલ પાસે એક યુવાન પર ઉપરાંછાપરી ચપ્પૂના જેવી તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકવામાં આવ્યા હતા, આ પછી તેનું મોત થઈ ગયુ હતુ. ઘટનામાં હત્યારા અને મૃતક વચ્ચે ધંધાકીય બાબતને લઈને ઝઘડો ચાલી રહ્યો હતો, અને આ અંગત અદાવતના કારણે આજે સવારે હત્યારા આરોપીએ ૨૫ વર્ષીય મોહમદ બિલાલ પર ઉપરાછાપરી ચપ્પૂના ઘા મારી દીધા, આ પછી મોહમદ બિલાલ મૃત્યુ પામ્યો હતો.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨